- **પુસ્તક નામ :** પ્રાર્થનોપનિષદ્
- **મૂળ કૃતિ :** (૧) પૂર્વાચાર્ય શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી કૃત શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ - અપહ્નુતિ દ્વાત્રિંશિકા. (૨) અજ્ઞાતકર્તૃક શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ - અર્થાન્તરન્યાસ દ્વાત્રિંશિકા. (૩) નવનિર્મિત સ્તુતિવિંશિકા (૪) શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ માહાત્મ્ય-સાનુવાદ
- **મૂળસંશોધન + વિંશિકા નવસર્જન + ત્રણ કૃતિ પર અન્વય, તાત્પર્યવૃત્તિ, અનુવાદનું નવસર્જન+સંપાદન :** પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્ય પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય **કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજ.**
- **વિષય :** પ્રભુભક્તિ
- **વિશેષતા :** અલંકારિક સ્તુતિઓ દ્વારા પ્રભુભક્તિના ભાવોલ્લાસ જગાડવા માટે આ સુંદર આલંબન છે. કલ્પનાસૃષ્ટિનું મનોહર સૌન્દર્ય એક એક સ્તુતિમાં ખીલી ઉઠ્યું છે.
- વિ.સં. ૨૦૬૭ ● પ્રતિ : ૫૦૦ ● આવૃત્તિ : પ્રથમ ● મૂલ્ય : રૂા. ૨૦૦-૦૦

આ પુસ્તક જ્ઞાનદ્રવ્યથી પ્રકાશિત થયું છે. માટે ગૃહસ્થે મૂલ્ય ચૂકવીને માલિકી કરવી.

- **પ્રકાશક :** શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

E-mail : jinshasan108@gmail.com



© શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ. આ પુસ્તકના કોઈપણ અંશનો ઉપયોગ કરતા પૂર્વે લેખક તથા પ્રકાશકની લેખિત મંજૂરી મેળવવી જરૂરી છે.

Copyright held by Shree Jinshasan Aradhana Trust under Indian Copyright Act, 1957. http://copyright.gov.in/documents/copyright rules 1957, pdf.

Note : Unauthorised usage, whether uploading on any website or printing in a book or forwarding to others on the internet or putting up on a blog is prohibited. Reproduction of this text by any means whether in part or in full, cannot be made unless express written consent obtained from shree Jinshasan Aradhana Trust. Any violation of this shall be deemed a violation of the intellectual rights of the publisher & of the copyright act, 1957.



**કંપોઝ-પ્રિન્ટીંગ-બાઈન્ડીંગ : ભરત ગ્રાફિક્સ,**

ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.

Ph. : 079-22134176, M : 9925020106, E-mail : bharatgraphics1@gmail.com


**णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स**

**શ્રીપ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષસૂરિસદ્ગુરુભ્યો નમઃ**

**શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દીએ નવલું નજરાણું-૫૨**

**श्रीपार्श्वनाथप्राचीनालङ्कारिकस्तुतिद्वात्रिंशिकाद्वय-**
**तात्पर्यवृत्तिरूपा नवनिर्मितस्तुतिविंशिकातात्पर्यवृत्तिसहिता**
**अन्वय-भावानुवादविभूषिता**
**श्रीअन्तरिक्षपार्श्वनाथमाहात्म्यानुवादविभूषिता**

# प्रार्थनोपनिषद्

मूलसंशोधनम्+नूतनतात्पर्यवृत्तिसर्जनम्+भावानुवादः+सम्पादनम्

प.पू. वैराग्यदेशनादक्षाचार्यदेवश्रीमद्विजय**हेमचन्द्रसूरीश्वर**शिष्या
आचार्यदेवश्रीमद्विजय**कल्याणबोधिसूरीश्वराः**

प्रकाशक :

**श्री जिनशासन आराधना ट्रस्ट**

# ...મને ત્યાં સ્થાન આપી દે

પરમાત્મા સાથે મુક્ત વાર્તાલાપ કહો, ભક્તિની સંવેદના કહો કે કલ્પનાસૃષ્ટિમાં સંચરણ કહો, પ્રાર્થનાના માધ્યમે પરમાત્મા તરફની આપણી યાત્રાના બે પગલા એટલે જ પ્રસ્તુત કૃતિ પ્રાર્થનોપનિષદ્.

પ્રસ્તુત પ્રાર્થનામાં એક કૃતિ છે અપહ્નુતિ દ્વાત્રિંશિકા. જેમાં પ્રત્યેક શ્લોકમાં અપહ્નવ અલંકાર દ્વારા પરમાત્માની સ્તુતિ કરી છે. 'મુખ ચંદ્ર જેવું છે', આ ઉપમા અલંકાર છે, જ્યારે 'આ મુખ નથી, પણ ચંદ્ર જ છે' એમ વાસ્તવિકતાનો અપહ્નવ કરીને (સંતાડીને), આ ઉપમેય નહીં ઉપમાન જ છે, એમ અત્યંત સાદશ્ય બતાવાય, એ અપહ્નવ અલંકાર કહેવાય.

બીજી કૃતિ છે અર્થાન્તરન્યાસ દ્વાત્રિંશિકા. જ્યાં સામાન્ય-વિશેષ- ભાવ કે કાર્ય-કારણભાવથી પ્રસ્તુત વાતનું સમર્થન થાય, એ અર્થાન્તરન્યાસ અલંકાર કહેવાય. જેમકે - 'સૂરજ સમગ્ર વિશ્વને અજવાળે છે, જે મહાન છે, તેના માટે કોઈ પોતાનું કે પરાયું નથી હોતું.'

ત્રીજી કૃતિ છે નવનિર્મિત વિંશિકા. જેમાં અનેક અલંકારોનો સમાવેશ થયો છે.

સામાન્ય સ્તુતિ કરતાં અલંકારિક સ્તુતિઓમાં કોઈક ઓર જ ધબકાર હોય છે. પ્રભુભક્તિના માધ્યમે ભક્તવર્ગ પરમાત્મપદની પ્રાપ્તિ કરે છે તે ભાવનાથી પ્રસ્તુત સંપાદન તથા સર્જન કરેલ છે. પરમકૃપાળુ પરમાત્મા તથા પરમોપકારી ગુરુદેવ **શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ની કૃપાથી આ પ્રબંધ સંપન્ન થયો છે. આ ગ્રંથના મૂલાધાર છે મુનિ **શ્રી જિનપ્રેમવિજયજી મ.સા.** અને અનન્ય સહયોગી છે મુનિ **શ્રી કૃપારત્નવિજયજી મ.સા.**, મુનિ **શ્રી ભાવપ્રેમવિજયજી મ.સા.**, મુનિ **શ્રી રાજપ્રેમવિજયજી મ.સા.** તથા ભરત ગ્રાફિક્સના પ્રયત્નોથી ટાઈપસેટિંગ-મુદ્રણકાર્ય આદિ કાર્ય કુશળતાપૂર્વક પાર પડ્યું છે. જિનાજ્ઞા વિરુદ્ધ આલેખન થયું હોય તો મિચ્છામિ દુક્કડમ્. ક્ષતિનિર્દેશ કરવા બહુશ્રુતોને નમ્ર પ્રાર્થના.

**જેઠ સુદ-૭**
**વિ.સં. ૨૦૬૬,**
**કૈલાસનગર,**
**સુરત**

**- પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ**
**શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી**
**મહારાજાનો ચરણસેવક આચાર્ય**
**વિજયકલ્યાણબોધિસૂરિ**

# સુકૃત સહયોગી

# શ્રી મંડાર જૈન સંઘ
# દિલ્હી

**પ્રેરક :**
**રાષ્ટ્રહિતચિંતક પૂ. આચાર્યદેવ**
**શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.**

**જ્ઞાનનિધિના સદ્વિનિયોગ બદલ**
**શ્રીસંઘ તથા ટ્રસ્ટીઓની**
**ભૂરિ ભૂરિ અનુમોદના**


**પ્રાપ્તિસ્થાન : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

**મુંબઈ :** શ્રી ચંદ્રકુમારભાઈ બી. જરીવાલા,
દુ.નં. ૬, બદ્રીકેશ્વર સોસાયટી,
મરીન ડ્રાઈવ 'ઈ' રોડ,
નેતાજી સુભાષ માર્ગ, મુંબઈ.
ફોન : ૨૨૮૧૮૩૯૦

**પાટણ :** શ્રી ચંદ્રકાંતભાઈ એસ. સંઘવી
૬-બી, અશોકા કોમ્પલેક્ષ,
જનતા હોસ્પિટલ પાસે, પાટણ,
ઉ.ગુ. ફોન : ૯૯૦૯૪ ૬૮૫૭૨

શ્રી અક્ષયભાઈ જે. શાહ
૫૦૬, પદ્મએપાર્ટમેન્ટ,
જૈન દેરાસરની સામે, સર્વોદયનગર
મુલુંડ (વે.) મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૭૪૭૮૦

**અમદાવાદ :** શ્રી બાબુભાઈ સરેમલજી બેડાવાળા
સિદ્ધાચલ બંગલોઝ, સેન્ટ એન. સ્કુલ પાસે,
હીરા જૈન સોસાયટી, સાબરમતી,
અમદાવાદ-૫.
ફોન : ૨૭૫૦૫૭૨૦, ૨૨૧૩૨૫૪૩
મો. ૯૪૨૬૫૮૫૯૦૪

# प्रार्थनोपनिषद् प्रसादी

- त्वन्नमस्कार एव सुकृतसर्वस्वस्वीकार इति भावः । (१-२६)
- भगवदाज्ञावज्ञाकलङ्काङ्कितकृतस्तुतेर्द्रव्यस्तुतित्वेन वास्तवफलदानेऽसमर्थत्वात् । (२-१)
- तावकभूमिकातिथिरितीत्वरकालीनपरमात्मसमापत्तिशाली, स्तुतिकाले तदुपयुक्तस्य तदनतिरिक्तत्वात् । (२-१)
- पापोदयस्य तद्बन्धनिबन्धनत्वेन शापाद्यनपेक्षत्वात् । (२-७)
- एकजीवाश्रयकारुण्यस्याप्यभावे विश्वविश्वविषयकारुण्यहेतुकतीर्थकृत्त्वायोगात्त्वत्तत्त्वे ममापि भागः, अतस्त्वत्प्रत्युपकार्यएवाहमिति व्यङ्ग्योक्तिः (३-४) ।

# प्रार्थना झलक

- निरायतात्मा न तवोपरि स्फुर-
  त्ययं भुजङ्गाधिपतिर्गुणाधिक ! ।
  अपि त्वसौ रज्जुरजीर्णरागया,
  स्वधाम नेतुं मुमुचे शिवश्रिया ॥१-७॥
- कारणेन किल योपकारिता, सा हि नूनमथवा स्वविक्रयः ॥ (२-२२)
- येन गौरववतामुपासनं, कामधुक्-सुरभितो न भिद्यते॥ (२-२५)
- विश्वदुर्गतिहृतः श्रियः सताम् । (२-३०)
- त्वद्भागभाजं जिन ! रक्ष रक्ष माम् ॥ (३-४)
- वियोगदुःखं त्वधुनैव यच्छ मे (३-९)
- कारुण्यपुण्योऽसि च सर्वदर्शनः
  भवभ्रमं मे तु कथं नु वीक्ष्यसि ? (३-१८)

अथ श्री रामचन्द्रसूरिविरचिता

# अपह्नुतिद्वात्रिंशिका

**भवद्गुणानां स्तुतये जगद्गुरो !,**
**कृतादरः सोऽयमपह्नुतौ जनः ।**
**अशस्तमप्याश्रितकर्म मन्यते,**
**यतः प्रसन्नः शुभमेव सुप्रभुः ॥१-१॥**

हे जगद्गुरो ! सोऽयं जनो भवद्गुणानां स्तुतयेऽपह्नुतौ कृतादरः । यतः प्रसन्नः सुप्रभुरशस्तमप्याश्रितकर्म शुभमेव मन्यते ।

अतो वक्रोऽपि मत्स्तुत्यध्वा त्वयि प्रगुणतामुपयास्यतीत्याशास्ते स्तुतिकारः ।

---

હે જગદ્ગુરુ ! આ જન આપના ગુણોની સ્તુતિ માટે અપહ્નુતિ અલંકારને અપનાવે છે. (અપહ્નુતિ એટલે સંતાડવું-છૂપાડવું). કારણ કે પ્રસન્ન એવા સારા સ્વામી સેવકનું કાર્ય અપ્રશસ્ત હોય તો ય એને સારું જ ગણે છે.

માટે વક્ર એવો પણ મારો સ્તુતિનો રસ્તો આપના વિષે સરળ થઈ જશે. એમ સ્તુતિકાર આશા કરે છે. ॥૧॥

**सितं न ते सद्म हिरणमयाचले,**
**चकास्त्यदः पन्नगसेव्य ! किन्त्वसौ ।**
**फणीश्वरः क्ष्माभरभङ्गुरस्थिति-**
**स्तवाश्रितेवोपिकया रसातलात् ॥१-२॥**

पन्नगसेव्य ! हिरण्मयाचलेऽदः ते सितं सद्म न चकास्ति, किन्त्वसौ रसातलात् वोपिकया तवाश्रिते (?) क्ष्माभरभङ्गुरस्थितिः फणीश्वरः ।

काञ्चनाचलो नागेन्द्रसङ्काशः, तत्फणोपरितनभागे स्थितो मणिस्तु त्वदालयस्थानीय इत्यभिप्रायः ।

---

હે ધરણેન્દ્રના ઉપાસ્ય ! સુવર્ણગિરિ પર આ આપનું ધવલ મંદિર નથી શોભતું. આ તો શેષનાગ પૃથ્વીના ભારથી વિહ્વળ થઈને પાતાળમાંથી આપને આશરે આવી ચડ્યો છે.

સુવર્ણગિરિ શેષનાગ જેવો છે અને તેની ફણાના ઉપરના ભાગે રહેલો મણિ આપના મંદિર જેવો છે, એવો અભિપ્રાય છે. ॥૨॥

**जिनेश ! नेदं सदनं तवेन्दव-**
**प्रभावभासि प्रतिभाति किं पुनः ।**
**वृषाह्वसिंहस्य विपद्द्विपावली-**
**विपाटनस्फाटिकपञ्जरं परम् ॥१-३॥**

जिनेश ! इदं तवेन्दवप्रभावभासि सदनं न प्रतिभाति । किं पुनः (तर्हि प्रतिभाति) ? वृषाह्वसिंहस्य विपद्द्विपावली-विपाटनस्फाटिकपञ्जरं परम् (प्रतिभाति) ।

अत एव तव सदनेऽपि विलोकिते पलायन्ते धर्मिणां धर्मविघ्ना इति हृदयम् ।

---

"હે જિનેશ્વર ! ચંદ્રના કિરણોની જેવી કાંતિવાળું એવું આ તારું જિનાલય નથી લાગતું." જાણે ભગવાને પૂછ્યું હોય, કે 'તો પછી શું લાગે છે ?' તેમ ભક્ત જવાબ આપે છે - એવું લાગે છે કે આ ધર્મરૂપી સિંહને રહેવાનું સ્ફટિકનું બનેલું પાંજરું છે કે જેમાં વિપત્તિઓ-રૂપી હાથીઓની શ્રેણિઓને ભેદી નાખવામાં આવે છે.

માટે જ તારા જિનાલયને જોવા માત્રથી પણ ધર્મીઓના ધર્મવિઘ્નો પલાયન કરી જાય છે, એવો અહીં આશય છે. ॥૩॥

**इदं न ते नीलतनुच्छविच्छटा-**
**कदम्बकं किन्तु फणीन्द्रकेतन !**
**त्वया त्रिलोकीविपदां विपत्कृते,**
**तरङ्गितं कालभुजङ्गमण्डलम् ॥१-४॥**

फणीन्द्रकेतन ! इदं ते नीलतनुच्छविच्छटाकदम्बकं न, किन्तु त्रिलोकीविपदां विपत्कृते त्वया तरङ्गितं कालभुजङ्ग-मण्डलम् (अस्ति) ।

अत एव त्वं त्रिभुवनविपदामन्तकृदिति तात्पर्यम् ।

---

હે સર્પના લાંછનવાળા શ્રી પાર્શ્વપ્રભુ ! આ આપના નીલવર્ણા શરીરની કાંતિની છટાનો સમૂહ નથી, પણ ત્રણે જગતની આપત્તિઓને આપત્તિ આપવા માટે તમે તરંગોવાળું કરેલ કાળસર્પનું વલય છે. કાળસર્પ પણ નીલવર્ણો હોય છે. આપની કાંતિ પણ નીલવર્ણી છે. આપે જાણે કાંતિ નહીં પણ કાળસર્પો છોડ્યા છે, જેઓ ત્રણે જગતની આપત્તિઓ પર આપત્તિ બની ગયા છે.

માટે જ આપ ત્રણે ભુવનની આપત્તિઓના અંતકર્તા છો, એવું અહીં તાત્પર્ય છે. ॥૪॥

**अदः समुन्मीलितनीलमङ्गतः,**
**प्रभोर्मिजालं त्रिजगत्पते ! न ते ।**
**अपि त्वसौ स्फूर्त्तिमियर्ति चापल-**
**च्छिदेश्रियामायसशृङ्खलावलिः ॥१-५॥**

त्रिजगत्पते ! अदः तेऽङ्गतः समुन्मीलितनीलं प्रभोर्मिजालं न, अपि त्वसावायसशृङ्खलावलिः श्रियां चापलच्छिदे स्फूर्त्तिमियर्ति ।

अत एव तव भक्तानां लक्ष्मीः प्रतिष्ठां लभते, न कदापि तत्सङ्गं त्यजतीति भावः ।

---

હે ત્રણ જગતના નાથ ! આ આપના શરીરનો નીલવર્ણી પ્રભાના મોજાઓનો સમૂહ નથી, પણ આ તો લોખંડી સાંકળોની શ્રેણિઓ છે કે જે લક્ષ્મીઓની ચંચળતાનો ઉચ્છેદ કરવા માટે સ્ફૂર્તિમાન બની છે. લક્ષ્મી ચંચળ છે. એક સ્થાને લાંબો સમય રહેતી નથી. પણ આપની કાંતિ જાણે સાંકળ હોય તેમ લક્ષ્મીને બાંધી રાખે છે.

માટે જ આપના ભક્તોની લક્ષ્મી પ્રતિષ્ઠા પામે છે. કદી પણ તે આપના ભક્તોનો સંગ છોડતી નથી, એવો આશય છે. ॥૫॥

**सरोजसौन्दर्यजुषोस्तवोन्मिष-**
**त्यसौ मुनीश ! क्र मयोर्न शोणिमा ।**
**प्रसह्य रागः स बहिष्कृतो हृद-**
**स्त्वदङ्घ्रिसेवामपि तु प्रपन्नवान् ॥१-६॥**

मुनीश ! सरोजसौन्दर्यजुषोस्तव क्रमयोरसौ शोणिमा नोन्मिषति, अपि तु हृदः प्रसह्य बहिष्कृतो रागस्त्वदङ्घ्रिसेवां प्रपन्नवान् ।

अत एव तव हृदयं नीरागम्, सरागं तु चरणयुगलं दृश्यत इति ।

---

હે મુનીશ્વર ! કમળ જેવા સૌન્દર્યવાળા આ આપના બે ચરણોની લાલાશ નથી. પણ આપે આપના હૃદયમાંથી રાગને પરાણે બહાર કાઢી મુક્યો, તે આપના ચરણનો સેવક બની ગયો છે. (રાગનો એક અર્થ છે આસક્તિ અને બીજો અર્થ છે લાલાશ. આ રીતે અહીં અપહ્નુતિ સાથે શ્લેષનો પણ પ્રયોગ કર્યો છે.)

માટે જ આપનું હૃદય નીરાગી છે, જ્યારે બે ચરણો તો સરાગ (રક્તવર્ણા) દેખાય છે. ॥૬॥

**निरायतात्मा न तवोपरि स्फुर-**
**त्ययं भुजङ्गाधिपतिर्गुणाधिक !**
**अपि त्वसौ रज्जुरजीर्णरागया,**
**स्वधाम नेतुं मुमुचे शिवश्रिया ॥१-७॥**

गुणाधिक ! अयं तवोपरि निरायतात्मा भुजङ्गाधिपतिर्न स्फुरति, अपि त्वजीर्णरागया शिवश्रिया स्वधाम नेतुमसौ रज्जुर्मुमुचे ।

अत एव तदवाप्तौ सत्यां स्वल्पकालेनैव त्वं शिवश्रिया युयुजे, मुक्तिमवाप्तवानिति भावः ।

---

હે ગુણશ્રેષ્ઠ ! આ આપના પર ખૂબ લાંબા નાગેન્દ્ર સ્ફુરાયમાન નથી, પણ આ તો આપના પર દૃઢ અનુરાગવાળી શિવલક્ષ્મીએ પોતાના ઘરે તમને લઈ જવા માટે દોરડું મુક્યું છે. (સ્ત્રી પોતાના પ્રિયતમ સાથે મેળાપ થાય, તે માટે ઝરુખામાંથી તેના માટે દોરડું નીચે નાખે છે.)

માટે જ તો એ દોરડું મળતાં થોડાં જ સમયમાં આપનો શિવલક્ષ્મી સાથે મેળાપ થયો. આપ મુક્તિ પામ્યા, એવો અહીં ભાવ છે. ॥૭॥

**क्षमाभृतां धुर्य ! तवेदमुद्ययौ,**
**तदा न शोणाहिफणामणीमहः ।**
**अभूदयं किन्त्वरुणोदयः पुरा,**
**स्फुरिष्यतो ब्रह्ममयांशुमालिनः ॥१-८॥**

क्षमाभृतां धुर्य ! तदा तवेदं शोणाहिफणामणीमहो नोद्ययौ, किन्तु स्फुरिष्यतो ब्रह्ममयांशुमालिनः पुराऽयमरुणोदयोऽभूत् ।

केवलज्ञानलक्षणस्यादित्यस्योदयात् पूर्वमरूणोदयो भवितुमर्हति, स च त्वन्मस्तकोपरि स्थितया सर्पस्फटारत्न-कान्त्यैव सङ्गतिमङ्गतीत्याकूतम् ।

---

હે ક્ષમાધારકોમાં અગ્રેસર ! ત્યારે આપના સાધના કાળે આપની ઉપર સર્પની ફણાની ઉપર રહેલા મણિનું આ લાલાશવાળું તેજ નથી. આ તો ઉદય પામનારા બ્રહ્મમય સૂરજની પહેલા થનારો અરુણોદય છે.

જેમ સૂર્યોદય પૂર્વે અરુણોદય થાય, તેમ કેવળજ્ઞાનરૂપી સૂર્યોદય પહેલા ય અરુણોદય થવો જોઈએ. આપના મસ્તક ઉપર રહેલી સાપની ફણાના મણિની કાંતિથી જ એ અરુણોદય સંગત થાય છે, એવો અહીં આશય છે. ॥૮॥

**तवायमाभाति भुजङ्गपुङ्गवः,**
**प्रशान्तमूर्द्धन्य ! न मूर्ध्नि किन्त्वियम् ।**
**तपोऽधिकं त्वां भुवनाभयाचलं,**
**विचिन्त्य भेजे कमठाज्जटावली ॥१-९॥**

प्रशान्तमूर्धन्य ! तव मूर्ध्न्ययं भुजङ्गपुङ्गवो नाऽऽभाति, किन्तु त्वां तपोऽधिकं भुवनाभयाचलं विचिन्त्य कमठादियं जटावली भेजे ।

कमठस्य जटावल्यपि विचचार यन् मत्प्रभोरल्पं तपः, भयानकश्च स इति वरमसौ वृतः, इति विचार्य सा तव मस्तक आगतेत्यभिप्रायः ।

---

હે પ્રશાંતોમાં અગ્રેસર ! આ આપના મસ્તક પર સર્પશ્રેષ્ઠ નથી શોભતો, પણ આ તો તમને તપમાં અધિક અને જગતમાં અભય આપનારા પર્વત જેવા સમજીને, કમઠથી તેની જટાઓની શ્રેણિએ તમારું સેવન કર્યું છે.

કમઠની જટાઓએ ય વિચાર્યું કે અમારા સ્વામી (કમઠ)નું તપ ઓછું છે માટે તેમના આયુષ્યનો કોઈ ભરોસો નથી. વળી એ ભયંકર પણ છે. એમના કરતા તો આ (શ્રી પાર્શ્વનાથ) પતિને વરવો જ સારો. એમ વિચારીને એ જટાઓ આપના મસ્તકે આવી ગઈ, એવો આશય છે. ॥૯॥

**अशेषिताशेषरुजस्तव प्रभो !**
**न धर्मचक्रं पुरतः स्फुरत्यदः ।**
**स्वकुष्ठनिष्ठापननिष्ठुराशया,**
**समाश्रितः किन्त्वयमीश्वरस्त्विषाम् ॥१-१०॥**

प्रभो ! अशेषिताशेषरुजस्तव पुरतोऽदो धर्मचक्रं न स्फुरति, किन्त्वयं त्विषामीश्वरः स्वकुष्ठनिष्ठापननिष्ठुराशया समाश्रितः ।

सूर्यः स्वकीयानुचितचरितेन कुष्ठरोगभाग् बभूवेति पुराणादौ प्रसिद्धम् । तन्मतेनात्र धर्मचक्रे सूर्योपमां दत्त्वा जगद्धन्वन्तरी-प्रतिमस्य जगत्प्रभोर्महिमा प्रकटीकृतः ।

---

સમગ્ર રોગોનો અંત કરનારા હે પ્રભુ ! આ સામે આપનું ધર્મચક્ર સ્ફુરાયમાન નથી થતું. આ તો પોતાના કોઢને મટાડવાની દૃઢ આશાથી સૂર્યે આપનો આશ્રય કર્યો છે.

સૂર્ય પોતાના અનુચિત આચરણથી કોઢરોગવાળો થયો, એવું પુરાણ વગેરેમાં પ્રસિદ્ધ છે. અહીં તેના મતનું અનુસરણ કરીને ધર્મચક્રને સૂર્યની ઉપમા આપીને જગતમાં ધન્વન્તરી સમાન એવા પ્રભુનો મહિમા પ્રગટ કર્યો છે. ॥૧૦॥

**अयं जिनानामधिराज ! राजते,**
**न ते जितारिव्रज ! वज्रभृद्ध्वजः ।**
**असौ स्फुटं किन्त्वतिवृद्धिविश्वग-**
**त्वदीयकीर्त्तेरवलम्बयष्टिका ॥१-११॥**

जिनानामधिराज ! जितारिव्रज ! अयं ते वज्रभृद्ध्वजो न राजते, किन्तु असौ स्फुटमतिवृद्धिविश्वगत्वदीयकीर्त्तेरवलम्बयष्टिका ।

वृद्धा ह्यवलम्बदण्डमपेक्षते, स च स्वप्रमाणानुसार्येव कार्यनिर्वाहको भवतीति विश्वव्यापिन्या अतीववृद्धिमुपयातायास्त्वत्कीर्त्या अयमिन्द्रध्वज एवाऽऽलम्बदण्डो भवितुमर्हतीति तदुपमाऽत्रादृता ।

---

હે જિનાધિરાજ ! હે શત્રુગણવિજેતા ! આ આપનો ઈન્દ્રધ્વજ નથી શોભતો, પણ આ તો સ્પષ્ટપણે અતિ વૃદ્ધ થયેલી જગતવ્યાપી એવી આપની કીર્તિને ટેકો લેવા માટેની લાકડી છે.

વૃદ્ધાના બે અર્થ છે. ઘરડી થયેલી અને વૃદ્ધિ પામેલી. પ્રભુની કીર્તિ વૃદ્ધિ પામેલ છે, તેથી તે વૃદ્ધા છે. વૃદ્ધાને ટેકા માટે લાકડી જોઈએ અને એ લાકડી પોતાના પ્રમાણને અનુસારે હોય તો જ એ કામ આપી શકે. માટે વિશ્વવ્યાપી અત્યંત વૃદ્ધિ પામેલી આપની કીર્તિ માટે ઈન્દ્રધ્વજ જ ટેકાની લાકડી બની શકે. માટે અહીં તેની ઉપમા આપી છે. ॥૧૧॥

**सुवर्णशैलः किल नायमत्र ते,**
**जिनेन्द्र ! नैतद् भवनं च निर्मलम् ।**
**असौ कुमारक्षितिभृद्यशोङ्कुरः,**
**शुभैककन्दाद्धु( दु )दगादपि त्वतः ॥१-१२॥**

जिनेन्द्र ! किलात्रायं सुवर्णशैलो न, ते एतन्निर्मलं भवनं च न, अपि तु अतः शुभैककन्दादसौ कुमारक्षितिभृद्यशोऽङ्कुर उदगात् ।

कुत्सितो मारः-अग्न्याद्युपद्रवतो मरणं कुमारः, तस्य क्षितिः -अपहतिः, तां दधानश्चैतद्यशः, तदेवाङ्कुरः । सुवर्णाचलस्यात्रा-नन्यकल्याणकन्दोपमा, निर्मलस्य तु जिनालयस्योक्तयशोऽ-ङ्कुरोपमा ।

---

હે જિનેશ્વર ! આ અહીં સુવર્ણગિરિ પણ નથી, અને આ આપનું નિર્મળ જિનાલય પણ નથી. આ તો અપ્રતિમ કલ્યાણરૂપી મૂળમાંથી આ કુમારનો ઘાત કરનાર યશરૂપી અંકુરો ઉગ્યો છે.

કુમાર એટલે અગ્નિ વગેરેના ઉપદ્રવથી ખરાબ રીતે થતું મરણ, તેનો ઘાત=તેનો નાશ, એનો ધારણ કરનારો આપનો યશ=ભગવાનની કીર્તિથી (કીર્ત્તનથી) કુમરણ થતું નથી. તે યશ એ જ અંકુર. અહીં સુવર્ણગિરિને અજોડ કલ્યાણકંદની ઉપમા આપી છે અને નિર્મળ જિનાલયને ઉપરોક્ત યશરૂપી અંકુરની ઉપમા આપી છે. ॥૧૨॥

**इयं न ते पादनखोज्ज्वलद्युति-**
**र्विनम्रभालेष्वभिषङ्गमङ्गति ।**
**तदाश्रयापुण्यलिपेरपि त्वदः,**
**प्रमार्ज्जनोर्ज्जस्वलमम्बु वल्गति ॥१-१३॥**

विनम्रभालेष्वियं ते पादनखोज्ज्वलद्युतिर्नाभिषङ्गमङ्गति, अपि तु तदाश्रयापुण्यलिपेरदः प्रमार्ज्जनोर्ज्जस्वलमम्बु वल्गति ।

त्वत्प्रणाममात्रमपि प्रक्षालयति प्रणामपरललाटलिखित-पापानीत्याशयः ।

---

મારા વ્હાલા ! જેઓ તને નમન કરે છે, તેમના લલાટો પર આ તારા ચરણોના નખની ઉજ્જવળ દ્યુતિ સંક્રાન્ત નથી થતી. આ તો પ્રક્ષાલન કરવામાં પ્રવીણ એવું પાણી ઉછળી રહ્યું છે, જે તેઓના લલાટ પર લખેલા પાપોના અક્ષરોને ભૂંસી નાખે છે.

આશય એ છે કે જેઓ આપને માત્ર પ્રણામ પણ કરે, તેમના કપાળે લખેલા (પૂર્વકૃત) પાપો ધોવાઈ જાય છે. તેમને એ પાપોના કડવા ફળો ભોગવવા પડતા નથી. ॥૧૩॥

**तव प्रभाचक्रमुदञ्चिमेचकं**
**चकास्ति नैतन्मणिमात्रपन्नगम् ।**
**तनुं दधानं क्षणदामयि त्विदं,**
**विभाति सप्तर्षिविभूषितं नभः ॥१-१४॥**

एतन्मणिमात्रपन्नगमुदञ्चिमेचकं तव प्रभाचक्रं न चकास्ति, इदं तु क्षणदामयि सप्तर्षिविभूषितं नभस्तनुं दधानं विभाति।

मणिमात्रमिति मण्येकविनिर्मितम् । तथा च मणिमयसप्तसर्पफणाकलितं विचित्रप्रभाभासुरं त्वां दृष्ट्वा विद्युद्भास्वरं सप्तर्षितारालङ्कृतमाकाशं स्मर्यत इति भावः ।

---

આ મણિના બનેલા સર્પની સાત ફણાવાળું, અનેક રંગોની કાંતિને પ્રસારતું તારું પ્રભામંડળ નથી શોભતું, આ તો વીજળીઓથી ભરપૂર સપ્તર્ષિથી વિભૂષિત એવું આકાશ જાણે એક શરીર ધરીને આવી ગયું હોય, તેમ શોભે છે.

મણિમાત્ર એટલે કેવળ મણિમાંથી બનેલું. આશય એ છે કે મણિમય સાત ફણાથી યુક્ત અને વિવિધ રંગોની કાંતિથી ભાસ્વર એવા તમને જોઈને વીજળીઓથી ચમકતું અને સપ્તર્ષિ તરીકે ઓળખાતા તારાઓથી અલંકૃત એવું આકાશ યાદ આવે છે. ॥૧૪॥

**स एव रोचिष्णुकडारकेसर-**
**च्छटाकटप्रा तप (तव) मौलिपृष्ठतः ।**
**नृसिंह ! नेदं तु महःकदम्बकं,**
**विडम्बयद् बिम्बमशीतरोचिषः ॥१-१५॥**

नृसिंह ! तव मौलिपृष्ठतः स एव रोचिष्णुकडारकेसर-च्छटाकटप्रा, न त्विदमशीतरोचिषो बिम्बं विडम्बयन् महः-कदम्बकम् ।

यद्यपि तव भामण्डलं सूर्यसङ्काशम्, तथापि तत् केसरास्थानीयमेव, पुरुषसिंहत्वात्तवेत्याशयः ।

---

હે પુરુષસિંહ ! આપના મસ્તકની પાછળ તે જ તેજસ્વી પીતવર્ણી કેશરાળીની છટા કટપ્રા (?) છે, આ કાંઈ સૂર્યના બિંબ જેવો કાન્તિનો સમૂહ નથી.

આશય એ છે કે ભલે આપનું ભામંડળ સૂરજ જેવું છે. તો પણ મને એ કેશરાળી જેવું જ લાગે છે, કારણ કે આપ પુરુષોમાં સિંહ જેવા છો. જેમ સિંહના મુખની આસપાસ કેશરાળી હોય, તેમ આપના મુખની આસપાસ ભામંડળ શોભે છે. ॥૧૫॥

**इदं न फुल्लत्फणभृत्फणामणी-**
**महस्तवोच्चैः शमिनामधीश्वर !**
**समुल्लसद्ध्यानसुधाभयात् त्वहे-**
**र्विषार्चिरेतन्मिषतः पलायितम् ॥१-१६॥**

शमिनामधीश्वर ! इदं तवोच्चैः फुल्लत्फणभृत्फणामणीमहो न, एतन्मिषतस्तु अहेर्विषार्चिः समुल्लसद्ध्यानसुधाभयात् पलायितम् ।

रागद्वेषमयमान्तरमपि विषं यद्भीत्या पलायते, तस्यास्त्वद्ध्यानसुधायाः सकाशे का वार्त्ता बाह्यविषस्येत्याशयः ।

---

હે મુનીન્દ્ર ! આ તમારી ઉપર ઉલ્લાસ પામતું સર્પની ફણાના મણિનું તેજ નથી. આ તો તેના બહાને સર્પના ઝેરની કાંતિ સમુલ્લાસ પામતા આપના ધ્યાનરૂપી અમૃતથી ગભરાઈને પલાયન કરી ગઈ છે.

જેના ડરથી રાગ-દ્વેષમય આંતરિક ઝેર પણ નાસી જાય છે, તે તમારી ધ્યાનસુધાની પાસે બાહ્ય ઝેરની તો શી વિસાત ? એવો અહીં આશય છે. ॥૧૬॥

**इदं तव ज्योतिरुदेति विष्टप-**
**त्रयोदरव्यापि जिनेश ! न त्वदः ।**
**अहीन्द्ररत्नाक्षिकरस्फुरन्नखै-**
**रुपर्यधोमध्यविकस्वरं महः ॥१-१७॥**

जिनेश ! इदं विष्टपत्रयोदरव्यापि तव ज्योतिरुदेति, न त्वदोऽहीन्द्ररत्नाक्षिकरस्फुरन्नखैरुपर्यधोमध्यविकस्वरं महः ।

पन्नगेश्वरशिरोरत्न-नयन-चरणनखलक्षणस्थानत्रितया-दुपरितनमध्याधःस्थितात् प्रसृत्वरं तेजो जगत्त्रयगं तव ज्योतिरेवेत्याशयः ।

---

હે જિનેશ્વર ! ત્રણ જગતના મધ્યભાગમાં વ્યાપનારી આ તારી જ્યોતિ ઉદય પામે છે. આ કાંઈ નાગેન્દ્રના રત્ન, નેત્ર અને સ્ફુરાયમાન નખથી ઉપર, મધ્યભાગે અને નીચે વિકાસ પામતું તેજ નથી.

નાગેન્દ્રની ફણા પર રહેલું રત્ન, આપની આંખો અને આપના ચરણોના નખ, આ ઉપર, વચ્ચે અને નીચે રહેલા ત્રણ સ્થાનથી જે તેજ પ્રસરે છે, તે ત્રણે જગતમાં વ્યાપનારી આપની જ્યોતિ જ છે, એવો અહીં આશય છે. ॥૧૭॥

**न रक्तकङ्केल्लिरसौ चकास्ति ते,**
**निषेवते त्वामपि नृत्वगुप्तये ।**
**अशेषषड्जीवनिकायतायिनं,**
**मुनीश ! रागः स वनस्पतीभवन् ॥१-१८॥**

मुनीश ! असौ ते रक्तकङ्केल्लिर्न चकास्ति, स रागोऽपि नृत्वगुप्तये वनस्पतीभवन्नशेषषड्जीवनिकायतायिनं त्वां निषेवते ।

त्वया कोपारुणाक्ष्णा निरीक्षितो रागस्त्वं विश्वविश्वजीव-वत्सल इति निश्चित्य वनस्पतिरूपेणं त्वामुपास्त इत्याकूतम् ।

---

હે મુનીશ્વર ! આ આપનું અશોકવૃક્ષ નથી શોભતું. આ તો તે રાગ પણ મનુષ્યપણાના રક્ષણ માટે (?) વનસ્પતિ બનીને સંપૂર્ણ ષડ્ જીવનિકાયના રક્ષણકર્તા એવા આપને સેવે છે.

આપે રાગને ક્રોધથી રાતી આંખે જોયો. તેથી રાગ ગભરાઈ ગયો. એણે જોયું કે આપ તો વિશ્વના સમગ્ર જીવો પ્રત્યે વત્સલ છો, તેથી એ વનસ્પતિરૂપે આપને સેવે છે, એવો અહીં આશય છે. (અશોકવૃક્ષના પાંદડા લાલ હોય છે.) ॥૧૮॥

**जिन ! द्विजानां तव देशनावना-**
**वमी न कान्तिस्तबकाश्चकासति ।**
**विमुक्तिकान्ताभरणाय किन्त्वयं,**
**कृपापयःसागरमौक्तिकोत्करः ॥१-१९॥**

जिन ! तव देशनावनावमी द्विजानां कान्तिस्तबका न चकासति, किन्त्वयं विमुक्तिकान्ताभरणाय कृपापयःसागर-मौक्तिकोत्करः (अस्ति) ।

प्रियाप्रीत्यै तदभीष्टमेव वस्तु दीयत इति प्रसिद्धम्, मुक्तिस्त्रीप्रीत्यै तत्प्रियाणि दयार्णवोद्धूतानि मौक्तिकानि दातुमुचितानि, तानि च त्वद्रदनरूपाणीत्यभिप्रायः ।

---

હે જિન ! આપની દેશનાભૂમિમાં આ દાંતોના તેજસ્વી ઝુમખાઓ નથી શોભતા, આ તો મોક્ષપ્રિયાના આભૂષણ માટે દયારૂપી જળના સાગરના મોતીઓનો રાશિ છે.

પ્રિયાને પ્રસન્ન કરવા માટે તેને ગમતી વસ્તુ જ અપાય છે. મુક્તિરૂપી સ્ત્રીની પ્રીતિ માટે તેને પ્રિય એવા દયારૂપી દરિયામાં ઉત્પન્ન થયેલા મોતીઓ આપવા જોઈએ. આપ દયાના સાગર છો અને આપના દાંતો મોતીરૂપ છે, એવો અહીં અભિપ્રાય છે. ॥૧૯॥

**न मूर्ध्नि भूषा प्रणयी फणीश्वरं,**
**क्षमाभृतामीश ! बिभर्षि किं पुनः ।**
**अमुं दधानेन कलापिना त्वया,**
**शिवं( वेऽ )विरोध( धः )प्रशमा( मः ) प्रकाश्यते ॥१-२०॥**

क्षमाभृतामीश ! मूर्ध्नि भूषा प्रणयी फणीश्वरं न बिभर्षि, किं पुनः ? अमुं दधानेन कलापिना त्वया शिवेऽविरोधः प्रशमः प्रकाश्यते ।

सद्गुणानां कलापोऽस्यास्तीति कलापी, तेन, त्वया शिवेऽविरोधः प्रकाश्यते, सर्पभृत्त्वसादृश्यात् । शिष्टं तु न सम्यग् ज्ञायते ।

---

હે નાથ ! આપ મસ્તક પર નાગેન્દ્રને ધારણ નથી કરતા. એને ધારણ કરવા દ્વારા સદ્ગુણી એવા આપના વડે શંકર સાથે અવિરોધ પ્રદર્શિત કરાય છે. કારણ કે શંકર પણ સર્પને ધારણ કરે છે, અને આપ પણ.

આ શ્લોકનો અવશિષ્ટ અંશ બરાબર સમજાતો નથી. ॥૨૦॥

**अमी न नम्रावनिशासिनां शिरः-**
**स्रजः पुरस्ते पतयालवोऽलयः ।**
**अपि त्वसौ पादनखांशुताडिता,**
**गलत्यहो पापमलस्य मालिका ॥१-२१॥**

ते पुरो नम्रावनिशासिनाममी शिरःस्रजः पतयालवोऽलयो न, अपि त्वसौ पादनखांशुताडिता पापमलस्य मालिकाऽहो गलति ।

नरकान्तं राज्यमित्युक्तिसूचितानां राज्ञामपि कल्मषाणां प्रक्षालने भवत्पादप्रणामः प्रत्यल इति हृदयम् ।

---

નાથ ! રાજાઓ આપને નમન કરે, ત્યારે તેમના મસ્તકની માળાઓ પરથી પડતા આ ભમરાઓ નથી, આ તો આપના ચરણોના નખની કાન્તિથી પ્રતિઘાત પામેલા પાપરૂપી મળના માળા ગળી જાય છે.

'રાજ્યનું પરિણામ નરક છે' આવી ઉક્તિ સૂચવે છે કે રાજાઓએ ઘણા પાપો કર્યા હોય છે. એ પાપોને પણ ધોઈ નાખવા સમર્થ છે આપને કરેલો નમસ્કાર... એવો અહીં આશય છે. ॥૨૧॥

**इदं न ते नीलतनूरुचामुप-**
**र्युदञ्चि दन्तोज्ज्वलरोचिरासदः ।**
**जगत्त्रयीमङ्गलवल्लिकाननं,**
**चकास्त्यदः किन्तु लसत्प्रसूनकम् ॥१-२२॥**

इदं ते नीलतनूरुचामुपर्युदञ्चि दन्तोज्ज्वलरोचिः आसदः (?) न, किन्त्वदो लसत्प्रसूनकं जगत्त्रयीमङ्गलवल्लिकाननं चकास्ति ।

नीलाभासे वने श्वेतं पुष्पं यथा शोभते, तथैव त्वदीयनीलवर्णकान्तिकलापे श्वेता रदनरुचिरित्यर्थः ।

---

પ્રભુ ! આપના નીલવર્ણા શરીરની કાન્તિઓની ઉપર આ દાંતોની ઉજ્જવળ પ્રભા નથી, પણ આ લાવણ્યમય ફૂલવાળું ત્રણ જગતના મંગલરૂપી વેલડીઓનું વન શોભી રહ્યું છે.

નીલવર્ણા વનમાં જેમ સફેદ પુષ્પ શોભે, તે જ રીતે આપની નીલવર્ણી પ્રભાના સમૂહમાં શ્વેત દંતકાન્તિ શોભે છે એવો અહીં અર્થ છે. ॥૨૨॥

**इयं न ताम्राङ्घ्रिनखांशुमञ्जरी,**
**जिनेश ! लेश्यापि तु भाति तैजसी ।**
**विनम्रदुष्कर्मदिधक्षया तव,**
**प्रसन्नपद्भ्यां झटिति स्फुटीकृता ॥१-२३॥**

जिनेश ! इयं ताम्राङ्घ्रिनखांशुमञ्जरी न, अपि तु विनम्रदुष्कर्मदिधक्षया तव प्रसन्नपद्भ्यां झटिति स्फुटीकृता तैजसी लेश्या भाति ।

यथैव तेजोलेश्यया वस्तु भस्मसाद् भवति, तथैव भवत्पादप्रणामेन दुष्कर्माण्यपि भस्मभूयं गच्छन्तीत्याकूतम् ।

---

હે જિનેશ્વર ! આ લાલાશ પડતી ચરણના નખની કાંતિરૂપી મંજરી નથી, પણ નમન કરતા જીવોના પાપકર્મોને બાળી નાખવાની ઈચ્છાથી આપના પ્રસન્ન ચરણોએ શીઘ્રતાથી પ્રગટ કરેલી તેજોલેશ્યા છે.

આશય એ છે કે જેમ તેજોલેશ્યાથી વસ્તુ ભસ્મસાત્ થાય છે, તેમ આપના ચરણને પ્રણામ કરવાથી પાપકર્મો પણ ભસ્મીભૂત થઈ જાય છે. ॥૨૩॥

**इदं न मौलौ धरणोरगेश्वर-**
**स्फुरत्फणालीफलकं जगत्पते !**
**तवापि तु ध्यानसुधाम्बुपायिनः,**
**करातपत्रं भुवनश्रिया धृतम् ॥१-२४॥**

जगत्पते ! मौलौ इदं धरणोरगेश्वरस्फुरत्फणालीफलकं न, अपि तु भुवनश्रिया धृतं ध्यानसुधाम्बुपायिनस्तव करातपत्रम् ।

देवा हि सुधां पिबन्ति । सेव्यतां चोपयान्ति तत्तद्देव्याः । देवाधिदेवस्त्वयं ध्यानसुधां निपीय त्रिजगतामपि श्रिया उपास्योऽभवदिति भावः ।

---

હે જગત્પતિ ! આપના મસ્તક પર આ ધરણ-નાગેન્દ્રનું સ્ફુરાયમાન થતું ફણાઓની શ્રેણિરૂપી ફલક નથી. આ તો જગતની લક્ષ્મીએ ધારણ કરેલું ધ્યાનામૃત-રસનું પાન કરનારા આપનું છત્ર છે.

દેવો સુધાનું પાન કરે છે અને તે તે દેવી તેમની સેવા કરે છે. આ દેવાધિદેવે તો ધ્યાનસુધાનું પાન કર્યું અને તેથી તેઓ ત્રણે જગતની લક્ષ્મીના ઉપાસ્ય થયા, તેવો અહીં ભાવ છે. ॥૨૪॥

**अयं न गाङ्गेयगिरिस्त्वमप्यसौ,**
**न चेह नीलीदलसोदरद्युतिः ।**
**अदस्त्रिलोकाभरणैकपङ्कजं,**
**हिरण्मयं किन्तु सनीलषट्पदम् ॥१-२५॥**

अयं गाङ्गेयगिरिर्न, इह चासौ नीलीदलसोदरद्युतिस्त्वमपि न, किन्त्वदः सनीलषट्पदं हिरण्मयं त्रिलोकाभरणैकपङ्कजम्।

त्वदधिष्ठितोऽयमचलस्त्रैलोक्यालङ्कारः, सोऽपि त्वयाऽलङ्क्रियत इत्याशयः ।

---

મારા નાથ ! આ સુવર્ણપર્વત નથી અને અહીં આ નીલવર્ણી વનસ્પતિના પાંદડા જેવી કાંતિવાળા આપ પણ નથી. આ તો ત્રણે લોકના આભૂષણ સમાન સુવર્ણમય કમળ છે, કે જેના પર નીલવર્ણવાળો ભમરો બેઠેલો છે.

આશય એ છે કે આપ જેના પર બિરાજમાન છો એ પર્વત ત્રણે લોકનું આભૂષણ છે અને આપ એ પર્વતના ય આભૂષણ છો. ॥૨૫॥

**नमस्यतां भालतलेषु नैष ते,**
**जपासखः पादनखत्विषां चयः ।**
**पदं ददत्याः सुकृतश्रियस्त्विदं,**
**विराजते यावकरागवल्गितम् ॥१-२६॥**

नमस्यतां भालतलेष्वेष ते पादनखत्विषां जपासखश्चयो न, इदं तु पदं ददत्याः सुकृतश्रियो यावकरागवल्गितं विराजते।

त्वन्नमस्कार एव सुकृतसर्वस्वस्वीकार इति भावः ।

---

પ્રભુ ! જેઓ આપને નમસ્કાર કરે છે, તેમના લલાટોમાં આપના ચરણના નખોની જાસુદ ફૂલ જેવા વર્ણવાળા કિરણોનો સમૂહ પ્રતિબિંબિત થાય છે, પણ મને લાગે છે કે એ લાલ પ્રતિબિંબ નથી. એ તો એમના લલાટે પગલા કરતી પુણ્યલક્ષ્મીના પગે લગાડેલો અળતાનો લાલ રંગ જ છે.

તમને કરેલો નમસ્કાર એ જ પુણ્યના સર્વસ્વનો સ્વીકાર છે, એવો અહીં ભાવ છે. ॥૨૬॥

**अयं न नीलोपलशेखरायित-**
**त्वदीयमूर्त्तिस्तपनीयभूधरः ।**
**जगत्सु कल्याणनिपः स्फुरत्यपि,**
**त्वसौ वतंसार्पितनीलपल्लवः ॥१-२७॥**

अयं नीलोपलशेखरायितत्वदीयमूर्त्तिस्तपनीयभूधरो न, अपि त्वसौ वतंसार्पितनीलपल्लवः कल्याणनिपो जगत्सु स्फुरति।

यथैव मङ्गलकुम्भस्योपरितनभागे राजते पल्लवप्रकरस्तथैव सुवर्णाचलशिखरे नीलाङ्गस्त्वमपीत्याशयः ।

---

પ્રભુ ! આપની મૂર્તિ નીલમણિની બનેલી છે. સુવર્ણગિરિના શિખરે આ મૂર્તિ જાણે મસ્તકની માળાની જેમ શોભી રહી છે. પણ મને લાગે છે કે આ સુવર્ણ પર્વતના શિખરે આપની મૂર્તિ નથી. આ તો કલ્યાણ-કળશની ઉપર મસ્તક પર મુગટના આકારે નાખેલી માળા જેવા નીલવર્ણા પલ્લવો છે.

આશય એ છે કે જેમ મંગળકળશની ઉપરના ભાગે પલ્લવોનો સમૂહ છે, તે જ રીતે સુવર્ણગિરિના શિખરે નીલવર્ણવાળી આપની મૂર્તિ છે. ॥૨૭॥

**इयं न ते पादनखांशुमण्डली,**
**सतां ललाटाङ्गणकुङ्कुमच्छटा ।**
**उदेष्यतः पुण्यरवेरपि त्वसा-**
**ववन्ध्यसन्ध्याभ्रकदम्बडम्बरः ॥१-२८॥**

इयं सतां ललाटाङ्गणकुङ्कुमच्छटा ते पादनखांशुमण्डली न, अपि त्वसावुदेष्यतः पुण्यरवेरवन्ध्यसन्ध्याभ्रकदम्बडम्बरः (अस्ति) ।

त्वत्प्रणिपात एव तत्कर्तुः परमाभ्युदयज्ञापक इत्याकूतम् ।

---

મારા વ્હાલા ! ભવ્ય જીવો આપને વંદન કરે ત્યારે તેમના લલાટને આંગણે આપના ચરણોના નખના કિરણોનો સમૂહ કુંકુમની છટાની જેમ પ્રતિબિંબિત થાય છે. પણ મને એમ લાગે છે કે એ કુંકુમની છટા નથી, એ તો એ ભવ્ય જીવોના પુણ્યના સૂરજનો ઉદય થવાનો છે, એ સૂર્યોદયની પહેલા ઉષાની લાલાશ અવશ્ય પથરાય છે. આ તેનો જ રંગીન ઠાઠ છે.

આપને કરેલો પ્રણામ એ જ પ્રણામકર્તાના પરમ અભ્યુદયનો સૂચક છે, એવો અહીં આશય છે. ॥૨૮॥

**फणीन्द्ररत्नाञ्चितमेचकद्युता-**
**मिदं न ते वृन्दमुदेति देहतः ।**
**नभःकृतावासमपि त्वदस्तडि-**
**त्वतां कदम्बं कमठाम्बुभृज्जयात् ॥१-२९॥**

ते देहत इदं फणीन्द्ररत्नाञ्चितमेचकद्युतां वृन्दं नोदेति, अपि त्वदः कमठाम्बुभृज्जयान् नभःकृतावासं तडित्वतां कदम्बम् (अस्ति) ।

यदि हि दिव्या अपि जलधरा अस्य परमात्मनोऽभ्यर्णेऽभिभवमुपयाताः, तदा के वयमिति मन्वानास्ते त्वच्छरणं प्रपन्ना इति भावः ।

---

પ્રભુ ! આપના શરીરમાંથી નીલવર્ણી કાંતિ પ્રસરી રહી છે. તેમાં ધરણેન્દ્રની ફણાઓના રત્નોની રંગબેરંગી પ્રભાઓ મિશ્રિત થાય છે અને અદ્ભુત દૃશ્યનું નિર્માણ થાય છે. જાણે સૂર્યના કિરણોથી વાદળોએ અદ્ભુત સ્વરૂપ ન લીધું હોય ! મને લાગે છે કે આપે ઉપસર્ગ સમયે કમઠના વાદળોને જીતી લીધા. તેથી આકાશમાં રહેતા વાદળાઓ ય આપની પાસે આવી ગયાં.

આશય એ છે કે, ‘જો દિવ્ય વાદળાઓ પણ આ પરમાત્મા પાસે હારી ગયા હોય, તો આપણે તો કોણ ?’ એમ માનતા એ વાદળાઓ આપના શરણે આવી ગયા છે. ॥૨૯॥

**अभीष्टसिद्धेर्गृहमिन्द्रनीलजं,**
**न ते विनीलाङ्गरुचामयं चयः ।**
**इदं त्वया किन्तु वियन्नखच्छवि-**
**च्छलात् स्वतेजःप्रसराय कल्पितम् ॥१-३०॥**

इन्द्रनीलजमभीष्टसिद्धेर्गृहमयं ते विनीलाङ्गरुचां चयो न, किन्त्विदं नखच्छविच्छलात् त्वया स्वतेजःप्रसराय कल्पितं वियत् ।

कथं नामासीम तेजः ससीम्नि मातुं शक्यत इति सम्प्रधार्य त्वयैव स्वतेजसे विशिष्टतरं गगनं विरचितं नखप्रभावच्छिन्नमिति भावः ।

---

મારા નાથ ! જાણે ઈન્દ્રનીલ મણિથી બનેલું ઈષ્ટસિદ્ધિનું ઘર હોય એવો આ આપનો નીલવર્ણી દેહકાન્તિનો સમૂહ નથી, પણ મને લાગે છે કે આ નખની કાંતિના છળથી તમે પોતાનું તેજ પ્રસારવા માટે બનાવેલું આકાશ છે.

તે તેજ અસીમ છે, તે સીમિત સ્થાનમાં શી રીતે રહી શકે ? એમ વિચારીને આપે જ પોતાના તેજ માટે નખની પ્રભાવાળા વધુ વિશિષ્ટ આકાશની રચના કરી છે, એવો આશય છે. ॥૩૦॥

**विभाति भोगीन्द्रफणामणिप्रभा,**
**क्षमाभृतामीश ! न ते शिरस्यसौ ।**
**अपि त्वयं सिद्धिवधूविभूषणो-**
**पयोगभूर्गैरिकधातुसञ्चयम्(:) ॥१-३१॥**

क्षमाभृतामीश ! ते शिरस्यसौ भोगीन्द्रफणामणिप्रभा न विभाति । अपि त्वयं सिद्धिवधूविभूषणोपयोगभूर्गैरिक-धातुसञ्चयः (अस्ति) ।

यथैव विवाहात् पूर्वमपि वरपक्षो वध्वेऽलङ्कारान् ददाति, तथैव त्वयापि मुक्तिश्रिये सौवर्णविभूषणानि दातुं तद्योग्यकनकं सञ्चितमित्याकूतम् ।

---

હે ક્ષમાધારકોના નાયક ! આપના મસ્તક ઉપર આ નાગેન્દ્રની ફણાઓના મણિની પ્રભા નથી શોભતી, પણ આ તો સિદ્ધિસ્ત્રીના આભૂષણો બનાવવા માટે ઉપયોગી સ્વર્ણધાતુનો સંચય કર્યો છે.

જેમ વિવાહની પહેલા પણ વરપક્ષ વધૂને અલંકારો આપે છે, તેમ જ આપે પણ મુક્તિલક્ષ્મીને સુવર્ણના આભૂષણો આપવા માટે, આ તેને પ્રાયોગ્ય સોનુ ભેગું કર્યું છે, એવું અહીં તાત્પર્ય છે. ॥૩૧॥

**गगनपुलिनप्रेङ्खज्ज्योतिर्नखोत्करतारका,**
**तव तनुरियं श्यामा वामातनूद्भव ! भासते ।**
**शुचिरदरुचिर्नैषा व्याख्याविधाविह केवला-**
**ऽभिनवशशिनः सच्चक्राणां मुदेऽपि तु कौमुदी**
**॥१-३२॥**

वामातनूद्भव ! गगनपुलिनप्रेङ्खज्ज्योतिर्नखोत्करतारकेयं तव श्यामा तनुर्भासते । इह व्याख्याविधावेषा शुचिरदरुचिर्न, अपि तु सच्चक्राणां मुदे केवलाभिनवशशिनः कौमुदी ।

नखास्तारकस्थानीयाः, रदनरुचिः कौमुदीप्रतिमा, केवल-ज्ञानं चन्द्रनिभम् । सच्चक्राणामिति प्रशस्तचक्रवाकविहगानाम्,

---

હે વામાનંદન ! આકાશતટમાં રમણ કરતી જ્યોતિને પ્રસરાવતા નખના સમૂહરૂપી તારાઓથી યુક્ત આપનો આ શ્યામ દેહ શોભી રહ્યો છે. અહીં દેશના સમયે આપના ઉજ્જવળ દાંતોની આ કાંતિ નથી, પણ સત્ચક્રને આનંદ ઉત્પન્ન કરનારી કેવળજ્ઞાનરૂપી નવીન ચંદ્રની ચાંદની છે.

આપના નખો તારા જેવા છે. દાંતોની કાંતિ ચાંદની જેવી છે. કેવલજ્ઞાન ચંદ્ર જેવું છે. સત્ચક્રના બે અર્થ છે. એક તો સારા ચક્રવાક પક્ષીઓ. ચક્રવાકોને ચાંદનીથી

पक्षे सज्जनसमूहानाम् । अभिनवशशीति काव्यकृतः श्रीरामचन्द्रसूरेः पर्यायनाम । इति मङ्गलमस्तु ।

●●●

---

ખૂબ આનંદ થાય છે. પ્રસ્તુતમાં બીજો અર્થ લેવાનો છે. એ છે સજ્જનોના સમૂહો. તેમને આપના કેવળજ્ઞાનરૂપી ચંદ્રની ચાંદનીથી આનંદ થાય છે.

અહીં અભિનવશશી એ કાવ્યકાર પ.પૂ. આચાર્યદેવ શ્રીરામચન્દ્રસૂરિનું પર્યાય નામ છે. ॥૩૨॥

ઈતિ મંગલ હોજો.

ઈતિ

પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથસ્તુતિમય
કવિવર શ્રી રામચન્દ્રસૂરિસંસ્તુત
અપહ્નુતિદ્વાત્રિંશિકા પર
તાત્પર્યવૃત્તિરૂપ
પ્રાર્થનોપનિષદ્

●●●

अथ श्रीपार्श्वनाथस्तुतिरूपा

## अर्थान्तरन्यासद्वात्रिंशिका

**धर्मार्थकामात्मकमीश ! ते गिरा,**
**निर्बाधमर्थत्रितयं प्रसाधयन् ।**
**अर्थान्तरन्यासविधिं समीहते,**
**सोऽयं जनस्तावकभूमिकातिथिः ॥२-१॥**

ईश ! ते गिरा निर्बाधं धर्मार्थकामात्मकमर्थत्रितयं प्रसाधयन् तावकभूमिकातिथिः सोऽयं जनोऽर्थान्तरन्यासविधिं समीहते ।

ते गिरेत्यनेन भगवदाज्ञायाः स्वप्रयोजकत्वमावेदितम्,

---

સ્વામી ! આપની વાણીથી બાધા વિના ધર્મ, અર્થ, કામ આ ત્રણને સાધતો આપની ભૂમિકાનો અતિથિ તે આ જન (હું) અર્થાન્તરન્યાસ અલંકારનો પ્રયોગ કરવા ઈચ્છે છે.

આપની વાણીથી એવું કહેવા દ્વારા અહીં જણાવ્યું છે કે જિનાજ્ઞા એ પોતાની પ્રયોજક છે. પોતે જિનાજ્ઞાનુસાર જીવે છે. (આ બત્રીસીના કર્તા શ્રાવક હોવા જોઈએ, માટે અહીં ત્રિવર્ગની વાત કરી છે.) પોતે જિનાજ્ઞાનુસારી છે, એવું કહેવા દ્વારા પોતાની સ્તુતિની

स्वस्तुतिसाफल्यं च । भगवदाज्ञावज्ञाकलङ्काङ्कितकृतस्तुते र्द्रव्यस्तुतित्वेन वास्तवफलदानेऽसमर्थत्वात् । तावकभूमिका-तिथिरितीत्वरकालीनपरमात्मसमापत्तिशाली, स्तुतिकाले तदुपयुक्तस्य तदनतिरिक्तत्वात् ।

---

સફળતા પણ જણાવી છે. કારણ કે જે ભગવાનની આજ્ઞાની અવજ્ઞા કરે છે, તે અવજ્ઞાના કલંકથી અંકિત વ્યક્તિ ભગવાનની જે સ્તુતિ કરે, તે દ્રવ્યસ્તુતિ હોવાથી વાસ્તવિક ફળ આપવા માટે સમર્થ નથી.

આપની ભૂમિકાનો અતિથિ એટલે અમુક સમય માટે પરમાત્માની સાથે સમાપત્તિથી શોભિત = પરમાત્મસ્વરૂપ. કારણ કે સ્તુતિના સમયે ભક્તના ઉપયોગમાં ભગવાન હોવાથી ભક્ત ભગવાનથી અભિન્ન બની જાય છે. (આગમથી જેનો જેમાં ઉપયોગ હોય, તે તે કહેવાય છે. આ પદાર્થ અનુયોગદ્વારસૂત્રમાં સ્પષ્ટ કર્યો છે.) ॥૧॥

હે જિનેશ્વર આપની સ્તુતિ કરવામાં ઈન્દ્રોની બુદ્ધિ

**संस्तुतौ तव जिनेश ! नेशते,**
**तेऽपि वन्ध्यधिषणाः पुरन्दराः ।**
**तत्र सादरमतिस्तदप्यहं,**
**कोऽपि वा स्खलति नो मनोरथः ? ॥२-२॥**

जिनेश ! तव संस्तुतौ ते वन्ध्यधिषणाः पुरन्दरा अपि नेशते, तदप्यहं तत्र सादरमतिः, (अथ) वा कोऽपि मनोरथो नो स्खलति ?

असम्भवद्वस्तुविषयो मनोरथस्तत्स्खलनैवेति हृदयम् ।

---

પણ નિષ્ફળ જાય છે, માટે તેઓ પણ આપની સ્તુતિ કરી શકતા નથી. તો પણ હું આપની સ્તુતિ કરવા માટે ઉત્સુક છું. અથવા તો શું કોઈ મનોરથ સ્ખલના નથી પામતો ?

આશય એ છે કે મારી ઉત્સુકતા પણ ઉચિત જ છે. કારણ કે બધા મનોરથ સંભવિત વસ્તુ માટે જ થાય એવું જરૂરી નથી. કોઈ મનોરથ સ્ખલના પણ પામે છે. અશક્ય વસ્તુનો મનોરથ એ મનોરથની સ્ખલના જ છે. પણ એવા મનોરથો પણ જગતમાં થતાં જ હોય છે. માટે હું ક્ષમાપાત્ર છું. ॥૨॥

તે અશ્વસેનનૃપનંદન છે, કે જે પોતે સર્પની ફણાના

**अश्वसेनतनुभूः स भूयते,**
**यः स्वयं फणिफणोष्णवारणम् ।**
**बिभ्रदन्तमनयज्जगत्त्रयी-**
**तापमद्भुतगुणा हि सज्जनाः ॥२-३॥**

सोऽश्वसेनतनुभूर्भूयते, यः स्वयं फणिफणोष्णवारणं बिभ्रज्जगत्त्रयीतापमन्तमनयत् । हि सज्जना अद्भुतगुणाः (भवन्ति) ।

छत्रीकृतफणो हि पार्श्वपरमेश्वरः पन्नगनिःश्वासोष्णत्वमनुभवति स्वयम्, अथ चासौ त्रिभुवनसन्तापं शमयतीति कथमेतत्सङ्गतिमङ्गति ? अत्र समाधानम् - हिः - यतः सज्जना अद्भुतगुणा एव भवन्तीति ।

---

ઉષ્ણ વારણને (તડકાનું નિવારણ કરનાર = છત્ર) ધારણ કરે છે, પણ ત્રણે જગતના તાપનો અંત કર્યો છે. કારણ કે સજ્જનો અદ્‌ભુત ગુણોવાળા હોય છે.

પાર્શ્વનાથ ભગવાને ફણાનું છત્ર ધારણ કર્યું છે. તેથી તેઓ પોતે નાગેન્દ્રના નિશ્વાસની ઉષ્ણતાને અનુભવે છે. પણ એ જ ભગવાન ત્રણે લોકના સંતાપને શાંત કરે છે. એ કેવી રીતે ઘટી શકે ? અહીં સમાધાન એ છે કે સજ્જનો અદ્‌ભુત ગુણોવાળા જ હોય છે. ॥૩॥

**येन काञ्चनगिरौ विनिर्ममे,**
**शासनोन्नतिवधूकरग्रहः ।**
**युक्तमेतदथवा कुमारतां,**
**बिभ्रतां खलु भुजङ्गसङ्गिनाम् ॥२-४॥**

येन काञ्चनगिरौ शासनोन्नतिवधूकरग्रहो विनिर्ममे । अथवा कुमारतां बिभ्रतां भुजङ्गसङ्गिनां खलु एतद् युक्तम् ।

सुवर्णगिरिस्थितस्तत्सदनं स्वातिशायिमहसा प्रवचन-प्रभावनाप्रयोजकमिति प्रस्तुतोपमादृता । कथं नामैतत् पाणिग्रहणं घटाकोटिमाटीकत इति विरोधमुद्भाव्य श्लेषेण वितरति समाधानम् - कौमार्यावस्थानतिक्रान्तानामपि विहितदुर्जन-

---

જેમણે સુવર્ણગિરિ પર શાસનપ્રભાવનારૂપી વધૂ સાથે વિવાહ કર્યો અથવા તો કુમારપણાને ધારણ કરતા ભુજંગસંગીઓને આ ઉચિત છે.

સુવર્ણગિરિ પર રહેલું શ્રી પાર્શ્વનાથનું મંદિર પોતાના અતિશયસંપન્ન તેજથી શાસનપ્રભાવનાનું પ્રયોજક છે, માટે પ્રસ્તુત ઉપમા આપી છે. આવો વિવાહ શી રીતે ઘટે એમ વિરોધનું ઉદ્ભાવન કરીને શ્લેષ અલંકારથી સમાધાન આપે છે. કુમાર અવસ્થામાં વિવાહ કરવો ઉચિત નથી, પણ જેઓ ભુજંગ = દુર્જનની સંગતિ કરે

सङ्गतीनामेतदनुरूपमिति । पक्षे नागेन्द्रविहितसान्निध्यस्य श्रीपार्श्वकुमारस्येदृशः प्रभावनाव्यतिकर उचित एवेति ।

**रक्षितो विषधरः कृपालुना,**
**येन तापसहुताशविह्वलः ।**
**आपदं गतवति द्विजिह्वके-**
**ऽप्युत्तमाः स्युरुपकारतत्पराः ॥२-५॥**

येन कृपालुना तापसहुताशविह्वलो विषधरो रक्षितः । आपदं गतवति द्विजिह्वकेऽप्युत्तमा उपकारतत्पराः स्युः ।

---

છે, તેઓ તેવા કુસંગના કારણે અનુચિત કાર્ય પણ કરે, એ તેમને અનુરૂપ છે.

પ્રસ્તુતમાં કુમાર એટલે શ્રી પાર્શ્વકુમાર અને ભુજંગ એટલે ધરણેન્દ્ર. ધરણેન્દ્રે જેમનું સાન્નિધ્ય કર્યું છે તેવા શ્રી પાર્શ્વકુમાર આવી શાસનપ્રભાવનાની ઘટના કરે એ ઉચિત જ છે. ॥૪॥

જે કૃપાળુએ તાપસના અગ્નિમાં વિહ્વળ થયેલા સર્પનું રક્ષણ કર્યું. આપત્તિને પામેલા દ્વિજિહ્વ પર પણ ઉત્તમ પુરુષો ઉપકાર કરવામાં તત્પર હોય છે.

द्विजिह्व इति सर्पो दुर्जनश्च। दुर्जनोऽपि यद्यापद्विह्वलस्स्या-त्तदा कारुण्यपुण्यहृदयाः सज्जनास्तेषूपकारं कुर्युरित्यर्थान्तरम्। प्रकृतस्तु सर्पोपकारः श्रीपार्श्वकुमारविहितः सुप्रसिद्धः ।

**यत्प्रसादमुदितस्तदा फणी,**
**प्रापनागनगराधिराजताम् ।**
**उत्तमेषु नियमेन रागिणां,**
**सम्पदः करतले गतापदः ॥२-६॥**

तदा यत्प्रसादमुदितः फणी नागनगराधिराजतां प्राप । उत्तमेषु रागिणां करतले गतापदः सम्पदो नियमेन (भवन्ति)।

---

દ્વિજિહ્વ એટલે જેને બે જીભ છે તે. સાપને બે જીભ હોય છે. દુર્જન અહીં કાંઈક કહે અને બીજે જઈને કાંઈક બીજું જ કહે, માટે દુર્જનને પણ બે જીભ છે. દુર્જન પણ જો આપત્તિથી વિહ્વળ હોય, તો કરુણાથી પવિત્ર હૃદયવાળા સજ્જનો તેમના પર પણ ઉપકાર કરે છે, એ અહીં અર્થાન્તર છે. પ્રસ્તુત તો શ્રી પાર્શ્વકુમારે સર્પ પર કરેલો જે ઉપકાર છે, તે સુપ્રસિદ્ધ છે. ॥૫॥

ત્યારે જેમની કૃપાથી આનંદિત થયેલો સર્પ નાગનગરનો રાજા ધરણેન્દ્ર બન્યો. જેઓ ઉત્તમ પુરુષોના અનુરાગી છે, તેમની હથેળીમાં વિપત્તિરહિત સંપત્તિઓ અવશ્ય હોય છે. ॥૬॥

**यश्चकार करुणाचणं मनो,**
**दुर्गतिं स कमठस्तदप्यगात् ।**
**सज्जनेषु सहनेष्वपि ध्रुवं,**
**दुष्कृतेन पतयालवः खलाः ॥२-७॥**

यः करुणाचणं मनश्चकार, तदपि स कमठो दुर्गतिमगात्। सहनेष्वपि सज्जनेषु (सत्सु) खला दुष्कृतेन ध्रुवं पतयालवः।

पापोदयस्य तद्बन्धनिबन्धनत्वेन शापाद्यनपेक्षत्वात् ।

**यो वितृष्णहृदयः प्रकाशयन्,**
**पीतशान्तरससुस्थतां स्वयम् ।**
**देहिनां भववनभ्रमक्लमं,**
**चिक्षिपे चरितमद्भुतं सताम् ॥२-८॥**

यो वितृष्णहृदयः स्वयं पीतशान्तरससुस्थतां प्रकाशयन्

---

જે પ્રભુએ પોતાના મનને કરુણામાં તત્પર કર્યું, તો ય તે કમઠ દુર્ગતિમાં ગયો. ખરેખર, સજ્જનો સહન કરે, તો ય દુર્જનો પોતાના પાપથી નિશ્ચિતપણે પતન પામે છે. કારણ કે પાપબંધ જ પાપના ઉદયનું કારણ છે, માટે પાપોદય શાપથી થાય અને કરુણાથી ન થાય તેવું નથી. ॥૭॥

देहिनां भववनभ्रमक्लमं चिक्षिपे । सतां चरितमद्भुतं (वर्तते)।

पानं हि सतृष्णा विदधन्ति, असावतृष्णोऽपि तच्चकारेति प्रथमो विरोधः, स्वास्थ्यं च पानकर्तुस्स्यादत्रान्येषामपि क्लमव्यपगमो भवतीत्यपरोऽपि विरोधः । परिहारस्त्वत्राद्भुतत्वमेव सतां चरितानामित्यर्थान्तरेणोदितम् । वस्तुतस्तु वितृष्णताऽत्र भगवतो विषयरसापेक्षया, न तु प्रशमरसमधि–

---

તૃષ્ણારહિત હૃદયવાળા એવા જેમણે પોતે પ્રશમરસનું પાન કર્યું, એનાથી પોતાની સ્વસ્થતાને (શુદ્ધ આત્મસ્વરૂપને) પ્રગટ કરી અને જીવોના ભવાટવીના ભ્રમણના થાકને દૂર કર્યો. ખરેખર સજ્જનોનું ચરિત્ર અદ્‌ભુત હોય છે.

પીવાની ક્રિયા તેઓ કરે છે કે જેઓને તરસ લાગી હોય છે. પ્રભુને તરસ (તૃષ્ણા) ન હોવા છતાં પણ તેમણે પાન કર્યું, એ પ્રથમ વિરોધ છે. વળી જે પીવાની ક્રિયા કરે તેને સ્વસ્થતા મળે. અહીં તો બીજાઓનો પણ થાક દૂર થઈ જાય છે, એ બીજો પણ વિરોધ છે. પરિહાર તો અહીં એ છે કે સજ્જનોનું ચરિત્ર અદ્‌ભુત જ હોય છે એમ અર્થાન્તરથી કહ્યું છે.

વાસ્તવમાં તો ભગવાન વિતૃષ્ણ છે, એ વિષયરસની

कृत्य । तथा स्वस्वास्थ्यदर्शनसञ्जातस्वास्थ्यस्पृहा अत एव विषयनिःस्पृहा देहिनोऽपि प्रशमरसपानेन भवाटवीबम्भ्रमणो-परममुपयाताः स्वास्थ्यं प्रपद्यन्त इति न कोऽपि विरोधः ।

**येन वाञ्छितफलैः समन्ततो,**
**दर्शनान्तरजुषोऽपि योजिताः ।**
**अत्युदारचरितोज्ज्वलात्मनां,**
**नास्ति वा स्वपरयोरिहान्तरम् ॥२-९॥**

येन दर्शनान्तरजुषोऽपि समन्ततो वाञ्छितफलैर्योजिताः । (अथ)वेहात्युदारचरितोज्ज्वलात्मनां स्वपरयोरन्तरं नास्ति ।

---

અપેક્ષાથી, પ્રશમરસની અપેક્ષાએ નહીં. તથા જીવોએ પરમાત્માનું સ્વાસ્થ્ય જોયું, તેથી તેમને પણ સ્વાસ્થ્યની સ્પૃહા થઈ. તેથી તેઓ વિષયમાં નિઃસ્પૃહ થઈને પ્રશમરસનું પાન કરે છે. તેનાથી ભવાટવીમાં ભ્રમણ કરવાનો તેમનો થાક ઉતરી જાય છે. આ રીતે તેઓ સ્વસ્થતા પામે છે. માટે કોઈ વિરોધ નથી. ॥૮॥

જેમણે પરદર્શનીઓને પણ સમ્યક્ત્વ આદિનું દાન કરવા દ્વારા વાંછિત ફળ આપ્યું હતું. અથવા તો અહીં અત્યંત ઉદાર ચરિત્રથી ઉજ્જવળ આત્માઓને પોતાનો અને પરાયો એવું અંતર હોતું નથી.

अत एवाभिहितम् - अयं निजः परो वेति गणना लघुचेतसाम् उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् - इति ।

**येन तैः स्वचरितैरलित्विषा,**
**सौरभं किमपि हेमभूभृतः ।**
**ख्याप्यते प्रगटमेव किन्तु तद्,**
**यन्न शक्यमिह वा कलावताम् ॥२-१०॥**

अलित्विषा येन तैः स्वचरितैर्हेमभूभृतः किमपि सौरभं प्रगटमेव ख्याप्यते, (यद्) वेह तत्तु किं यत् कलावतां न शक्यम् ?

सर्वमपि शक्यमेव तेषामित्याशयः । अतो यथा चम्पककुसुमासीनो भ्रमरस्तत्पुष्पपरिमलं प्रथयति, तथैवासौ

---

માટે જ કહ્યું છે કે - આ પોતાનો કે પરાયો છે, આવી ગણતરી ક્ષુદ્ર ચિત્તવાળા જીવો કરતા હોય છે. જેઓ ઉદાર ચરિત્રના સ્વામી છે. તેમને મન તો આખી પૃથ્વી જ પોતાનો પરિવાર છે. ॥૯॥

ભમરા જેવી કાંતિવાળા જેમણે તેવા પોતાના ચરિત્રો વડે સુવર્ણગિરિની કોઈ સુગંધ પ્રગટપણે જ જણાવાય છે. અથવા તો અહીં તે શું છે, કે જે કલાધારકો માટે શક્ય ન હોય ? તેમના માટે બધું શક્ય જ છે, એવો આશય છે. તેથી જેમ ચંપકના ફૂલ પર બેઠેલો ભમરો તે ફૂલની

भगवान् सुवर्णाचलसौरभमिति ।

**यः कषायकलुषाभिषङ्गिनां( तां ),**
**क्षालयन् गलितरागसङ्गतिः ।**
**मुक्तिरक्तहृदयश्चिरं बभौ,**
**को नु वेत्ति चरितं महात्मनाम् ? ॥२-११॥**

यः कषायकलुषाभिषङ्गिनां गलितरागसङ्गतिः क्षालयन् चिरं मुक्तिरक्तहृदयो बभौ । महात्मनां चरितं को नु वेत्ति ?

स्वयमनुरक्तस्य परेषां रागप्रक्षालनं कथं सङ्गतिमङ्गतीति विरोधः, तदनुरागस्य प्रशस्तालम्बनत्वेनाऽप्रशस्तरागप्रक्षालनस्य घटाकोटिप्रविष्टतया परिहारः ।

---

સુગંધને જણાવે છે, તે જ રીતે આ ભગવાન સુવર્ણગિરિની સુરભિને પ્રસિદ્ધ કરે છે. ॥૧૦॥

રાગના સંગથી રહિત એવા જે કષાયથી થયેલ કલુષિતતાને ધોઈ નાખે છે, પણ પોતે લાંબા સમય સુધી મુક્તિ પ્રત્યે અનુરક્ત રહ્યા. ખરેખર મહાપુરુષોના ચારિત્રને કોણ જાણે છે ?

પોતે અનુરાગી હોય તે બીજાના રાગનું પ્રક્ષાલન શી રીતે કરી શકે ? એમ અહીં વિરોધ છે, પણ તે અનુરાગનું આલંબન પ્રશસ્ત હોવાથી તેઓ અપ્રશસ્ત

**तत्त्वपावनमुनीशदर्शना-**
**द्दन्तिजन्मनि मनस्यबोधि याः( यः ) ।**
**सङ्गमाद्धि महतां महात्मनां,**
**चित्कला कलति किं कुतूहलम् ? ॥२-१२॥**

यस्तत्त्वपावनमुनीशदर्शनाद्दन्तिजन्मनि मनस्यन्यबोधि । हि महतां सङ्गमान्महात्मनां चित्कला किं कुतूहलं कलति ?

सम्यक्त्वावाप्त्यनन्तरं द्वितीयो भवः श्रीपार्श्वनाथस्य स्तम्बेरमत्वेनाभवदित्यादि प्रसिद्धमतिपुण्ये तच्चरिते । किमित्यादि । किमप्यद्भुतं विलासं दर्शयतीत्याकूतम् ।

---

રાગનું પ્રક્ષાલન કરી શકે છે, આ રીતે વિરોધનો પરિહાર થાય છે. ॥૧૧॥

જેમણે તત્ત્વથી પવિત્ર એવા મુનીશ્વરના દર્શનથી હાથીના ભવમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું. કારણ કે મહાપુરુષોના સંગમથી મહાત્માઓની જ્ઞાનકળા શું કુતૂહલ (ઉત્પન્ન નથી) કરતી ?

સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી શ્રી પાર્શ્વનાથ ભગવાનનો બીજો ભવ હાથી રૂપે થયો હતો, ઈત્યાદિ વાત અતિ પવિત્ર એવા તેમના ચરિત્રમાં પ્રસિદ્ધ છે. શું ઈત્યાદિનો આશય એ છે કે મહાત્માઓની જ્ઞાનકળા કોઈ અદ્ભુત વિલાસ દેખાડે છે. ॥૧૨॥

**रागिणां किल रसायनं तनू-**
**द्वर्त्तनं तदपि यस्य जायते ।**
**सर्वमेव जगतां हिताय वा,**
**कल्पते परमसिद्धिशालिनाम् ॥२-१३॥**

किल तनूद्वर्त्तनं रागिणां रसायनम्, यस्य तदपि (कल्याणाय) जायते । (अथ)वा परमसिद्धिशालिनां सर्वमेव जगतां हिताय कल्पते ।

शरीरसम्बाधनमेवाभिष्वङ्गिनां प्रियतमं भवति, किन्तु सेवार्थं चरणस्पर्शोऽपि भगवतः भक्तभविकाय स्यादित्याश्चर्यम्, वस्तुतो रागिचेष्टितस्य दुरन्तत्वात् । अत्र परिहारः - प्रकृष्टसिद्धिसम्पन्नानां सर्वमेव विश्वहितायेति ।

---

શરીરસ્પર્શ એ રાગીઓનું રસાયણ છે. જેમનો તે પણ કલ્યાણકારક થાય છે. અથવા તો પરમસિદ્ધિથી શોભતા હોય તેમનું બધું જ જગતનું હિત કરવા સમર્થ છે.

રાગી જીવોને શરીરસ્પર્શ જ અત્યંત પ્રિય હોય છે. પણ ભગવાનની સેવા માટે તેમના ચરણનો સ્પર્શ પણ કરાય, એ ભક્તના શ્રેય માટે થાય છે, એ આશ્ચર્ય છે. કારણ કે વાસ્તવમાં રાગીની ચેષ્ટાનું પરિણામ ખરાબ હોય છે. અહીં પરિહાર કર્યો છે કે પ્રકૃષ્ટ સિદ્ધિથી સંપન્ન હોય તેમનું બધું જ જગતના હિત માટે થાય છે. ॥૧૩॥

**याञ्चया भवतु सन्तनोति य-**
**श्चित्त एव न( म )हितं( तः ) समीहितम् ।**
**लाघवाय यदमुष्य लङ्घनं,**
**कोऽपि हन्त महतां महाग्रहः ? ॥२-१४॥**

याञ्चया भवतु (इति मत्वेव) यो महितश्चित्त एव समीहितं सन्तनोति । यदमुष्य लाघवाय लङ्घनम्, हन्त ! (स) महतां कोऽपि महाग्रहः ।

अलं प्रार्थनया, यदुक्तम्-सन्तः स्वयं परहिताभिहिताभि-योगाः-इति । अतो यः पूजितमात्रो मनःस्थितस्यैवेष्टस्य सम्पादनं कुरुते । प्रार्थनस्यातिगमनमेतल्लाघवार्थम्, मा भूत्

---

યાચનાથી સર્યુ એમ માનીને જે પોતાની પૂજા કરવાથી જ પૂજકનું ઈચ્છિત કાર્ય કરી આપે છે. જે એનું લાઘવ માટે ઉલ્લંઘન કરાય છે, તે મહાપુરુષોનો કોઈ મહાગ્રહ છે.

પ્રાર્થનાથી સર્યું, અર્થાત્ ભગવાનને પ્રાર્થનાની અપેક્ષા નથી. કારણ કે કહ્યું છે કે સજ્જનો પોતે જ બીજાનું હિત કરવા માટે પ્રયત્ન કરનારા છે. માટે જેમની પૂજા કરવાથી જ જે મનમાં રહેલી ઈચ્છાને પૂરી કરી દે છે. યાચનાની ય પ્રતીક્ષા કરતા નથી. આ શીઘ્રતા લાઘવ

प्रार्थनावच्छिन्नकालस्यापि क्षेपः समीष्टसम्पादन इति । महाग्रह इत्याश्रितहितकरण आद्दत्यतिशयः ।

**मौलिमण्डलविलासमण्डनं,**
**दर्शयन् शतिफणीशमुत्फणम् ।**
**सन्तनोत्यहिभयज्वरक्षयं,**
**चित्रमेव चरितं महात्मनाम् ॥२-१५॥**

(यो) मौलिमण्डलविलासमण्डनमुत्फणं शतिफणीशं दर्शयन्नहिभयज्वरक्षयं सन्तनोति । (ननु) महात्मनां चरितं चित्रमेव ।

---

માટે છે. જાણે પ્રભુ વિચારે છે કે, ‘ભક્ત પોતાની ઈચ્છા પૂરી થાય એ માટે જેટલો સમય મને પ્રાર્થના કરે, એટલા સમયનો પણ એની ઈચ્છા પૂરી થવામાં વિલંબ ન થવો જોઈએ.’ મહાગ્રહ એટલે આશ્રિતનું હિત કરવામાં અત્યંત આદર. ॥૧૪॥

જે પોતાના મસ્તકની આસપાસના વલયમાં વિલાસ કરતા વિભૂષણ જેવા ઉંચી ફણાવાળા કાળા નાગને દેખાડે છે, તો ય દર્શન કરનારના સર્પના ભયનો તાવ ઉતારી દે છે. ખરેખર મહાપુરુષોનું ચરિત્ર આશ્ર્ચર્યકારક જ છે. ॥૧૫॥

**वर्त्तमानमपि भूतभावि वा,**
**दूरवर्त्त्यपि समीपवर्त्ति वा ।**
**योऽवलोकयति विश्ववल्गितं,**
**कापि दृष्टिरपरैव योगिनाम् ॥२-१६॥**

वर्त्तमानमपि भूतभावि वा दूरवर्त्त्यपि (वा) समीपवर्त्ति वा यो विश्ववल्गितमवलोकयति । योगिनां काप्यपरैव दृष्टिः।

अपरैवेति लोकदृष्टितोऽत्यन्तं विलक्षणैवेत्यर्थः ।

**एक एव जगतां मनस्सु यः,**
**यः कृष्णमूर्त्तिरवदातपुण्यभूः ।**
**भोगिकेतुभिरगम्यविग्रहो,**
**योगिनो हि विपरीतवृत्तयः ॥२-१७॥**

य एक एव जगतां मनस्सु कृष्णमूर्त्तिरवदातपुण्य-

---

વર્તમાનકાળની, ભૂતકાળની કે ભવિષ્યકાળની, દૂર રહેલી કે નજીક રહેલી જગતની ચેષ્ટાને જે પ્રભુ જુએ છે. ખરેખર યોગીઓની દૃષ્ટિ કાંઈક ઓર જ હોય છે.

કાંઈક ઓર જ એટલે લોકદૃષ્ટિથી અત્યંત વિલક્ષણ જ એવો અર્થ છે. ॥૧૬॥

જે એક જ ત્રણે જગતના મનોમાં કૃષ્ણમૂર્તિ, અવદાતપુણ્યભૂમિ, ભોગીઓના ચિહ્નોથી ન જાણી શકાય

भूर्भोगिकेतुभिरगम्यविग्रहः, हि योगिनो विपरीतवृत्तयः (भवन्ति) ।

कृष्णमूर्त्तिरिति नीलविग्रहः । अवदातपुण्यभूरिति परमसुकृताधारः, तत्प्रधानहेतुभावात् । **भोगी**त्यादि । न हि भोगपरायणानां लक्ष्मभूतैर्भोगैस्तत्स्वरूपं कदाचिदपि ज्ञायते, योगस्यैव तद्विज्ञानसाधनत्वादित्याशयः । अन्यथा वा बहुश्रुतेभ्यः परिभावनीयम् । अवशिष्टं न सम्यगवबुध्यते ।

---

એવા શરીરવાળા છે. કારણ કે યોગીઓ વિપરીત વૃત્તિવાળા હોય છે.

કૃષ્ણમૂર્તિ એટલે નીલવર્ણા શરીરવાળા, ઉદાર પુણ્યની ભૂમિ એટલે શ્રેષ્ઠ પુણ્યના આધાર, કારણ કે ભગવાન પુણ્યના મુખ્ય કારણ છે. ભોગમાં જેઓ તત્પર છે, તેમના ચિહ્નરૂપ એવા ભોગોથી તેમનું સ્વરૂપ કદી પણ જણાતું નથી. કારણ કે યોગ એ જ પરમાત્મવિજ્ઞાનનું સાધન છે. અથવા તો બહુશ્રુતો પાસેથી અન્ય પ્રકારે પરિભાવના કરવી, બાકીનું બરાબર સમજાતું નથી. ॥૧૭॥

જેઓ પોતે અવિનાશીપણાને ધારણ કરે છે, પણ

**यः स्वयं दधदनश्वरात्मता-**

**मिष्टसिद्धिघटनामिषुः( षात् ) सताम् ।**

**अध्युवास कनकाद्रिचूलिकां,**

**शैलवासरतयो हि योगिनः ॥२-१८॥**

यः स्वयमनश्वरात्मतां दधत् सतामिष्टसिद्धिघटनामिषात् कनकाद्रिचूलिकामध्युवास, हि योगिनः शैलवासरतयः (भवन्ति) ।

**नेत्रयोः प्रणयितामुपेत्य यः,**

**सज्जकज्जलसगोत्रगात्रकः ।**

**दृष्टिमाशु तनुते निरञ्जनां,**

**सृष्टिरेव हि नवा महात्मनाम् ॥२-१९॥**

सज्जकज्जलसगोत्रगात्रको यो नेत्रयोः प्रणयितामुपेत्य

---

સજ્જનોની ઈષ્ટસિદ્ધિની ઘટનાને બહાને ભવ્ય જીવોનું કલ્યાણ કરવા માટે સુવર્ણગિરિની ચૂલિકા પર તેમણે નિવાસ કર્યો છે, કારણ કે યોગીઓને પર્વત પર નિવાસ કરવામાં રતિ હોય છે. ॥૧૮॥

તૈયાર કરેલા કાજળ જેવા દેહવાળા જે બે આંખોના પ્રણયી બનીને (દૃષ્ટિગોચર થઈને) દૃષ્ટિને તરત નિર્મળ/

दृष्टिमाशु निरञ्जनां तनुते । हि महात्मनां सृष्टिरेव नवा (भवति) ।

सृष्टिरिति कार्यपद्धतिः, नवेति परिचितप्राप्यपद्धति-तोऽत्यन्तमतिरिक्ता ।

**यस्य न स्खलति तत् क्वचिन्महः-**
**स्फूर्जितं नृपशतैर्नतात्मनः ।**
**सौजसः स्फुटमधृष्यतेजसः,**
**स्युर्यतः शिरसि दुर्गशालिनः ॥२-२०॥**

नृपशतैर्नतात्मनो यस्य तन् महःस्फूर्जितं क्वचिद् न स्खलति, यतः शिरसि दुर्गशालिनः स्फुटं सौजसोऽधृष्यतेजसः स्युः ।

---

નીરાગી કરે છે. કારણ કે મહાત્માઓની સૃષ્ટિ જ નવી હોય છે.

સૃષ્ટિ એટલે કાર્યપદ્ધતિ. નવી એટલે પરિચિત જુની પદ્ધતિથી સાવ જ અલગ. ॥૧૯॥

સેંકડો રાજાઓ વડે નમાયેલા એવા જેમના તે તેજનો વિલાસ ક્યાંય સ્ખલના પામતો નથી. કારણ કે જેઓ મસ્તક પર દુર્ગથી શોભે છે તેઓ સ્પષ્ટપણે બળવાન અને જેનો પરાભવ ન થઈ શકે, તેવા તેજવાળા હોય છે.

दुर्ग इति दुरभिगम्यो नागेन्द्रः ।

**बिभ्रता भृशमताड्यजीवतां,**
**येन धर्मकलयात्र दुष्कलौ ।**
**आन्तरारिविजयः कृतः सतां,**
**चातुरी जयति काचिदद्भुता ॥२-२१॥**

भृशमताड्यजीवतां बिभ्रता येनात्र दुष्कलौ धर्मकलया-ऽऽन्तरारिविजयः कृतः । सतां काचिदद्भुता चातुरी जयति ।

रिपुजयो हि निर्दयैः कर्तुं शक्यः, सोऽनेन कृपापरेण विहित इत्यद्भुतं नैपुण्यम् ।

---

દુર્ગ એટલે જેની પાસે મુશ્કેલીથી જઈ શકાય તેવા નાગેન્દ્ર. ॥૨૦॥

અત્યંત અહિંસાજીવિપણાને ધારણ કરતા જેમણે આ દુષ્ટ કળિકાળમાં ધર્મકળાથી આંતર શત્રુઓ પર વિજય મેળવ્યો. સજ્જનોની કોઈ અદ્ભુત ચતુરાઈ જય પામે છે.

શત્રુવિજય તો નિર્દય હોય તેઓ કરી શકે. તે દયાળુ એવા તેમણે કર્યો, એ અદ્ભુત નિપુણતા છે. ॥૨૧॥

**निर्व्यपेक्षहृदयो दयानिधिः,**
**कल्पयत्युपकृतिं जनेषु यः ।**
**कारणेन किल योपकारिता,**
**सा हि नूनमथवा स्वविक्रयः ॥२-२२॥**

यो दयानिधिर्निर्व्यपेक्षहृदयो जनेषूपकृतिं कल्पयति । अथवा नूनं या किल कारणेनोपकारिता, सा हि स्वविक्रयः ।

**आग्रहो जनयितुं प्रभावतां( तो ),**
**यस्य काञ्चन कलामुपेयुषः ।**
**इन्दुसुन्दरयशः फलेग्रहि-**
**र्नि( नि )र्वृत्तिं दिशति वा स्थितिः सताम् ॥२-२३॥**

काञ्चन कलामुपेयुषः प्रभावतो यस्याग्रह इन्दुसुन्दरयशो जनयितुं फलेग्रहि । (अथ)वा सतां स्थितिर्निर्वृतिं दिशति ।

---

કૃપાભંડાર કોઈ અપેક્ષાથી રહિત એવા હૃદયવાળા જેઓ લોકો પર ઉપકાર કરે છે. અથવા તો નક્કી જે કારણથી (સ્વાર્થથી) ઉપકારીપણું હોય, તે તો પોતાનું વેચાણ જ છે. (એક જાતનો વેપાર જ છે.) ॥૨૨॥

કોઈ કળાને પામેલા કાંતિમાન એવા જેમનો આગ્રહ (આદેશ) ચંદ્ર જેવા સુંદર યશને ઉત્પન્ન કરવા માટે સફળ થાય છે. (જે જિનાજ્ઞાનું પાલન કરે, તે યશસ્વી થાય છે.) અથવા તો સજ્જનોનું અસ્તિત્વ સુખ (સુખી થવાનો માર્ગ) દેખાડે છે. (તેમાં કોઈ આશ્ચર્ય નથી.) ॥૨૩॥

**यं प्रभुं समधिगम्य धारय-**
**त्युच्चकैः कनकभूधरः शिरः ।**
**कः क्षितौ सकलकाङ्घ्रि( मि )तप्रदं,**
**प्राप्य रत्नमथवा न दृप्यति ? ॥२-२४॥**

यं प्रभुं समधिगम्य कनकभूधर उच्चकैः शिरो धारयति। अथवा सकलकामितप्रदं रत्नं प्राप्य क्षितौ को न दृप्यति ?

**यत्पदप्रणयिनां नृणामगुः,**
**सिद्धिपद्धतिमहो मनोरथाः ।**
**येन गौरवभृतामुपासनं,**
**कामधुक्सुरभितो न भिद्यते ॥२-२५॥**

अहो ! यत्पदप्रणयिनां नृणां मनोरथाः सिद्धिपद्धतिमगुः। येन कामधुक्सुरभितो गौरवभृतामुपासनं न भिद्यते ।

त्वदुपासनमेव जगतः कामधेनुप्रतिममिति हृदयम् ।

---

જે સ્વામિને પામીને સુવર્ણપર્વત ઉન્નત મસ્તકને ધારણ કરે છે, અથવા તો સર્વ વાંછિત દાતાર રત્નને પામીને ધરતી પર કોણ દર્પ કરતું નથી ? ॥૨૪॥

અહો ! જે પદના પ્રેમી નરોના મનોરથો સિદ્ધ થયા છે, કારણ કે મહાત્મ્યશાળી આત્માઓની ઉપાસના કામધેનુ ગાયથી જુદી નથી. ॥૨૫॥

આશય એ છે કે તારી ઉપાસના જ જગતને કામધેનુ ગાય સમાન છે.

**यस्य रूपमनघं परं किम-**
**प्यस्ति कः कलयितुं प्रगल्भधीः ।**
**एवमेव सकलातिवर्त्ति वा,**
**वृत्तमद्भुतरसाय कल्पते ॥२-२६॥**

किमपि परमनघं यस्य रूपं कलयितुं कः प्रगल्भ-धीरस्ति?(यद्) वैवमेव सकलातिवर्त्ति वृत्तमद्भुतरसाय कल्पते।

**यः सुवर्णगिरि( :?) विस्फुरत्यद-**
**स्तत्प्रकाशयति वृत्तमात्मनः ।**
**कस्य गोप्रकटितप्रभावतः,**
**श्लोकसिद्धिरुदयं न याति वा ? ॥२-२७॥**

यः सुवर्णगिरिर्विस्फुरति, तदद आत्मनो वृत्तं प्रकाशयति, (अथ)वा कस्य गोप्रकटितप्रभावतः श्लोकसिद्धिरुदयं न

---

કોઈ ઉત્કૃષ્ટ અને નિષ્કલંક એવા જેના રૂપને જાણવા માટે કોની બુદ્ધિ પ્રૌઢ છે ? અથવા તો આ જ રીતે બધાથી ચઢિયાતું ચરિત્ર અદ્‌ભુતરસ માટે સમર્થ થાય છે. (અર્થાત્ પ્રભુનુ સ્વરૂપ અગમ્ય છે, માટે જ એ અદ્‌ભુતરસને ઉત્પન્ન કરે છે.) ॥૨૬॥

વાણી જેમના ઉપદેશથી પુષ્ટ એવી અર્થસિદ્ધિનું

याति ?

वृत्तमिति स्वमध्याध्यासीनपरमात्मप्रभावप्रभवचमत्कारि-चरितम् । पूर्वार्धं सुसम्भवतामवतारयन्नाह-**वे**त्यादि । गौरिति कान्तिः, श्लोक इति यशः, एषोऽर्थः सुवर्णगिरिपक्षे, अर्थान्तरे गौरिति वाणी, श्लोक इति छन्दोबद्धं काव्यम् ।

**भारतीं( ती ) यदुपदेशपेशला-**
**मर्थसिद्धिमनुधावति ध्रुवम् ।**
**काञ्चनाचलकलामुपेयुषां,**
**सिद्धयो हि वृषलीसमाः सताम् ॥२-२८॥**

भारती यदुपदेशपेशलामर्थसिद्धिं ध्रुवमनुधावति, हि काञ्चनाचलकलामुपेयुषां सतां सिद्धयो वृषलीसमाः ।

नियोगतो यथार्था जिनाज्ञेत्याशयः । **काञ्चने**त्यादि । जात्यस्वर्णशुद्धतामनुप्राप्तानां महात्मनामित्याशयः । तत्सिद्धेर्वृष-

---

અવશ્ય અનુસરણ કરે છે. કારણ કે સુવર્ણગિરિની કળાને પામેલા સજ્જનોની સિદ્ધિઓ કુલટા જેવી હોય છે.

આશય એ છે કે જિનાજ્ઞા નિશ્ચિતપણે યથાર્થ હોય છે. **કાંચન** ઈત્યાદિ પંક્તિનો આશય એ છે કે સજ્જનો જાતિવંત સુવર્ણ જેવી શુદ્ધતાને પામેલા હોય છે. સજ્જનોની સિદ્ધિને કુલટાની ઉપમા આપી છે, તેમાં

ल्युपमाभिधानेऽयमभिप्रायः - यथा हि पुंश्चल्याश्चित्तं पति-सेवाद्यवसरेऽपि परपुरुषविचारावियुक्तमेव भवति, तथा सतां सिद्धयो विषमेऽपि कार्यजाते स्वस्वरूपमनतिक्रम्यैव वर्तन्ते, न जात्वसिद्धौ परिणमन्तीति हृदयम् । अन्यथा वा तज्ज्ञेभ्यः परिभावनीयम् ।

**कालकूटमपि सत्यमुत्कटं,**
**यत्प्रभाववशतः सुधायते ।**
**विश्ववल्गदघमृत्युहारिणो,**
**नेदमद्भुतममुष्य वा प्रभोः ॥२-२९॥**

यत्प्रभाववशतः सत्यमुत्कटं कालकूटमपि सुधायते ।

---

આશય એ છે કે જેમ કુલટા સ્ત્રી પતિની સેવા વગેરે કરે, તો તે સમયે પણ તેનું મન પરપુરુષના વિચારથી યુક્ત જ હોય છે. તેમ સજ્જનોની સિદ્ધિઓ કાર્ય વિષમ હોય તો પણ પોતાના સ્વરૂપનું ઉલ્લંઘન કર્યા વિના જ રહે છે. અર્થાત્ સજ્જનોની સિદ્ધિઓ કદી અસિદ્ધિમાં પરિણમતી નથી. અથવા જ્ઞાની મહાત્માઓ પાસે બીજી રીતે અર્થની વિચારણા કરવી. ॥૨૮॥

જેમના પ્રભાવના કારણે સાચું ઉગ્ર ઝેર પણ અમૃત

(अथ)वा विश्ववल्गदघमृत्युहारिणोऽमुष्य प्रभोरिदमद्भुतं न ।

अनन्तपापमरणापहरणपटोरेकमृत्युमारणस्येषत्करसाध्यत्वादिति ।

**येन सान्द्रकरुणार्द्रचेतसा,**
**वैभवाभ्युदयभङ्गिसङ्गिना ।**
**उद्धृतं विपदुदन्वतो जगद्,**
**विश्वदुर्गतिहृतः श्रियः सताम् ॥२-३०॥**

सान्द्रकरुणार्द्रचेतसा वैभवाभ्युदयभङ्गिसङ्गिना जगद् विपदुदन्वत उद्धृतम् । सतां श्रियो विश्वदुर्गतिहृतः ।

---

જેવું બની જાય છે, અથવા તો વિશ્વમાં તોફાન કરતા પાપ અને મૃત્યુનું હરણ કરનારા આ સ્વામિને માટે એ અદ્ભુત નથી.

કારણ કે જે અનંત પાપો અને મરણોનું અપહરણ કરવામાં કુશળ છે, તેઓ એક મૃત્યુને તો સહેલાઈથી મારી જ શકે, એમાં કોઈ આશ્ચર્ય નથી. ॥૨૯॥

સરસ કરુણાથી પલળેલા ચિત્તવાળા, વૈભવ અને અભ્યુદયના પ્રકારના સંગવાળા એવા જેમણે જગતનો વિપત્તિના સાગરમાંથી ઉદ્ધાર કર્યો. ખરેખર સજ્જનોની લક્ષ્મીઓ સમગ્ર વિશ્વના દુઃખ-દારિદ્ર્યને હરનારી હોય છે. ॥૩૦॥

**यस्य संस्मरणमीक्षणं गुणो-**
**त्कीर्त्तनं स्नपनमर्चनं च तत् ।**
**पूरयत्यसुमतां मनोरथान्,**
**किं न वा भगवतः शुभावहम् ? ॥२-३१॥**

यस्य संस्मरणमीक्षणं गुणोत्कीर्त्तनं स्नपनं तद् अर्चनं चासुमतां मनोरथान् पूरयति (अथ)वा भगवतः किं शुभावहं न (अस्ति) ?

पूज्यबुद्ध्या भगवन्तं प्रति कृतं सर्वमेव कल्याणकन्द सङ्काशमित्यभिप्रायः ।

---

જેમનું સમ્યક્ સ્મરણ, દર્શન, ગુણગાન, અભિષેક અને પૂજન જીવોના મનોરથોને પૂર્ણ કરે છે. અથવા તો ભગવાનનું શું કલ્યાણકારક નથી ?

પૂજ્યબુદ્ધિથી ભગવાન પ્રત્યે કરેલું બધું જ કલ્યાણના કંદ જેવું છે, એવો અહીં અભિપ્રાય છે. ॥૩૧॥

**एवं विशेषकमवाप्य जिनं सुवृत्त-**
**कार्त्तस्वरक्षितिभृताखिललोकलक्ष्मीः ।**
**त्यक्तान्यवीक्षणरसा विदधे क्षणेन,**
**क्षोभावहो भवति वा तिलकप्रयोगः ॥२-३२॥**

एवं जिनं विशेषकमवाप्य सुवृत्तकार्त्तस्वरक्षितिभृताऽखिललोकलक्ष्मीः क्षणेन त्यक्तान्यवीक्षणरसा विदधे, (अथ)-वा तिलकप्रयोगः क्षोभावहो भवति ।

विश्वविश्वसम्पदतिशायि भगवत्स्वरूपमिति हृदयम् ।

---

આ રીતે ભગવાનરૂપી તિલકને પામીને સમ્યક્ વર્તુળાકાર સુવર્ણગિરિએ સમગ્ર વિશ્વની લક્ષ્મી પર એવો જાદુ કર્યો કે તેને બીજા કોઈને પણ જોવામાં રસ ન રહ્યો. અથવા તો (મંત્ર-તંત્ર શાસ્ત્રમાં પ્રસિદ્ધ) તિલકપ્રયોગ ક્ષોભ કરનારો થાય જ છે. (માટે ભગવાનરૂપી તિલકથી સુવર્ણગિરિએ આખી દુનિયાની લક્ષ્મીને ક્ષોભ પમાડ્યો તેમાં કોઈ આશ્ચર્ય નથી.)

આશય એ છે કે ભગવાનનું સ્વરૂપ સમગ્ર જગતની લક્ષ્મી કરતાં પણ ચઢિયાતું છે. ॥૩૨॥

ઈતિ શ્રીપાર્શ્વનાથસ્તુતિ અર્થાન્તરન્યાસદ્વાત્રિંશિકા પર તાત્પર્યવૃત્તિ પ્રાર્થનોપનિષદ્

अथ

स्वोपज्ञतात्पर्यवृत्तियुता नवनिर्मिता

# स्तुतिविंशिका

(वंशस्थम्+इन्द्रवंशा = उपजाति)

**अद्यावधि स्वामिनिदं मयार्थितं,**
**समीहितानि सफलानि सन्तु मे ।**
**याचेऽधुना मद्विषयाणि यानि तु**
**समीहितानि सफलानि सन्तु ते ॥३-१॥**

स्वामिन् ! अद्यावधि मयेदमर्थितम्-मे समीहितानि सफलानि सन्तु । अधुना याचे-यानि तु मद्विषयाणि ते समीहितानि, (तानि) सफलानि सन्तु ।

साफल्येऽपि मत्समीहितानां सार्थक्यविरहेण तत्साफल्यस्य नैष्फल्यानतिशायित्वात्, विश्वविश्वशुभेच्छोस्तव मद्गोचरेच्छा-

---

મારા નાથ ! આજ સુધી હું તારી પાસે માંગતો રહ્યો કે મારી ઈચ્છાઓ ફળો, પણ આજે હું માંગું છું કે મારા માટેની તારી ઈચ્છાઓ ફળો.

કારણ કે મારી ઈચ્છાઓ સફળ થાય, તો ય એ સાર્થક તો નથી. (આત્મહિતકર પ્રયોજન તેનાથી સિદ્ધ થતું નથી.) અને સમગ્ર જગતના હિતેચ્છુ એવા તારી

साफल्येऽनवाप्ताभावाच्चेयमेव साम्प्रतं मे प्रार्थना साम्प्रते-त्याशयः ।

**'मत्पात्रतायोग्यसुखानि न त्वया,**
**दत्तानि मे' नाथ ! बहूदितं मया ।**
**ब्रुवेऽधुनाऽपात्रसुसङ्गतानि,**
**दत्तान्यनल्पान्यसुखानि किन्न मे ? ॥३-२॥**

नाथ ! मत्पात्रतायोग्यसुखानि त्वया मे (मह्यं) न दत्तानि, (इति) मया बहूदितम् । अधुना (तु) ब्रुवे, अपात्रसुसङ्गतानि अनल्पानि असुखानि (त्वया) मे किं न दत्तानि ?

यदपेक्षया स्याद्वाद ईश्वरकर्तृत्ववादोऽपि समाधीयते,

---

મારા માટેની ઈચ્છા ફળે, પછી મારે કાંઈ જ મેળવવાનું બાકી રહેવાનું નથી. માટે હવે તો મારી આ જ પ્રાર્થના ઉચિત છે, એવો અહીં આશય છે. ॥૧॥

મારા વ્હાલા ! મેં એવી ફરિયાદો તો ઘણી કરી કે, "તેં મારી લાયકાતના અનુસારે સુખો નથી આપ્યા." પણ હવે હું કહું છું કે, "તેં મારી નાલાયકતાના અનુસારે મને દુઃખો કેમ નથી આપ્યા ?"

જે અપેક્ષાથી સ્યાદ્વાદમાં ઈશ્વરકર્તૃત્વવાદનો સમન્વય થાય છે, તે અપેક્ષાથી અહીં પ્રભુ સુખ-દુઃખના દાતા છે,

तदपेक्षयाऽत्र सुखादिदातृत्वं तस्य विज्ञेयम् । इष्टसंयोगादि-हेतुकार्त्तध्यानं ममानुचितमेव स्वपापानुरूपविपाकमननुप्राप्त-स्येत्याशयः, कारुण्यं चेदं तव यन् मम पापस्यापीदृक् सुखदुर्ललितत्वमिति हृदयम् ।

**त्वत्प्रीतिपानीयमपक्रमावहं,**
**भूयाद् भवप्रीतिमलस्य मे विभो ! ।**
**इति स्पृहा मे सफला तदा तदा**
**प्रीत्या हि मां स्नपयसि त्वमेकशः ॥३-३॥**

विभो ! त्वत्प्रीतिपानीयं मे भवप्रीतिमलस्यापक्रमावहं भूयादिति मे स्पृहा । तदा सफला (स्यात्), यदा हि त्वमेकशो मां प्रीत्या स्नपयसि ।

---

એમ સમજવું. અહીં આશય એ છે કે ઈષ્ટસંયોગ આદિના માટે મારું આર્ત્તધ્યાન અનુચિત જ છે, કારણ કે મારા પાપોને અનુરૂપ ફળ મને હજી મળ્યું જ નથી અને હું આટલો સુખી છું, એ પણ તારી જ કરુણા છે. ॥૨॥

મારા વ્હાલા ! તારા પ્રત્યેનું મારું વ્હાલ મારા સાંસારિક બધા વ્હાલનો વિલય કરી દે, એ મારી સ્પૃહા ત્યારે જ ફળે કે જ્યારે એક વાર તું મને વ્હાલથી નવડાવી દે.

तवाश्रयोऽयमन्योऽन्याश्रयभेदोऽतः शीघ्रमेव यतस्वात्रे-त्याशयः ।

**कृत्स्नेषु जीवेषु कृपा तवेश ! या,**
**तस्यां न चेन्मे ह्यभविष्यदास्पदम् ।**
**तदाऽभविष्यो जिन एव नो तत-**
**स्त्वद्भागभाजं जिन ! रक्ष रक्ष माम् ॥३-४॥**

ईश ! कृत्स्नेषु जीवेषु या तव कृपा, तस्यां चेन्मे आस्पदं न ह्यभविष्यत्, तदा (त्वं) जिन एव नोऽभविष्यः, जिन ! ततस्त्वद्भागभाजं मां रक्ष रक्ष ।

एकजीवाश्रयकारुण्यस्याप्यभावे विश्वविश्वविषयकारुण्य-

---

પ્રભુ ! આ પરસ્પરાશ્રયને ભેદવો એ તારા હાથની વાત છે, માટે તું તેના માટે પ્રયત્ન કર, એવો અહીં આશય છે. ॥૩॥

નાથ ! બધા જીવો પર તારી જે કરુણા, તેમાં જો મારું સ્થાન ન હોત, તો તું ભગવાન જ ન બની શક્યો હોત. પ્રભુ ! માટે તારા ભાગીદાર એવા મારી રક્ષા કર, રક્ષા કર.

જો એક જીવ ઉપર પણ કરુણા ન હોય, તો સમગ્ર વિશ્વ પરની કરુણાથી મળી શકે એવું તીર્થંકરપણુ પ્રાપ્ત

हेतुकतीर्थकृत्त्वायोगात्त्वत्तत्त्वे ममापि भागः, अतस्त्वत्प्रत्युपकार्य एवाहमिति व्यङ्ग्योक्तिः ।

**स्वामिन् ! महागा अपि राजदर्शनं,**
**सकृत् स्ववक्तव्यकृते समर्हति ।**
**इत्यस्ति नीतिर्जिन ! दर्शनं सकृत्,**
**तवार्थये किं जन एष नार्हति ? ॥३-५॥**

स्वामिन् ! महागा अपि सकृत् स्ववक्तव्यकृते राजदर्शनं समर्हति, इति नीति (रस्ति) । जिन ! (अतोऽहमपि) सकृत् तव दर्शनमर्थये, किमेष जनो नार्हति ?

उक्तनीत्यैव महापापिष्ठस्यापि मम त्वया देयमेव दर्शनम्,

---

ન થાય. માટે આપના તીર્થંકરપણામાં મારો ય ભાગ છે, માટે તારે મારા પર પ્રત્યુપકાર કરવો જ જોઈએ, એવી અહીં વ્યંગ્યોક્તિ છે. ॥૪॥

નાથ ! એવી નીતિ છે, કે મોટા અપરાધીને પણ એક વાર પોતાની વાત કહેવા માટે રાજાને મળવાની તક આપવામાં આવે છે. પ્રભુ ! હું પણ ઈચ્છું છું કે એક વાર તો તારું દર્શન મળે... શું હું એટલો પણ લાયક નથી ?

ઉપરોક્ત નીતિથી જ મહાપાપી એવા પણ મને

तव मर्यादापुरुषोत्तमस्य तदतिक्रमायोगादित्याशयः ।

**अनन्तसङ्ख्या सुगुणास्तु सन्ति ते**
**दोषा अनन्ता अपि सन्ति मे विभो ! ।**
**आश्वस्त एषोऽस्मि गुणाः प्रकाशक-**
**देश्या अतो दोषतमोऽपनायकाः ॥३-६॥**

विभो ! तेऽनन्तसङ्ख्यां सुगुणाः सन्ति । मे दोषा अप्यनन्ताः सन्ति । (तथाऽपि) एष (अहं) आश्वस्तोऽस्मि । (यतः-तव) गुणाः प्रकाशकदेश्याः, अतः (मम) दोषतमो-ऽपनायकाः (भविष्यन्ति) ।

अन्यथा तु समानबलतया मद्दोषापहतिर्दुःसम्भवैवा-

---

તારે દર્શન દેવું જ પડશે. તું તો મર્યાદાપુરુષોત્તમ છે, તું જ મર્યાદાનું ઉલ્લંઘન કરે, એ તો શી રીતે બને ? એવો અહીં આશય છે. ॥૫॥

મારા વ્હાલા ! તારા સદ્ગુણો જો અનંત છે, તો મારા દોષો પણ અનંત છે. આશ્વાસન હોય તો એટલું કે તારા ગુણો પ્રકાશ જેવા છે, માટે તેઓ મારા દોષોરૂપી અંધકારને દૂર કરીને જ રહેશે.

જો આવું ન હોત, તો તો તારા ગુણો ને મારા દોષો સમાનરૂપે બળવાન હોત, તેથી મારા દોષોનો નાશ

ऽभविष्यत्, किन्त्वधुना प्रकाशलवस्यापि विपुलसन्तम-ससंहारकत्वं श्रद्दधानो विश्वस्ततामनुभवामीत्यभिप्रायः ।

**पुत्रापराधान् निखिलान् तु क्षाम्यति,**
**पिता स्वपुत्रत्वत एव विष्टपे ।**
**सकृत् समङ्गीकुरु मां सुतत्वत-**
**स्ततो न वाच्यं हि ममावशिष्यते ॥३-७॥**

विष्टपे पिता तु स्वपुत्रत्वत एव निखिलान् पुत्रापराधान् क्षाम्यति । (त्वं) सकृन् मां सुतत्वतः समङ्गीकुरु, ततो हि मम वाच्यं नावशिष्यते ।

---

ન થઈ શકત, પણ હવે હું નિશ્ચિંત છું. કારણ કે મને ખબર છે કે પ્રકાશનો અંશ પણ વિરાટ અંધકારનો સંહાર કરી શકે છે. ॥૬॥

હે પરમપિતા ! દુનિયામાં પિતા પોતાના પુત્રના બધા અપરાધોને માફ કરી દે છે, માત્ર એટલા જ માટે કે એ પોતાનો પુત્ર છે. આપ એક વાર મને આપના પુત્ર તરીકે સ્વીકારી લો, પછી તો મારે કાંઈ જ કહેવાની જરૂર નથી.

एवमेव त्वत्परमपितृत्वरक्षा मदर्थसिद्धिश्चेति हृदयम् ।

**तव स्मरिष्यामि कदापि न ह्यहं,**
**स्मार्यस्त्वयैवाहमजस्रमीश्वर ! ।**
**चित्तस्य धर्मः स्मरणं यतो मतं,**
**चित्तं तु मे तद् भवता सदा हृतम् ॥३-८॥**

ईश्वर ! अहं कदापि तव न हि स्मरिष्यामि । त्वयैवाहमजस्रं स्मार्यः । यतः चित्तस्य धर्मः स्मरणं मतम्, तन्मे चित्तं तु सदा भवता हृतम् ।

न हि धर्मिणमन्तरेण तद्धर्मः सम्भवति क्वचित्,

---

આ જ રીતે આપનું ‘પરમપિતા’ એવું વિશેષણ પણ સુરક્ષિત થઈ જશે, અને મારું ય પ્રયોજન સિદ્ધ થઈ જશે, એવો અહીં આશય છે. ॥૭॥

પ્રભુ ! હું કદી તને યાદ નહીં કરું, તારે જ વારંવાર મને યાદ કરવો પડશે. કારણ કે સ્મરણ એ તો મનનો ગુણધર્મ છે, અને મારું મન તો આપે સદાને માટે ચોરી લીધું છે.

ધર્મી (મન) વિના ક્યાંય ધર્મ (સ્મરણ) સંભવે નહીં. જો ધર્મી વિના પણ ધર્મ રહે, તો તેમનો ધર્મ-ધર્મી ભાવ જ ન ઘટે, એવો ભાવ જે પ્રસિદ્ધ છે, તેનો અભાવ

तद्भावाभावप्रसक्तेः, अतस्तवैवाहं स्मरणीयः पालनीयश्चेति भावः ।

**त्वदीयसंयोगसुखं न चेन्मम,**
**ललाटपट्टे लिखितं न साम्प्रतम् ।**
**वियोगदुःखं त्वधुनैव यच्छ मे,**
**सौभाग्यपाकस्तत एव वर्त्स्यते ॥३-९॥**

त्वदीयसंयोगसुखं मम ललाटपट्टे चेत् साम्प्रतं न लिखितं (वर्तते), (तत्) वियोगदुःखं तु मेऽधुनैव यच्छ, (यतः) तत एव (मम) सौभाग्यपाको वर्त्स्यते ।

त्वद्वियोगदुःखस्यैव त्वत्संयोगसुखसन्दोहावन्ध्यनिबन्धनत्वादिति हृदयम् ।

---

થવાનો પ્રસંગ આવે. માટે તારે જ મને યાદ કરવો પડશે, અને મારી રક્ષા કરવી પડશે. ॥૮॥

મારા વ્હાલા ! જો તારા સંયોગનું સુખ આજે મારા લલાટે ન જ લખાયું હોય, તો તારા વિયોગ બદલ ભારોભાર દુઃખ તો મને આજે જ આપી દે. એ દુઃખથી જ મારું સૌભાગ્ય જાગી ઉઠશે.

કારણ કે તારા વિયોગનું દુઃખ જ તારા સંયોગના વિપુલ આનંદનું અમોઘ કારણ છે. ॥૯॥

**आकण्ठमाकालमपारकर्दमे**
**दोषात्मके चेत् पतितोऽस्मि तारक ! ।**
**अचिन्त्यशक्ते ! निखिलज्ञ ! तावक-**
**विशेषणान्येव न लाञ्छनानि किम् ? ॥३-१०॥**

(अहं) चेद् दोषात्मकेऽपारकर्दमे आकण्ठमाकालं पतितोऽस्मि, (तदा हे) तारक ! अचिन्त्यशक्ते ! निखिलज्ञ! (एतानि) तावकविशेषणान्येव किं लाञ्छनानि न (भविष्यन्ति)?

यदि हि त्वं तारकः, अचिन्त्यशक्तिः सर्वज्ञश्च, तदा

---

પ્રભુ ! જો હું દોષરૂપ અપાર કાદવમાં હંમેશા ગળાડૂબ પડ્યો રહીશ, તો હે તારક ! હે અચિંત્ય શક્તિસંપન્ન ! હે સર્વજ્ઞ ! શું તારા આ વિશેષણો જ કલંકરૂપ નહીં બની જાય ?

જો તું તારક, અચિન્ત્યશક્તિ અને સર્વજ્ઞ છે, તો મારી આવી સ્થિતિ કેમ હોય ? તું તારક છે, તો તારી તારવાની ફરજ છે. કદાચ મારા જેવા અપાત્રને તારવાની શક્તિ ન હોત, તો વાત જુદી હતી. પણ તું તો અકલ્પ્ય શક્તિનો સ્વામી છે. આટલું હોવા છતાં ય મારી સ્થિતિની તને જાણ ન હોત તો કદાચ તારો બચાવ થઈ શકત, પણ તું તો સર્વજ્ઞ છે. પ્રભુ ! હવે એવું નથી લાગતું ?

कथं ममेदृशी स्थितिरिति ।

**मा भूत् त्वदीयं स्मरणं कदापि मे,**
**ह्येतावदेवार्थय ईश ! नापरम् ।**
**यतः स्मृतिर्विस्मृतया विना न हि,**
**त्वद्विस्मृतिश्चानभिवाञ्छिता मम ॥३-११॥**

ईश ! कदापि हि मे त्वदीयं स्मरणं मा भूत्, एतावदेव (अहं) अर्थये, अपरं न, यतः स्मृतिर्विस्मृतया विना न हि (भवति), त्वद्विस्मृतिश्च मेऽनभिवाञ्छिता (अस्ति) ।

त्वद्विषयविस्मरणनान्तरीयकस्मरणाभावेन सदा त्वदेकोप-युक्तं मन्मनो भूयादित्याशयः ।

---

કે મને તારવામાં તારો સ્વાર્થ છે. ॥૧૦॥

મારા વ્હાલા ! મને કદી પણ તારું સ્મરણ ન થાઓ, એટલું જ હું માંગુ છું, બીજું કાંઈ નહીં, કારણ કે સ્મરણ એ વિસ્મરણ વિના નથી થતું અને તારું વિસ્મરણ એ મને ઈષ્ટ નથી.

સ્મરણ તેનું જ થાય, કે જેનું પૂર્વે વિસ્મરણ થયું હોય. મારે તો એવું સ્મરણ પણ ન જોઈએ. મારા મનમાં તો હંમેશ માટે તું જ રમ્યા કરે એવું હું ઈચ્છું છું. ॥૧૧॥

**त्वया समं क्षेत्रजमन्तरं क्वचित्,**
**क्वचित्तु कालप्रसवं त्वदन्तरम् ।**
**तथापि याचे न कदाचिदीश्वर !**
**त्वदन्तरं रे ! भवतान् मदन्तरे ॥३-१२॥**

ईश्वर ! क्वचित् त्वया समं क्षेत्रजमन्तरं (अभवत्), क्वचित्तु कालप्रसवं त्वदन्तरं (अभवत्) रे ! तथापि (अहं) याचे, (यद्) मदन्तरे कदाचित् त्वदन्तरं न भवतात् ।

तदानन्तर्यसिद्धौ क्षेत्राद्यन्तरस्य तदसिद्धौ च क्षेत्राद्यानन्तर्यस्याकिञ्चित्करत्वादित्यभिप्रायः ।

---

મારા નાથ ! ક્યાંક તારી સાથે ભૌગોલિક અંતર પડ્યું. (જેમકે સીમંધરસ્વામી સાથે.) અને ક્યાંક તારી સાથે કાલિક અંતર પડ્યું, (જેમકે મહાવીરસ્વામી સાથે) રે, (જેવું મારું નસીબ !) પણ તો ય હું એટલી પ્રાર્થના કરું છું કે મારા અંતરમાં કદી તારાથી અંતર (છેટું) ન હોજો.

જો મારા અંતરમાં તારાથી અંતર ન રહે, તો ભૌગોલિક ને કાલિક અંતર મારું કાંઈ બગાડી શકે એમ નથી, અને જો મારા અંતરમાં તારાથી અંતર હોય તો તારી સાથે ભૌગોલિક ને કાલિક યોગ મારું કાંઈ સુધારી શકે તેમ નથી. ॥૧૨॥

(शार्दूलविक्रीडितम्)

**स्वर्णाम्भोधरवद् ह्यदा जिन ! यदा,**
**तत्राभवं न ह्यहं,**
**सम्प्राव्राजयदप्यनल्पमनुजान्,**
**तत्राप्यहं नाभवम् ।**
**निःसङ्ख्यान् प्रतिबोधयस्यपि यदा,**
**तत्राऽपि नास्मि प्रभो !**
**तन्मे ब्रूहि जगच्छुभेच्छुकमतौ,**
**किं नाभवं ते विभो ! ॥३-१३॥**

जिन ! यदा (त्वं) स्वर्णाम्भोधरवत् (सांवत्सरिकं) दानं ह्यदाः, तत्राहं न ह्यभवम् । (त्वं यदा) अपि अनल्पमनुजान् सम्प्राव्राजयत्, तत्राप्यहं नाभवम् । प्रभो ! यदापि (अद्य त्वं) निसङ्ख्यान् (जीवान्) प्रतिबोधयसि, तत्रापि (अहं) नास्मि। विभो ! तन्मे (एतावदेव) ब्रूहि, किं ते जगच्छुभेच्छकमतौ

---

નાથ ! જ્યારે તે સુવર્ણમેઘની જેમ સાંવત્સરિક દાન આપ્યું, ત્યારે હું ત્યાં ન હતો, જ્યારે તે પુષ્કળ મનુષ્યોને પ્રવ્રજ્યા આપી, ત્યારે પણ હું ત્યાં ન હતો. આજે તું જ્યારે અસંખ્યોને પ્રતિબોધ કરે છે, ત્યારે પણ હું ત્યાં નથી, તો પ્રભુ ! હવે મને એટલું જ કહી દે, કે તે (પૂર્વના ત્રીજા ભવે) વિશ્વના કલ્યાણની ભાવના જે

(अपि) किं (अहं) नाभवम् ?

यदि मत्कल्याणमपि त्वया विचारितमेव प्राक्तनभवे, तदा कथं मम कल्याणवञ्चिततेति प्रश्नाऽऽशयः ।

**क्षेमं च योगं च करोति यः श्रिते,**
**स एव नाथाभिधया निरुच्यते ।**
**चेन्नो द्वयं तन् मयि सन्तनोषि तत्,**
**किं नाथ ! नाथाभिधया न मुच्यसे ? ॥३-१४॥**

यः श्रिते क्षेमं च योगं च करोति, स एव नाथाभिधया निरुच्यते । नाथ ! चेत् तद् द्वयं (त्वं) मयि नो सन्तनोषि, तत् किं (त्वं) नाथाभिधया न मुच्यसे ?

---

મનમાં ભાવી, એ તારા મનમાં પણ હું ન હતો ?

જો તે ત્યારે મારું પણ કલ્યાણ વિચાર્યું જ હતું, તો પછી હું કલ્યાણથી વંચિત કેમ રહી ગયો ? ॥૧૩॥

જે શરણાગતના યોગ અને ક્ષેમ કરે, તેને જ નિરુક્તિથી 'નાથ' એવા શબ્દથી કહેવાય છે. જો આપ મારા યોગ-ક્ષેમ નહીં કરો, તો શું આપનું 'નાથ' એવું બિરુદ જતું નહીં રહે ?

એવંભૂતનયના અભિપ્રાયથી તો જતું જ રહેશે. માટે આપે પોતાના પદની રક્ષા ખાતર પણ મારા યોગ-ક્ષેમ

मुच्यस एवैवम्भूतनयाभिप्रायेणेति स्वपदरक्षार्थमपि त्वया मद्योगक्षेमौ कार्यावित्याकूतम् ।

**विहङ्गमास्ते ददति प्रदक्षिणा,**
**वृक्षा अपि त्वां विनमन्ति हे जिन ! ।**
**समीरणोऽपीश ! निषेवते हि ते,**
**कृपां कुरुष्वानुचितं तु माऽर्थये ॥३-१५॥**

हे जिन ! विहङ्गमास्ते प्रदक्षिणा ददति । वृक्षा अपि त्वां विनमन्ति । ईश ! समीरणोऽपि हि ते निषेवते । कृपां कुरुष्व, मा तु (अहं) अनुचितमर्थये ।

साक्षाज्जिनसान्निध्यसाधकं तादृशैकेन्द्रियादित्वमप्यस्तु मे-

---

કરવા જ જોઈએ, એવો અહીં આશય છે. ॥૧૪॥

મારા નાથ ! પંખીઓ તને પ્રદક્ષિણા આપે છે, વૃક્ષો પણ તને પ્રણામ કરે છે. પવન પણ તારી સેવા કરે છે. પ્રભુ ! કૃપા કર, નહીં તો હું કાંઈક અનુચિત પ્રાર્થના કરી બેસીશ.

જેમાં સાક્ષાત્ પ્રભુનું સાન્નિધ્ય મળે એવું એકેન્દ્રિયાદિપણું પણ મને હોજો - એવી હું અનુચિત પ્રાર્થના ન કરી બેસું, માટે આપ પ્રસન્ન થઈને મને

इत्याकारकानुचितप्रार्थना मम मा भूदिति स्वसान्निध्यदानेन मयि प्रसादं विधेहीति हृदयम् ।

**नमन्ति जीवा जिन ! ते तु लक्षशो**
**नमामि चाहं प्रणतस्तु लक्षशः ।**
**शून्योऽभिमानेन तथाप्यसि प्रभो !**
**तथाऽप्यहङ्कारकदर्थितोऽस्म्यहम् ॥३-१६॥**

जिन ! ते तु लक्षशो जीवा नमन्ति (इतः) प्रणतश्चाहं तु लक्षशो नमामि । प्रभो ! (त्वं) तथाप्यभिमानेन शून्योऽसि। अहं (च) तथाप्यहङ्कारकदर्थितोऽस्मि ।

द्वयमप्येतन्महाश्चर्यमिति भावः ।

---

પહેલાથી જ આપનું સાન્નિધ્ય આપો, એવો અહીં આશય છે. (ઉપરોક્ત પ્રદક્ષિણા વગેરે દેવકૃત અતિશય છે. પ્રસ્તુતમાં તો ભક્તની હૃદયોર્મિ માત્ર વ્યક્ત કરી છે.) ॥૧૫॥

પ્રભુ ! તને તો લાખો જીવો પ્રણામ કરે છે અને હું ઝૂકી ઝૂકીને લાખોને (કે લાખો વાર બીજાને) પ્રણામ કરું છું. તો ય તારામાં અહંકારનું નામ નથી, ને તો ય મારા અહંકારનો પાર નથી, હું અહંકારથી કદર્થિત છું.

આ બન્ને મહા આશ્ચર્ય છે, એવો ભાવ છે. ॥૧૬॥

**वियोगदुःखान्वितमाह कोऽपि मां,**
**भवान्तरे त्वां भगवान् मिलिष्यति ।**
**यथा तृषार्त्तं निजगाद कोऽपि हि,**
**श्वः प्राप्तिरर्णस्य भविष्यति ध्रुवम् ॥३-१७॥**

कोऽपि वियोगदुःखान्वितं मामाह भवान्तरे त्वां भगवान् मिलिष्यति । यथा कोऽपि हि तृषार्त्तं निजगाद-श्वो (तव) ध्रुवमर्णस्य प्राप्तिर्भविष्यति ।

नाथ ! त्वमेव ब्रूहि, किं वाहं समाश्वसिमि, विधुरतरो वा भवामीति ।

**न मत्कृते किन्तु भवत्कृतेऽपि मां,**
**निस्तारयेशात्र वदामि कारणम् ।**

---

પ્રભુ ! તારા વિરહના દુઃખમાં હું ઝુરતો હતો, અને એમાં કોઈ મને આશ્વાસન આપી ગયું, કે "ભવાંતરમાં તને ભગવાનનો યોગ થશે." જાણે કે કોઈએ તરસ્યાને કહીં દીધું, કે "કાલે તને નક્કી પાણી મળશે."

નાથ ! તું જ કહે, કે મારે આશ્વસ્ત થઈ જવું ? કે પછી વધુ દુઃખી થઈ જવું ? ॥૧૭॥

પ્રભુ ! માત્ર મારા માટે જ નહીં, પણ તારા માટે પણ તું મારો નિસ્તાર કર, એનું હું કારણ કહું છું - તું

**कारुण्यपुण्योऽसि च सर्वदर्शनो**

**भवभ्रमं मे तु कथं नु वीक्ष्यसि ॥३-१८॥**

ईश ! न मत्कृते (एव) किन्तु भवत्कृतेऽपि मां निस्तारय, अत्र (अहं) कारणं वदामि - (त्वं) कारुण्यपुण्यः सर्वदर्शनश्चासि, मे भवभ्रमं तु (त्वं) कथं नु वीक्ष्यसि ।

मा भूदुक्तगुणप्रयुक्तं तव दारुणं दुःखं मन्नरकादियातनां पश्यत इत्येतद्धेतोरपि तार्य एवाहमित्याकूतम् ।

**त्वद्भक्तिरेवास्ति विमुक्तिदूतिका,**

**विज्ञाय चैतत् पतितोऽस्मि सङ्कटे ।**

**चेदर्थये भक्तिमवाप्नुयां शिवं,**

**नो चेद्, द्विधाऽपि प्रभुभक्तिवञ्चितः ॥३-१९॥**

---

કરુણાથી પવિત્ર છે અને સર્વદર્શી છે, તું મારા ભવભ્રમણને શી રીતે જોઈ શકીશ ?

તું મારી નરક વગેરેની યાતનાઓ જોઈશ અને ઉપરોક્ત ગુણથી તને ભયંકર દુઃખ થશે, એવું ન થાય, એ માટે પણ તારે મને તારવો જ પડશે, એવો અહીં આશય છે. ॥૧૯॥

પ્રભુ ! જે દિવસે મેં જાણ્યું કે તારી ભક્તિથી મુક્તિ મળે, એ દિવસથી હું ઘણી મુસીબતમાં મુકાઈ

त्वद्भक्तिरेव विमुक्तिदूतिकाऽस्ति, एतच्च विज्ञाय (अहं) सङ्कटे पतितोऽस्मि, चेत् (अहं) भक्तिमर्थये, (तदा) शिवमाप्नुयाम्, नो चेद् (अर्थये), द्विधाऽपि प्रभुभक्तिवञ्चितः (भवामि) ।

भक्तियाञ्चया भक्तिप्रयुक्तमुक्तिप्राप्तौ तत्र त्वद्भक्ति-विरहात्तद्वञ्चितता, अयाञ्चया च तदभावात्तद्वञ्चिततेतीतो व्याघ्र-स्ततस्तटी-न्यायापातो ममेत्याशयः ।

(वसन्ततिलका)

**कारुण्यपुण्यहृदयः समुदासहृत् किं ?**
**विश्वोपकृत्यनलसः किमु निष्क्रियोऽपि ? ।**

---

ગયો છું. જો તારી ભક્તિ માંગુ, તો ભક્તિ મળવાથી મુક્તિ મળે અને હું તારી ભક્તિથી વંચિત થઈ જાઉં, અને જો ભક્તિ ન માંગુ, તો તો ભક્તિથી વંચિત થાઉં જ, એ સ્પષ્ટ જ છે. આમ હું બંને રીતે તારી ભક્તિથી વંચિત થઈ જાઉં.

મારા વ્હાલા ! આ બાજુ વાઘ ને પેલી બાજુ નદી - એવો મારો ઘાટ છે. શું કરવું મારે ? ॥૧૯॥

પ્રભુ આપનું હૃદય કારુણ્યથી પવિત્ર છે, તો પછી આપ ઉદાસીન (તટસ્થ) હૃદયવાળા કેમ છો ? જો આપ

**संसारतारक इतः किमितः कृतार्थः ?**
**कल्याणबोधिमिह किं प्रतिवक्ति नाथः ? ॥३-२०॥**

त्वत्प्रतिवचनप्रतीक्षापरिणत उपरमत्ययं जनः ।

---

જગત પર ઉપકાર કરવામાં સજ્જ છો, તો પછી નિષ્ક્રિય કેમ છો ? એક બાજુ આપ સંસારતારક છો, તો બીજી બાજુ કૃતકૃત્ય થઈને કેમ બેસી ગયા છો ? નાથ ! આપ કલ્યાણબોધિને (મને) અહીં શું ઉત્તર આપો છો ?

બસ, આપના ઉત્તરની પ્રતીક્ષા કરતો આ સેવક સ્તુતિથી વિરમે છે. ॥૨૦॥

इति

चरमतीर्थपति करुणासागर श्रीमहावीरस्वामिशासने
जीवरसाम्बरनयने ( २०६६ ) वैक्रमेऽब्दे श्रावणकृष्णद्वितीयादिने
श्री अठवालाइन्स जैन सङ्घ( सुरत )मध्ये तपागच्छीयाचार्यदेव-
श्रीमद्विजयप्रेम-भुवनभानु- पद्म-हेमचन्द्रसूरीश्वरशिष्य-आचार्य-
विजयकल्याणबोधिसंस्तुत-स्वोपज्ञस्तुतिविंशिकातात्पर्यवृत्तिरूपा
प्रार्थनोपनिषद्

---

ઈતિ

ચરમતીર્થપતિ કરુણાસાગર શ્રીમહાવીરસ્વામિશાસને
શ્રાવણ વદ ૨ (વિ.સં. ૨૦૬૬) દિને
શ્રી અઠવાલાઈન્સ જૈન સંઘ-સુરત મધ્યે
તપાગચ્છીય-આચાર્યદેવ શ્રીમદ્વિજય-
પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-હેમચન્દ્રસૂરીશ્વરશિષ્ય-
આચાર્ય વિજયકલ્યાણબોધિસૂરિ સંસ્તુત
સ્વોપજ્ઞસ્તુતિવિંશિકા-તાત્પર્યવૃત્તિરૂપ
પ્રાર્થનોપનિષદ્

पं. श्रीभावविजयप्रणीतम्

# श्रीअन्तरिक्षपार्श्वनाथमाहात्म्यम्

प्रणम्य परमानन्दं, शान्तिरसनिमज्जनम् ।
[१]स्वानुभूतश्चमत्कारो, वर्ण्यते सदुपकृते ॥१॥

પરમાનંદમય, શાન્તિરસમાં નિમજ્જન કરનારા એવા પ્રભુને નમસ્કાર કરીને ભવ્ય જીવો પર ઉપકાર કરવા માટે પોતે અનુભવેલા ચમત્કારનું વર્ણન કરાય છે. ॥૧॥

जम्बूद्वीपभरतस्य, मध्यभूभागमण्डनम् ।
पुरं सत्यपुरं नाम्नाऽभूद्वनखण्डमण्डितम् ॥२॥

જંબૂદ્વીપના ભરતક્ષેત્રના મધ્યખંડના અલંકાર જેવું સત્યપુર નામનું નગર હતું. આસપાસના વનખંડો આ નગરની શોભાને વધારતા હતાં. ॥૨॥

तत्रौषवालवंशेऽभू-द्राजमल्लोऽस्य तु प्रिया ।
मूली नाम्ना भानिरामं, पुत्रं सौम्यमजीजनत् ॥३॥

એ નગરમાં ઓસવાલ વંશમાં રાજમલ્લ નામના શ્રાવક થયાં. તેમની પત્નીનું નામ હતું મૂલી. તેમણે ભાનિરામ નામના સૌમ્યપુત્રને જન્મ આપ્યો. ॥૩॥

---

१. स्वानुभवं चमत्कारम्. प्र. ॥

अन्यदा तत्र नगरे, [१]शमादिगुणसागरः ।
विजयदेव आचार्यो, ययौ साधुसमन्वितः ॥४॥

અન્ય કાળે તે નગરમાં ક્ષમા વગેરે ગુણોના સાગર વિજયદેવસૂરિ નામના આચાર્ય સાધુઓ સાથે પધાર્યા. ॥૪॥

घनागमं मयूरीव, तत्र सूरिसमागमम् ।
श्रुत्वा मुदो ययुः सर्वे, वन्दितुं श्राद्धश्राविकाः ॥५॥

જેમ મયૂરી વર્ષાકાળને સાંભળીને આનંદિત થઈ જાય, તેમ આચાર્યશ્રીના આગમનને સાંભળીને સર્વ શ્રાવક-શ્રાવિકાઓ આનંદથી વંદન કરવા ગયાં. ॥૫॥

वन्द्य सूरिपदाम्भोजं, चातकेष्विव पक्षिषु ।
आगमामृतपिपासुषूपविष्टेषु तेषु च ॥६॥

આચાર્ય ભગવંતના ચરણ કમલમાં વંદના કરીને ચાતક પક્ષીઓની જેમ શ્રાવક-શ્રાવિકાઓ આગમવાણી રૂપી અમૃતના પિપાસુ બનીને બેસી ગયા ॥૬॥

सप्तनयाञ्चतुर्भङ्गां दुरितदूरिकारणाम् ।
सुधामुधाकरीं सूरिर्विदधे धर्म्मदेशनाम् ॥७॥ युग्मम्

---

१. क्षमादि.

આચાર્ય ભગવંતે દેશનાનો પ્રારંભ કર્યો. એ દેશના સાત નયોથી યુક્ત હતી. ચાર ભાંગાઓથી સહિત હતી. પાપોને દૂર કરનારી હતી. અમૃતને ય વૃથા કરનારી હતી. ॥૭॥

तद्गिरा प्रतिबुद्धोऽहं, दीक्षां जग्राह सोत्सुकः ।
भावविजय इति मे, दीक्षानाम व्यधाद्गुरुः ॥८॥

તેમની વાણીથી હું પ્રતિબોધ પામ્યો. મેં ઉત્સુકતાથી દીક્ષા લીધી. ગુરુભગવંતે 'ભાવવિજય' એવું મારું દીક્ષાનામ રાખ્યું. ॥૮॥

ततश्च गुरुभिः सार्द्धं, विहरन्मरुमण्डले ।
अभ्यासयामासाभ्यासं, सूत्रादीनां यथारुचि ॥९॥

પછી મેં ગુરુ સાથે મારવાડમાં વિહાર કર્યો અને સૂત્ર વગેરેનો રુચિ અનુસારે અભ્યાસ કર્યો. ॥૯॥

ततः सन्तुष्टगुरुभिर्जोधपुराख्यपत्तने ।
श्रीसङ्घसमक्षं मयि, गणिपदं समर्पितम् ॥१०॥

પછી સંતુષ્ટ થયેલા ગુરુદેવે જોધપુર નામના નગરમાં શ્રીસંઘ સમક્ષ મને ગણિપદ આપ્યું. ॥૧૦॥

ततश्च श्रीमदाचार्यः, पाटणसङ्घप्रेरितः ।
अर्बूदाद्रिमभिवन्द्य, सशिष्यो गुर्जरं ययौ ॥११॥

પછી પાટણના સંઘની વિનંતીથી આચાર્ય ભગવંત શિષ્યોની સાથે આબુ પર્વત પર જિનવંદના કરીને ગુજરાતમાં પધાર્યા. ॥૧૧॥

गच्छन्मार्गमृतौ ग्रीष्मे, नेत्रयोर्मे रुजाऽभवत् ।
यथा तथा गुरुभिश्च, सार्द्धं पूःपाटणं ययौ ॥१२॥

ત્યારે રસ્તામાં જતાં ગ્રીષ્મ ઋતુમાં મને આંખોમાં રોગ થયો. તો પણ જેમ તેમ કરીને હું ગુરુભગવંત સાથે પાટણનગરમાં ગયો. ॥૧૨॥

श्रीमन्तः श्रावकास्तत्र, सौषधैरगदङ्करैः ।
विविधोपायनं चक्रुस्तथाऽप्यगातां मे दृशौ ॥१३॥

ત્યાં શ્રીમંત શ્રાવકોએ ઔષધસહિત વૈદો દ્વારા વિવિધ ઉપચારો કર્યા. છતાં પણ મારી દૃષ્ટિ જતી રહી. ॥૧૩॥

दीपहीनगृहमिव, नेत्रहीनोऽहमन्यदा ।
विजयदेवमाचार्यं, पृष्टवाँस्तुदुपायनम् ॥१४॥

દીવા વિનાના ઘરની જેમ હું નેત્રરહિત થઈ ગયો. અન્ય કાળે મેં વિજયદેવસૂરિ મહારાજને તેનો ઉપચાર પૂછ્યો. ॥૧૪॥

ततो मयि कृपां कृत्वा, ददौ सूरीश्वरस्तदा ।
पद्मावत्या महामन्त्रं, पूर्णविधिविधानतः ॥१५॥

પછી મારા પર કૃપા કરીને સૂરીશ્વરે પૂર્ણ વિધિ-વિધાનપૂર્વક મને પદ્માવતીદેવીનો મહામંત્ર આપ્યો. ॥૧૫॥

ततश्च श्रीमदाचार्यश्चातुर्मासीं समाप्य च ।
मुनिना सह मां तत्र, मुक्त्वाऽन्यत्र विनिर्ययौ ॥१६॥

પછી ચાતુર્માસ પૂર્ણ કરીને મુનિ ભગવંત સાથે મને મુકીને શ્રી આચાર્ય ભગવંત અન્યત્ર પધાર્યા. ॥૧૬॥

ततो गुरूक्तविधिना, तन्मन्त्राराधिते सुरी ।
एत्य स्वप्ने सविस्तारं, ममाचख्यौ च तद्यथा ॥१७॥

પછી મેં ગુરુએ કહેલી વિધિપૂર્વક તે મંત્રનું આરાધના કરતા દેવીએ સ્વપ્નમાં આવીને મને વિસ્તાર સાથે કહ્યું કે... ॥૧૭॥

कूर्माङ्कहरिवंशस्य, श्रीसुव्रतस्य शासने ।
बभूव रावणो नाम, प्रतिविष्णुर्महाबली ॥१८॥

કાચબાના લાંછનવાળા હરિવંશના શ્રી મુનિસુવ્રત સ્વામીના શાસનમાં રાવણ નામનો મહાબળવાન પ્રતિવાસુદેવ થયો હતો. ॥૧૮॥

एकदा स्वस्वसृनाथं, खरदूषणभूपतिम् ।
प्रेषयामास कस्मैचित्, कार्याय सोऽतिसत्त्वरं ॥१९॥

એક વાર તેણે કોઈ કામ માટે પોતાના બનેવી ખરદૂષણ રાજાને ખૂબ શીઘ્રતાથી મોકલ્યા. ॥૧૯॥

सोऽपि पातालल‌ङ्केशो, विमानमधिरुह्य च ।
खगः खग इव व्योममार्गेण प्रचचाल च ॥२०॥

પાતાળલંકાનો રાજા એવા તે વિદ્યાધરે પણ પક્ષીની જેમ આકાશમાર્ગે પ્રસ્થાન કર્યું. ॥૨૦॥

अनेकान्नगरान् देशान्, वनखण्डाँश्च भूधरान् ।
समुल्लङ्घ्याथ विङ्गोलिं, देशमापाऽशनक्षणे ॥२१॥

અનેક નગરો, દેશો, વનખંડો અને પર્વતોને ઓળંગીને ભોજનના સમયે વિંગોલી દેશમાં પહોંચ્યો. ॥૨૧॥

तदा चोत्तीर्य सो भूमौ, स्नात्वा पूजनपात्रभृत् ।
[1]समानय जिनचैत्यं, सूपकारमदोऽवदत् ॥२२॥

ત્યાં તે ધરતી પર ઉતરીને સ્નાન કરીને પૂજાના પાત્ર લઈને સજ્જ થયો અને તેણે રસોઈયાને કહ્યું, “ઘરદેરાસરને અહીં લાવ.” ॥૨૨॥

---

१. ममानय. प्र. ।

प्रणम्य सभयः प्राह, सूपकारः कृताञ्जलिः ।
स्वामिन्पातालल‌ङ्कायां, गृहचैत्यं तु विस्मृतम् ॥२३॥

રસોઈયાએ હાથ જોડીને પ્રણામ કર્યા અને ભય સાથે કહ્યું કે, "સ્વામી ! ઘરદેરાસર તો પાતાલલંકામાં ભૂલાઈ ગયું છે." ॥૨૩॥

इति श्रुत्वा महीनाथस्तत्रस्थं वालुगोमयम् ।
समादाय विनिर्माय, पार्श्वनाथस्य [१]प्रतिमाम् ॥२४॥

એમ સાંભળીને રાજાએ ત્યાં રહેલી રેતી અને છાણ લઈને તેમાંથી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાનું નિર્માણ કર્યું. ॥૨૪॥

नमस्कारैर्महामन्त्रैः, प्रतिष्ठाप्य समर्च्य च ।
विससर्ज जलकूपे, बिम्बमाशातनाभयात् ॥२५॥

નવકાર મહામંત્રોથી તેની પ્રતિષ્ઠા કરી અને પૂજા કરી. પછી આશાતનાના ભયથી પ્રતિમાજીને પાણીવાળા કૂવામાં પધરાવ્યા. ॥૨૫॥

पतन्मात्रप्रतिमां तां, तत्र कूपस्थदेवता ।
गृह्य( धृत्वा )पुण्यपूञ्जमिव, चकार वज्रसन्निभाम् ॥२६॥

---

१. ( बिम्बकम् ) ।

હજી તો પ્રતિમાજી કૂવામાં પડ્યા અને તેની સાથે જ કૂવામાં રહેલા દેવતાએ જાણે પુણ્યનો પૂંજ હોય, તેવા એ પ્રતિમાજીને ધારણ કર્યા અને તેમને વજ્ર જેવા દૃઢ કરી દીધા. ॥૨૬॥

खरदूषणभूपोऽपि, भोज्यं [१]भोज्य ततोऽगमत् ।
स्वामिकार्यं विधायाशु, पुनर्लङ्कापुरीं ययौ ॥२७॥

આ બાજુ ખરદૂષણ રાજા પણ ભોજન કરીને પછી ત્યાંથી નીકળી ગયો અને જલ્દીથી સ્વામિનું કાર્ય કરીને ફરીથી લંકાપુરીમાં ગયો. ॥૨૭॥

तत्प्रभृति बहुकालं, तत्र कूपे स निर्जरः ।
पूजयामास तद्बिम्बं, भक्त्या भाविजिनोत्तमम् ॥२८॥

ત્યારથી માંડીને ઘણા સમય સુધી તે કૂવામાં તે દેવે ભાવિ શ્રેષ્ઠ જિન તે બિંબની ભક્તિથી પૂજા કરી. ॥૨૮॥

शास्त्रोक्ताऽऽर्यसार्द्धपञ्च-विंशदेशान्तर्वर्तिकः ।
वैराटनगरेणासौ, मत्स्यदेशोऽवलक्ष्यते ॥२९॥

શાસ્ત્રમાં કહેલા સાડા પચ્ચીસ આર્યદેશોમાંનો એક મત્સ્ય દેશ છે. જે વૈરાટ નગરથી જણાય છે. ॥૨૯॥

---

१. (भुक्त्वा.) ।

स देशो विङ्गोलनाम्ना, तदा ख्यातस्ततश्च सः ।
वैराटश्च ततोप्यभूत्, वराडेति तु साम्प्रतं ॥३०॥

તે દેશ ત્યારે વિંગોલિ નામથી પ્રખ્યાત હતો. પછી તે વૈરાટ નામનો થયો. વર્તમાનમાં તેનું નામ વરાડ દેશ છે. ॥૩૦॥

तत्राभूच्चन्द्रवंशी राडेलचपुरपत्तने ।
श्रीपालः स च प्रजानां, नेत्रकैरवचन्द्रमाः ॥३१॥

ત્યાં એલચપુર નામના નગરમાં ચંદ્રવંશી શ્રીપાલ રાજા હતો અને તે પ્રજાની આંખોરૂપી કુમુદો પ્રત્યે ચન્દ્રમા સમાન હતો. ॥૩૧॥

पितृभ्यां कल्पितो नाम, श्रीपालस्तस्य तारुएये[१] ।
इलचेति कृतं लोकैः, सम्यगिलां प्रशासनात् ॥३२॥

તેમના માતા-પિતાએ તેનું નામ શ્રીપાલ રાખ્યું હતું. પણ તે ઈલા=પૃથ્વીનું સમ્યક્પ્લાન કરતો હોવાથી લોકોએ યુવાનીમાં તેનું નામ ઈલચ રાખ્યું હતું. ॥૩૨॥

एकदा प्राक्तनैः पापैः, कुष्टरोगं भयङ्करम् ।
प्रादुरभूत्तनौ राज्ञ-स्तेनामूर्च्छत्सोऽभीक्षणं( क्ष्णम् ) ॥३३॥

---

१ ( तारुण्ये ) ।

એક વાર પૂર્વકૃત પાપોથી રાજાના શરીરમાં ભયંકર કુષ્ઠ રોગ થયો. તેનાથી તે વારંવાર મૂર્ચ્છા પામવા લાગ્યો. ॥૩૩॥

विविधौषधविद्वैद्यैः, कृतोपायोऽपि भूपतिः ।
नालेभे जातुचिच्छान्तिं, वनवाटिजलाशये ॥३४॥

વિવિધ ઔષધોના જાણકાર વૈદ્યોએ ઉપાયો કરવા છતાં પણ રાજાને વન, બગીચા કે વાવડીઓમાં ક્યાંય શાંતિ મળતી ન હતી. ॥૩૪॥

अन्येद्युरेलचो भूप-स्तया वेदनयाऽऽकुलः ।
निरगात्स्वपुराद्बाह्यं, रुजां निर्वृतिहेतवे ॥३५॥

એક વાર એલચ રાજા તે વેદનાથી આકુળ થઈને રોગોની શાંતિ માટે નગરની બહાર જતો રહ્યો. ॥૩૫॥

[१]इतस्ततो भ्रमन् राजा, तोयतृषासमाकुलः ।
यत्र पार्श्वगर्भकूपं, ययौ चिञ्चातरोस्तले ॥३६॥

રાજા પાણીની તરસથી વ્યાકુળ થઈને આમ તેમ ભમતો હતો, ત્યારે જ્યાં પાર્શ્વનાથ ભગવાન અંદર હતાં તે કૂવા પાસે ચિંચાવૃક્ષની નીચે ગયો. ॥૩૬॥

---

१. इतस्ततोऽभमद्राजा प्र. ।

तत्र कूपे कराङ्घ्र्यास्यं, प्रक्षाल्यैलापतिस्तदा ।
स्वच्छस्वादूपयः पीत्वा, पुनः स्वशिबिरं ययौ ॥३७॥

ત્યારે રાજાએ તે કૂવામાં હાથ, પગ, મોઢું ધોયા, સ્વચ્છ અને સ્વાદિષ્ટ પાણી પીધું અને પછી ફરીથી પોતાની શિબિરમાં ગયો. ॥૩૭॥

घर्ममार्गमतिक्रान्ते, श्रान्तचित्तः स भूपतिः ।
सायंकालेऽपि सुश्वा( ष्वा )प, सराज्ञिस्तत्र मञ्चके ॥३८॥

ગરમીમાં રસ્તો પસાર કર્યા પછી રાજા મનથી થાકી ગયો હતો. તેથી તે સાંજે પણ રાણી સાથે ત્યાં માંચડા પર સૂઈ ગયો. ॥૩૮॥

यः सदा समग्ररात्रं, मीनेव फर्फरायकः ।
स तस्यां निशि निश्चिन्तो, लेभे निद्रां यथारुचि ॥३९॥

જે હંમેશા આખી રાત પાણી વિના માછલીની જેમ તરફડતો હતો, તે રાજા તે રાતે રુચિને અનુસારે નિશ્ચિંતપણે સૂઈ ગયો. ॥૩૯॥

प्रातः समुत्थिते राज्ञि, निरुक्पाणिपदाननम् ।
राज्ञो विलोक्य सा राज्ञी, पप्रच्छ प्राणवल्लभम् ॥४०॥

स्वामिन् ! ह्योऽह्नि कराङ्घ्र्यास्यं, भवद्भिः कुत्र क्षालितम् ।
येनैतद्विनष्टकुष्टं, प्रदृश्यते ममाधुना ॥४१॥

સવારે રાજા ઉઠ્યો. રાણીએ જોયું કે રાજાના હાથ, પગ અને મોઢું નીરોગી થઈ ગયા હતાં. રાણીએ પતિને પૂછ્યું, "સ્વામી ! ગઈ કાલે તમે હાથ, પગ, મોઢું ક્યાં ધોયા હતાં ? કે જેથી અત્યારે એ મને કોઢરહિત દેખાય છે. ॥૪૦-૪૧॥

चलतेश ! पुनर्यूयं, सर्वाङ्गं तत्र क्षाल्यताम् ।
गमिष्यति भवतां वै, तेन तोयेन कुष्टरूक् ॥४२॥

સ્વામી ! તમે ફરીથી ત્યાં જાઓ અને આખા શરીરનું ત્યાં પ્રક્ષાલન કરો. તે પાણીથી આપનો કોઢ રોગ જતો રહેશે. ॥૪૨॥

इति राज्ञ्या वचोबुद्धो, गत्वा तत्र नृपेलचः ।
सर्वाङ्गं स्नपयामास, पार्श्वपूतेन पायसा ॥४३॥

આ રીતે રાણીના વચનથી જાણીને ઈલચ રાજા ત્યાં ગયો અને પાર્શ્વનાથ ભગવાનથી પાવન થયેલા પાણીથી સર્વાંગ સ્નાન કર્યું. ॥૪૩॥

अनलेन यथा स्वर्णं, तत्तोयेन तथा वपुः ।
बभूव तत्क्षणं तस्य, हीलचस्य निरामयम् ॥४४॥

જેમ અગ્નિથી સુવર્ણ શુદ્ધ થઈ જાય તેમ તે

પાણીથી તે જ ક્ષણે ઈલચ રાજાનું શરીર નીરોગી થઈ ગયું. ॥૪૪॥

ततः स सम्प्राप्ताश्चर्य-सराज्ञीलचभूपतिः ।
अन्नपानं परित्यज्या-राधयामास तं सुरम् ॥४५॥

પછી ઈલચ રાજા અને રાણી આશ્ચર્ય પામ્યા અને અન્ન-પાણી છોડીને તેમણે તે દેવની આરાધના કરી. ॥૪૫॥

भो कूपान्तरधिष्ठात-र्भो भोऽत्र क्षेत्रदेवते ! ।
यः कोऽपि तिष्ठति सो मे, देहि दर्शं सकृपया ॥४६॥

હે કૂવાના અધિષ્ઠાતા ! હે અહીંના ક્ષેત્રદેવતા ! જે કોઈ પણ અહીં હોય, તે મને કૃપા કરીને દર્શન આપે. ॥૪૬॥

इत्युदीर्य स्थिते राज्ञि, निर्जगाम दिनत्रयम् ।
दृष्ट्वा दृढप्रणयं तं, तदा तत्रस्थदेवता ॥४७॥

આમ કહીને રાજા ત્યાં જ રહ્યો. ત્રણ દિવસ પસાર થઈ ગયાં. ત્યારે રાજાને દૃઢ અનુરાગવાળો જોઈને ત્યાંના દેવતા... ॥૪૭॥

[1]स्वप्नान्तरे समागत्य, बभाणेत्येलचाधिपम् ।
राजन् ! पार्श्वप्रभोर्बिम्बं, विद्यतेऽत्र खरार्पितम् ॥४८॥

સ્વપ્નમાં આવ્યા અને એલચ રાજાને કહ્યું કે, “અહીં ખર રાજાએ આપેલું પાર્શ્વનાથ ભગવાનનું બિંબ છે. ॥૪૮॥

तन्मूर्तिस्पर्शत एत-न्महापूतं पयोऽभवत् ।
तद्वारिभिः स्नपनेन, त्वच्छरीरं निरामयम् ॥४९॥

તેમની મૂર્તિના સ્પર્શથી આ પાણી ખૂબ પવિત્ર થયું છે. તે પાણીથી સ્નાન કરવાથી તારું શરીર નીરોગી બન્યું છે. ॥૪૯॥

तद्बिम्बस्पर्शतोयेना-साध्यान्यपि लयन्ति हि ।
श्वासखासज्वरशूल-कुष्ठादीनि न संशयः ॥५०॥

તે બિંબનો સ્પર્શ જે પાણીને થયો છે, તેના સ્પર્શથી અસાધ્ય એવા પણ દમ, ખાંસી, તાવ, શૂળ, કોઢ વગેરે રોગો જતા રહે છે. તેમાં કોઈ સંશય નથી. ॥૫૦॥

नेत्रहीनो लभेन्नेत्रे, बधिरः कर्णगोचरम् ।
मूको वाचा पदौ पङ्गु-रपस्मारी पुनर्वपुः ॥५१॥

---

१. प्रत्यक्षं च-प्र.

જે નેત્રહીન હોય તેને નેત્ર મળે, જે બધિર હોય તેને કર્ણનો વિષય = શબ્દ મળે = તે સાંભળી શકે, મૂક હોય તે વાણીને મેળવી શકે, આવેશ-ધ્રૂજારીના રોગવાળો સ્થિર શરીરને મેળવી શકે. ॥૫૧॥

वीर्यहीनो महावीर्यं, धनार्थी द्रविणं तथा ।
कान्तार्थी कान्तकान्तां च, पुत्रार्थी पुत्रपौत्रकान् ॥५२॥

જે નિર્વીર્ય હોય તે મહાવીર્યવાન બને, ધનનો અર્થી ધનને મેળવે, પત્નીનો ખપી સુંદર પત્નીને મેળવે અને પુત્રનો ઈચ્છુક પુત્રો અને પૌત્રોને મેળવે. ॥૫૨॥

गतराज्यो महाराष्ट्रं, पदहीनो पदोत्तमः( मम्) ।
जयकाङ्क्षी लभेज्जीतं, विद्याहीनः सरस्वतीम् ॥५३॥

જેનું રાજ્ય જતું રહ્યું હોય તે મોટા રાજ્યને મેળવે, જે પદરહિત હોય તે શ્રેષ્ઠ પદ મેળવે. જે વિજયનો ઈચ્છુક હોય તે વિજય મેળવે અને વિદ્યારહિત હોય તે સરસ્વતીને મેળવે. ॥૫૩॥

प्लायन्ते भूतवेतालाः, [१]डायिनी शायिनीमुखाः ।
शाम्यन्ति कुग्रहाः सर्वे, मूर्तिस्पर्शेन( स्पृष्टेन )वारिणा ॥५४॥
कुलकम्

१. डाकिनी शाकिनी मुखाः ।

ભૂત-વેતાળો ભાગી જાય, ડાકિની, શાકિની વગેરે નાસી જાય, સર્વ ખરાબ વળગાડો શમી જાય, એવો પ્રભુપ્રતિમાનો સ્પર્શ જેને થયો છે, એવા પાણીનો પ્રભાવ છે. ॥૫૪॥

वर्णैः किं बहुभिरस्याः, स्वेष्टकार्यं प्रदायिनी ।
चिन्तामणिरिव साक्षा-दियं मूर्तिः कलौ नृप ! ॥५५॥

એનું વધારે વર્ણન કરવાથી શું ? રાજન્ ! કળિકાળમાં પોતાનું ઈષ્ટ કાર્ય સાધી આપનારી આ મૂર્તિ સાક્ષાત્ ચિંતામણિ છે. ॥૫૫॥

नागराजधरणस्य, सेवकोऽहं [१]स्वयं प्रभोः ।
तदादिष्ट इह स्थित्वा, भक्त्या मूर्तिमुपास्महे ( ? ) ॥५६॥

હું પોતે નાગરાજ ધરણ પ્રભુનો સેવક છું, તેમની આજ્ઞાથી અહીં રહીને ભક્તિથી પ્રતિમાજીની ઉપાસના કરું છું.'' ॥૫૬॥

आकर्ण्येति विभोर्वर्णं, भक्त्योल्लसितमानसः ।
तत्प्रत्यक्षचमत्कारीं, मूर्तिं स प्रार्थितः
( प्रार्थितवान् ) सुरात् ॥५७॥

---

१. स्ययं. प्र.

આ રીતે પ્રભુનું વર્ણન સાંભળીને રાજાનું મન ભક્તિથી ઉલ્લસિત બન્યું. તે પ્રત્યક્ષ ચમત્કાર સર્જનારી મૂર્તિની તેણે દેવ પાસે માંગણી કરી. ॥૫૭॥

देवः प्राह श्रुणु राजन् ! मार्गिते धनधान्यके ।
दास्येऽहं त्वां यथेष्टं च, परं मूर्तिं कदापि न ॥५८॥

દેવે કહ્યું, “રાજન્ ! સાંભળો, તમે ધન-ધાન્ય માંગશો, તો હું તમારી ઈચ્છા મુજબ તમને આપીશ, પણ મૂર્તિ તો કદી નહીં આપું.” ॥૫૮॥

एवं नानाविधै र्वाक्यैः, सुरे( ण ) सम्बोधिते( तो )ऽपि सः ।
न व्यधात्पारणं राजा, मूर्तिजिघृक्षुमानसः ॥५९॥

આ રીતે અનેક વાક્યોથી દેવે સમજાવવા છતાં પણ રાજાએ પારણું ન કર્યું. તેનું મન મૂર્તિ લેવા માટે કટિબદ્ધ બન્યું હતું. ॥૫૯॥

गते प्राणेऽपि यास्यामि, नाहमिति दृढाशयः ।
भक्तपानं विना तत्र, व्यति( य )यौ सप्तवासरम् ॥६०॥

‘મારા પ્રાણ જતા રહે તો પણ હું નહીં જાઉં’ એમ દૃઢ સંકલ્પ સાથે રાજાએ ત્યાં અન્ન-પાણી વિના સાત દિવસ પસાર કર્યા. ॥૬૦॥

ततस्तपोबलादेत्य, रात्रौ धरणराट् स्वयम् ।
प्रबोध्य तमित्युवाच, राजन् ! किं त्वं हठायसे ॥६१॥

પછી તપના બળથી રાતે સ્વયં ધરણરાજ પધાર્યા. રાજાને જાગૃત કરીને કહ્યું કે, "તમે શા માટે હઠ કરો છો ? ॥૬૧॥

महाचमत्कारिण्यास्या, मूर्त्याः पूजा न सेत्स्यति ।
युष्मद्भिश्च ततो राजन् !, सिद्धकार्यो गृहं व्रज ॥६२॥

મહા ચમત્કારી એવી આ મૂર્તિની પૂજા તમે નહીં કરી શકો. માટે હે રાજન્ ! તમારું કામ તો (આરોગ્ય) થઈ ગયું છે. માટે તમે ઘરે જાઓ." ॥૬૨॥

राजोवाच फणिराज ! स्वकुक्षिभरणेन किम् ? ।
ततो जगदुपकृते, देहि मूर्तिं मम प्रभोः ॥६३॥

રાજાએ કહ્યું, "નાગેન્દ્ર ! પોતાનું પેટ ભરવાથી શું? માટે જગતના ઉપકાર માટે મને ભગવાનની મૂર્તિ આપો. ॥૬૩॥

विनाऽऽकृतिं न यास्यामि, गते प्राणेऽपि नागराट् ! ।
ददातु न ददातु वा, मम प्राणस्तु तत्प्रभोः[१] (?) ॥६४॥

---

१. प्रभौ. प्र. ॥

નાગરાજ ! મારા પ્રાણ જતા રહે, તો ય હું પ્રતિમાજી વિના નહીં જાઉં. આપ પ્રતિમાજી આપો કે ન આપો, મારા પ્રાણ તો તે પ્રભુના છે. (પ્રભુમાં જ લીન બન્યા છે ?) ॥૬૪॥

इत्याकर्ण्य नागराजः, साधर्मिकष्टभीतिना ।
प्राह तमेलचाधीशं, धरणेन्द्रो धरणीधवम् ॥६५॥

આ સાંભળીને નાગરાજને ભય લાગ્યો કે સાધર્મિકને (મરણરૂપી) કષ્ટ થશે. તેથી ધરણેન્દ્રે એલચ રાજાને કહ્યું... ॥૬૫॥

राजन् ! त्वद्भक्तिसन्तुष्टो, दास्येऽहं प्राणतः प्रियाम् ।
जगदुपकृते नूनं, मूर्तिमिमां चमत्कृत( ता )म् ॥६६॥

"રાજા ! તમારી ભક્તિથી હું પ્રસન્ન થયો છું. આ મૂર્તિ મને પ્રાણથી પણ પ્યારી છે, તો પણ વિશ્વ પર ઉપકાર થાય, તે માટે હું તમને આ ચમત્કારી મૂર્તિ આપીશ. ॥૬૬॥

परमस्य प्रभोः राजन् !, मा कार्षीस्त्वमाशातनाः ।
अन्यथा चेन्महाकष्टं, मच्चेतसि भविष्यति ॥६७॥

---

१. मन्मनसि प्र. ॥

પણ હે રાજન્ ! તમે આ પ્રભુની આશાતના નહીં કરતા, અન્યથા મારા મનને ખૂબ ઠેસ પહોંચશે.'' ॥૬૭॥

**ओमिति स्वीकृते राज्ञि, प्राह नागो नृप ! श्रुणु ।**
**प्रगे स्नात्वा स्वच्छीभूय, त्वमेहि कूपनैकटम् ॥६८॥**

રાજાએ 'હા' કહીને ધરણેન્દ્રની વાતનો સ્વીકાર કર્યો. ત્યારે નાગરાજે કહ્યું, ''રાજા ! સાંભળો, સવારે સ્નાન કરીને સ્વચ્છ થઈને તમે કૂવાની નજીક આવજો. ॥૬૮॥

**विधाय नालशिबिकां, बद्ध्वा तां सूत्रतन्तुभिः ।**
**तस्मिन् कूपे घटमिवो-त्तार्य करावलम्बनात् ॥६९॥**

કમળની નાળની શિબિકા બનાવીને તેને સૂતરના તાંતણા સાથે બાંધીને તે કૂવામાં હાથના આલંબનથી ઘડાની જેમ ઉતારજો. ॥૬૯॥

**स्थापयिष्यामि तन्मूर्तिं, यानपात्रे ततो नृप ! ।**
**बहिर्निष्काष्य वर्धाप्य, नाडिरथे निवेश्यताम् ।।युग्मम्।।७०।।**

રાજન્ ! પછી હું તે મૂર્તિને યાનપાત્રમાં સ્થાપિત કરીશ. તેને બહાર કાઢીને, તેના વધામણા કરીને તેને નાલિકાના રથમાં બેસાડજો. ॥૭૦॥

सप्ताहोगोजनुवत्सौ, रथे नियोज्य तदग्रतः ।
त्वया गम्यं च त्वत्पृष्ठे, सो रथः स्वयमेष्यति ॥७१॥

રથમાં તેની આગળ ગાયના સાત દિવસના વાછરડાઓને જોડીને તમારે આગળ જવું. તે રથ સ્વયં તમારી પાછળ આવશે. ॥૭૧॥

नीयतां ते यत्र वाञ्छा, बिम्बं पार्श्वप्रभोरिदम् ।
द्द( द्र )ष्टव्यं न त्वया पृष्ठे, द्दष्टे पृष्ठे न चैष्यति ॥७२॥

તમને જ્યાં ગમે ત્યાં આ પાર્શ્વપ્રભુની પ્રતિમા તમે લઈ જજો. પણ તમારે પાછળ ન જોવું. જો પાછળ જોશો, તો પછી પ્રતિમાજી નહીં આવે. ॥૭૨॥

एतत्पञ्चमकालत्वा-दद्दष्टो मूर्त्यधिष्ठितः ।
तस्याहं पूरयिष्याम्यु-पासकस्य मनोरथम् ॥७३॥

આ પંચમ કાળ છે. માટે હું અદૃશ્યપણે મૂર્તિનું અધિષ્ઠાન કરીશ અને તેના ઉપાસકના મનોરથને પૂર્ણ કરીશ.'' ॥૭૩॥

इत्युक्त्वा तन्निशाशेषे, नागराजे गते सति ।
सम्प्रबुद्धः प्रगे राजा, तथाचक्रे स तत्क्षणात् ॥७४॥

આમ કહીને રાત્રિ થોડી બાકી હતી ત્યારે નાગરાજ

ગયા. રાજા સવારે ઉઠ્યો અને સવારે તે જ ક્ષણે તે પ્રમાણે કર્યું. ॥૭૪॥

बाह्यागतां प्रतिमां तां, स्थाप्य नालरथे नृपः ।
तर्णकौ द्वौ च संयोज्य, तदग्रिमश्चचाल सः ॥७५॥

બહાર આવેલી તે પ્રતિમાને રાજાએ નાળના રથમાં બેસાડીને બે સાત દિવસના વાછરડાઓને જોડ્યા અને તેમની આગળ તે ચાલ્યો. ॥૭૫॥

मार्गं गच्छन् कियद् दूरं, राजा दध्यौ स्वचेतसि ।
नाकर्ण्यते रथनादं, तत्किं नाथो नागच्छति ? ॥७६॥

રસ્તામાં થોડે દૂર જતાં રાજાએ પોતાના મનમાં વિચાર્યું કે રથનો અવાજ કેમ સંભળાતો નથી ? તો શું પ્રભુજી આવતા નથી ? ॥૭૬॥

इतिचिन्त्य (?) वक्रदृष्ट्या, सेक्षाञ्चक्रे नृपः प्रभुम् ।
तद्दृष्टिपातमात्रेण, निरगादधस्ताद्रथः ॥७७॥

આમ વિચારીને તે રાજાએ વાંકી નજરે પ્રભુને જોયા. તે જોતાની સાથે જ ભગવાનની નીચેથી રથ જતો રહ્યો. ॥૭૭॥

तत्र न्यग्रोधवृक्षाधोऽन्तरिक्षे च स्थितं विभुम् ।
वीक्ष्य सप्तकरोदग्र-मन्तरिक्षस्ततो जगुः ॥७८॥

ત્યાં વડના ઝાડની નીચે સાત હાથની ઊંચાઈએ અંતરિક્ષમાં રહેલા પ્રભુને જોઈને લોકોએ તેમને અંતરિક્ષ તરીકે સંબોધ્યા. ॥૭૮॥

वर्त्मनि संस्थिते नाथे, सविषादैर्नृपैस्तदा ।
पुनराराधितो नागः, प्राहात्रैव स्थास्यत्यसौ ॥७९॥

પ્રભુ રસ્તામાં જ સ્થિર થઈ ગયાં. ત્યારે રાજાને વિષાદ થયો. તેણે ફરીથી નાગરાજની આરાધના કરી. નાગરાજે કહ્યું કે, "પ્રતિમાજી અહીં જ રહેશે." ॥૭૯॥

इत्याकर्ण्य महीनाथ-स्तत्र चैत्यमकारयत् ।
विशालं लक्षमुद्राङ्कं, रङ्गमण्डपमण्डितम् ॥८०॥

એમ સાંભળીને રાજાએ ત્યાં જિનાલય બંધાવ્યું. એ જિનાલય વિશાળ હતું, લાખ મુદ્રાથી અંકિત હતું, રંગમંડપથી સુશોભિત હતું. ॥૮૦॥

परिसमाप्तं तच्चैत्यं, दृष्ट्वा दध्यौ नृपो हृदि ।
अहो हीदृशचैत्येन, स्थास्यत्यति ममाभिधा ॥८१॥

તે ચૈત્ય પૂરું થયું છે, એવું જોઈને રાજાએ મનમાં વિચાર કર્યો કે, "આવા ચૈત્યથી તો મારું નામ થઈ જશે." ॥૮૧॥

तच्चैत्ये स्थातुमर्हन्तं, प्रार्थयामास पार्थिवः ।
परं नागच्छति तत्र, नृपेऽभिमानकारणात् ॥८२॥

રાજાએ એ ચૈત્યમાં પધારવા માટે પ્રભુને પ્રાર્થના કરી. પણ રાજાને અભિમાન થયું, એ કારણથી પ્રભુ ચૈત્યમાં પધારતા નથી. ॥૮૨॥

ततः खिन्नोऽवनीनाथः, पुनः सस्मार भोगिनम् ।
परं नायाति भोगी स, नृपेऽभिमानकारणात् ॥८३॥

તેથી રાજાએ ખિન્ન થઈને ફરીથી નાગરાજનું સ્મરણ કર્યું. પણ રાજાને અભિમાન થયું, તેથી નાગરાજ આવતા નથી. ॥૮૩॥

अतिखिन्नस्तदा दीनो, राजा पप्रच्छ मन्त्रिणम् ।
प्रभुर्नागच्छति चैत्ये, किं कार्यं तदुपायनम् ॥८४॥

ત્યારે રાજા ખૂબ ખિન્ન થઈ ગયો, દીન થઈને તેણે મંત્રીને પૂછ્યું કે, "ભગવાન ચૈત્યમાં પધારતા નથી, તેનો ઉપાય શું કરવો ?" ॥૮૪॥

इतिश्रुत्वा हृदि चिन्त्य (?), जजल्प सचिवस्तदा ।
उपायमेकमस्त्यत्र, शृणुत मद्वचः प्रभो ! ॥८५॥

એ સાંભળીને મનમાં વિચાર કરીને ત્યારે મંત્રીએ

કહ્યું કે હે સ્વામી ! અહીં એક ઉપાય છે, આપ મારી વાત સાંભળો. ॥૮૫॥

श्रूयतेऽभयदेवाख्यः, सर्वशास्त्रविशारदः ।
मान्यो बहुषु भूपेषु, सूरिः सुरीबलान्वितः ॥८६॥

એવું સંભળાય છે કે અભયદેવ નામના આચાર્ય છે. તેઓ સર્વ શાસ્ત્રોમાં નિપુણ છે. ઘણા રાજાઓમાં માનનીય છે. દેવીના બળથી યુક્ત છે. ॥૮૬॥

गुर्जरदेशि( शी )यो राजा, कर्णः कर्णेवविक्रमः ।
स ददौ श्रीमति सूरौ, मल्लधारिमहापदम् ॥८७॥

ગુજરાતના એક રાજા છે કર્ણ. તેઓ કર્ણ જેવા પરાક્રમી છે. તેમણે આચાર્યશ્રીને 'મલ્લધારી' એવું મહાન પદ આપ્યું છે. ॥૮૭॥

स चाचार्यो गते वर्षे, स्तम्भनसङ्घसत्तमैः ।
समं माणिक्यदेवेशं, नन्तुमितः समागतः ॥८८॥

અને તે આચાર્યશ્રી ગયા વર્ષે સ્તંભન (ખંભાત)ના સંઘના અગ્રણીઓ સાથે માણિક્યદેવ (કુલપાકજીમાં સ્થિત મહાવીરસ્વામી)ને વંદના કરવા માટે અહીંથી પધાર્યા હતાં. ॥૮૮॥

स त्वद्य विद्यते देव !, देवगिर्यभिधे पुरे ।
येन केनाप्युपायेन, चेदायातीह साधुभृत् ॥८९॥

રાજન્ ! અત્યારે એ ભગવંત દેવગિરિ નામના નગરમાં છે. જો તેઓ કોઈ પણ ઉપાયથી મુનિજનો સાથે અહીં પધારે... ॥૮૯॥

[1]तदा तत्सूरिभिर्नूनं, युष्मत्कार्यं च सेत्स्यति ।
इति श्रुत्वा नृपस्तत्र, सचिवेनाऽऽनीतो गुरुम्(रुः) ॥९०॥

...તો તે આચાર્ય ભગવંત દ્વારા આપનું કાર્ય અવશ્ય સિદ્ધ થશે. એમ સાંભળીને રાજાએ મંત્રી દ્વારા ત્યાં ગુરુને તેડાવ્યા. ॥૯૦॥

अन्तरिक्षे स्थितं बिम्बं, दृष्ट्वा सूरिः सविस्मयः ।
श्रुत्वा नृपवचो नागं, सस्मार त्र्युपवासकैः ॥९१॥

આકાશમાં રહેલી પ્રતિમાને જોઈને આચાર્યશ્રી વિસ્મય પામ્યા. રાજાની વાત સાંભળીને ત્રણ ઉપવાસ દ્વારા નાગરાજનું સ્મરણ કર્યું. ॥૯૧॥

---

१. तदा तवेप्सितं सूरि-रेतत्कार्यं विधास्यति ।
इति श्रुत्वा नृपस्तत्रा-नीनयत्सचिवेन तम् ॥प्र.॥९०॥

आगत्य धरणस्तत्रो-वाच सूरीश्वरमिति ।
एतच्चैत्यं विनिर्माय, राज्ञो हृदि मदोद्धुतम् ॥९२॥

ધરણેન્દ્રે ત્યાં આવીને સૂરીશ્વરજીને કહ્યું કે, “આ જિનાલય બંધાવીને રાજાના હૃદયમાં ગર્વ થયો છે. ॥૯૨॥

ततोऽत्र नृपचैत्ये न, स्थास्यति सङ्घमण्डिते ।
इति नागवचः श्रुत्वा, श्राद्धसङ्घमाकारयत् ॥९३॥

માટે ભગવાન રાજાના બંધાવેલા ચૈત્યમાં નહીં રહે, પણ સંઘે સુશોભિત કરેલા ચૈત્યમાં રહેશે.” આ રીતે નાગેન્દ્રનું વચન સાંભળીને ત્યાં આચાર્યશ્રીએ શ્રાવકસંઘને બોલાવ્યો અને કહ્યું... ॥૯૩॥

भो सर्वश्रावका ! यूयं, श्रृणुतात्राशुलाघवम् ।
कुरुध्वं नूतनं चैत्यं, तत्र स्थास्यत्यसौ प्रभुः ॥९४॥

હે સર્વ શ્રાવકો, તમે સાંભળો. અહીં જલ્દીથી નૂતન જિનાલય બનાવો. તેમાં આ પ્રભુ રહેશે. ॥૯૪॥

इति सूरिवचः श्रुत्वा, श्रद्धाभक्तिसमन्वितैः ।
सूरिसङ्गागतैः श्राद्धै-र्मिलित्वा चैत्यमकारयत् ॥९५॥

સૂરિજીનું આવું વચન સાંભળીને શ્રદ્ધા અને ભક્તિથી યુક્ત એવા સૂરિજીની સાથે આવેલા શ્રાવકોએ મળીને ત્યાં જિનાલય કરાવ્યું. ॥૯૫॥

ततः सूरिस्तुतः स्वामी, सुरसङ्क्रमितः स्वयम् ।
[1]खादुत्तीर्य च तच्चैत्ये, विवेश सर्वजनेक्षितः ॥९६॥

પછી સૂરિજીએ પ્રભુની સ્તુતિ કરી. સુરથી સંક્રમિત એવા પ્રભુએ પોતે આકાશથી નીચે ઉતરીને બધા લોકોની સમક્ષ તે ચૈત્યમાં પ્રવેશ કર્યો. ॥૯૬॥

तत्रापि भूमितः सप्ता-ङ्गुलोच्चं संस्थितं प्रभुम् ।
प्रतिष्ठाविधिना सूरिः, प्रतिष्ठापितवाँस्तदा ॥९७॥

ત્યાં પણ ભૂમિથી સાત અંગુલ ઉપર રહેલા પ્રભુની સૂરિજીએ પ્રતિષ્ઠાવિધિથી પ્રતિષ્ઠા કરી. ॥૯૭॥

द्विचत्वारिंशदुत्तरै-कादश शत ११४२ विक्रमे ।
माघसितपञ्चम्यर्के, मुहूर्ते विजयागते ॥९८॥

એ હતી વિક્રમ સંવત્ ૧૧૪૨. દિવસ હતો મહા સુદ પાંચમ, મુહૂર્ત હતું વિજય. ॥૯૮॥

तत्र प्रभोरग्रवामे, भागे तदधिष्ठायक(का)म् ।
[2]स्थापितः तीर्थरक्षार्थं, सूरिः शासनदेवत( ता )म् ॥९९॥

ત્યાં પ્રભુની આગળ ડાબે ભાગે સૂરિજીએ તીર્થરક્ષા માટે તેના અધિષ્ઠાયક શાસનદેવતાને સ્થાપ્યા. ॥૯૯॥

---

१. आकाशात्. २. स्थापितवान् ।

तदा च तत्प्रभोर्भूपो, नानारत्नैः सुमण्डितम् ।
न्यस्य मौलौ किरीटं च, कुण्डले कर्णयोर्द्वयोः ॥१००॥

ત્યારે રાજાએ તે પ્રભુને મસ્તક પર અનેક રત્નોથી સુશોભિત મુગટ પહેરાવ્યો, બન્ને કર્ણમાં કુંડળો પહેરાવ્યા. ॥૧૦૦॥

हीरविशेषकं भाले, दृष्टिममृतवर्षिणीम् ।
कण्ठे मुक्ताफलहार-मङ्गे स्वर्णाङ्गरक्षिकाम् ॥१०१॥

લલાટ પર હીરાનું તિલક ચડાવ્યું, અમૃતની વૃષ્ટિ કરતા હોય એવા ચક્ષુ ચડાવ્યા, કંઠમાં મોતીનો હાર પહેરાવ્યો અને શરીર પર સોનાનું કવચ પહેરાવ્યું. ॥૧૦૧॥

भामण्डलं शिरःपृष्ठे, सूर्यबिम्बविडम्बकम् ।
शीर्षोपरि सितच्छत्रं, मेघाऽऽम्बरडम्बरम् ॥१०२॥

મસ્તકની પાછળ સૂર્ય જેવું ભામંડળ બેસાડ્યું. માથાની ઉપર મેઘના આડંબર જેવી શોભાવાળું સફેદ છત્ર ચડાવ્યું. ॥૧૦૨॥

सङ्गविस्त्रग्धरस्तत्र, गुरुचूर्णशिरोमणिः ।
अज्ञानतिमिरं हर्तुं, सोत्ततार निराजनीम् ॥१०३॥
चतुर्भिः कुलकम् (कलापकम्)

રાજાએ ત્યાં સંઘપતિની માળ પહેરી. ગુરુના વાસક્ષેપને મસ્તકના રત્નની જેમ ધારણ કર્યો અને અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવા માટે પ્રભુની આરતી ઉતારી. ॥૧૦૩॥

ददौ च जिनपूजायै, वासयित्वा पुरं तदा ।
श्रीमद्वासात् श्रीपुराख्यं, श्रीपुरमेकमेलचः ॥१०४॥

એલચ રાજાએ ત્યાં એક નગર વસાવ્યું. તેમાં શ્રીમાન પ્રભુ નિવાસ કરતા હોવાથી તેનું નામ શ્રીપુર રાખ્યું અને તે શ્રીપુર પ્રભુની પૂજા માટે ચૈત્યને અર્પણ કર્યું. ॥૧૦૪॥

यत्र विनिर्गतो नाथ-स्तत्रैवेलचभूपतिः ।
कुण्डं बबन्ध कूपस्य, तत्तोयसर्वोपकृते ॥१०५॥

ભગવાન જ્યાંથી નીકળ્યા હતા, ત્યાં જ એલચ રાજાએ કૂવાનો કુંડ બંધાવ્યો, જેનાથી સર્વ લોકો પર ઉપકાર થઈ શકે. ॥૧૦૫॥

तदा तत्र चतुर्मासं, कृत्वा सूरिर्नृपेरितः ।
ततः प्रबोधयन् भव्यान्, विजहार महीतले ॥१०६॥

ત્યારે રાજાની વિનંતીથી સૂરિજીએ ત્યાં ચાતુર્માસ

કર્યું. પછી ભવ્ય જીવોને પ્રતિબોધ કરતા સૂરિજીએ ધરતીતળ પર વિહાર કર્યો. ॥૧૦૬॥

ततो भो भावविजय !, त्वमपि तत्प्रभुं श्रय ।
आगमिष्यति ते नूनं, नयनयुगलं पुनः ॥१०७॥

માટે હે ભાવવિજય ! તમે પણ તે પ્રભુનું શરણું લો. તમારી બે આંખો નક્કી ફરીથી આવી જશે. ॥૧૦૭॥

इति [1]रात्रौ सुरीवाचां, श्रुत्वाहं गुरुबान्धवम् ।
श्राद्धाँश्च प्राह तैः सार्द्ध-मन्तरिक्षं ययौ तदा ॥१०८॥

આ રીતે રાતે દેવીની વાણી સાંભળીને મેં ગુરુભાઈ અને શ્રાવકોને વાત કરી અને ત્યારે તેમની સાથે અંતરિક્ષ તીર્થમાં ગયો. ॥૧૦૮॥

तत्र सङ्घे समस्तानां, यात्रिणां प्रभुदर्शनम् ।
अभूत्परं च मे नैव, मन्दभाग्यशिरोमणेः ॥१०९॥

ત્યાં સંઘમાં બધા યાત્રિકોને પ્રભુનું દર્શન થયું. પણ મંદભાગીઓમાં શિરોમણી એવા મને દર્શન ન જ થયું. ॥૧૦૯॥

---

१. स्वप्ने. प्र. ।

तदा खिन्नोऽन्नपानीयं, त्यक्त्वाऽहं दर्शनोत्सुकः ।
नानास्तुत्याऽन्तरिक्षं तं, स्तोतुं तत्र प्रचक्रमे ॥११०॥

ત્યારે ખેદ પામીને મેં અન્ન-પાણી છોડી દીધા. દર્શન માટે ઉત્કંઠિત થઈને અનેક પ્રકારની સ્તુતિઓથી તે અંતરિક્ષ પ્રભુની સ્તુતિ કરી... ॥૧૧૦॥

नमस्तुभ्यं जिनेन्द्राय, त्राहिणेऽपकृतामपि ।
कलौ जाग्र( गृ )तदेवाय, यथेष्टफलदायिने ॥१११॥

અપકારીઓના ય રક્ષણહાર, કળિકાળમાં ય જાગૃત દેવ, યથેચ્છિત ફળ આપનાર જિનેન્દ્ર એવા આપને નમસ્કાર હો. ॥૧૧૧॥

विना स्वार्थमहिर्नाथ !, कृतो नागेश्वरस्त्वया ।
कमठे वैरिणि दत्तं, सम्यक्त्वमतिनिष्ठुरे ॥११२॥

નાથ ! આપે સ્વાર્થ વિના સર્પને નાગેન્દ્ર બનાવ્યો, અતિ નિષ્ઠુર શત્રુ એવા કમઠને સમ્યક્ત્વ આપ્યું. ॥૧૧૨॥

आषाढभूतिकं श्राद्धं, त्वां चिरकालसेविनम् ।
दत्तः स्वामिन् ! त्वया मोक्षः कारुण्यरससागर ! ॥११३॥

હે કરુણારસના સાગર ! ચિર કાળ સુધી આપની ઉપાસના કરનાર આષાઢભૂતિ શ્રાવકને આપે મુક્તિ આપી. ॥૧૧૩॥

भक्त्याऽऽलिङ्गनकुर्वन्तं, गजं स्वर्गो ददे त्वया ।
ततः कलिकुण्डनाम्ना, त्वं प्रथितोऽभवो भुवि ॥११४॥

ભક્તિથી આલિંગન કરતા હાથીને આપે દેવલોક આપ્યો. માટે આપ કલિકુંડ નામથી ધરતી પર પ્રસિદ્ધ થયા. ॥૧૧૪॥

नवाङ्गवृत्तिकर्तुश्चा-भयदेवगणेशितुः ।
कुष्टं हृत्वा त्वया नाथ !, कृतं हेमद्युतिवपुः ॥११५॥

નાથ ! નવાંગી વૃત્તિકાર શ્રી અભયદેવસૂરિના કોઢને આપે હરી લીધો અને તેમનું શરીર સુવર્ણ જેવી કાંતિવાળું કરી દીધું. ॥૧૧૫॥

पालनपुरनराधीशः, पालणः परमारकः ।
भ्रष्टराज्यं पुनर्लेभे, त्वत्पदाम्बुजसेवनात् ॥११६॥

પાલનપુરના રાજા પાલણ શત્રુઓને મારનારા હતાં. તે રાજ્યથી ભ્રષ્ટ થયો, તો ય આપના ચરણકમળની સેવાથી ફરીથી રાજ્ય પામ્યા. ॥૧૧૬॥

उद्देशिश्रेष्ठिनो गेहे, घृतवृद्धिस्त्वया कृता ।
ततो घृतकलोलाख्यो, नाथ ! त्वं भुवि विश्रुतः ॥११७॥

નાથ ! ઉદ્દેશિ શેઠના ઘરે આપે ઘીની વૃદ્ધિ કરી, તેથી આપ ઘૃતકલ્લોલ નામથી ધરતી પર પ્રસિદ્ધ થયા. ॥૧૧૭॥

पुत्राथव फलन्तस्य (?), वृद्धिस्तत्र त्वया कृता ।
ततः फलवृद्धिर्नाम्ना, ख्यातः क्षोणीतलेऽभवः ॥११८॥

પુત્રાથવ (?) ફળની આપે ત્યાં વૃદ્ધિ કરી. તેથી આપ ધરતીતળ પર ફલવૃદ્ધિ નામથી પ્રસિદ્ધ થયાં. ॥૧૧૮॥

एलचपुर्नरेन्द्रस्य, सदाहकीटकुष्टिनः ।
कुष्टं [१]हृत्य त्वया नाथ !, कृद्देहं (?) स्वर्णसन्निभम् ॥११९॥

દાહસહિત કીડાવાળા કોઢ રોગથી રોગી થયેલા એલચ નગરના રાજાનો કોઢ આપે હરી લીધો અને તેમના દેહને સોના જેવો કરી દીધો. ॥૧૧૯॥

अत्राप्यन्तरिक्षे स्थातु-मिच्छाऽभूत्ते कलौ परम् ।
मल्लधारिस्तवतुष्ट, एत्य चैत्ये स्थितोऽसि भोः ! ॥१२०॥

આ કળિકાળમાં ય અહીં આપને અંતરિક્ષમાં રહેવાની ઈચ્છા થઈ હતી, પણ મલ્લધારી સૂરિજીની સ્તુતિથી પ્રસન્ન થઈને આપ આ ચૈત્યમાં આવીને રહ્યા છો. ॥૧૨૦॥

---

१. हृत्वा.

एवं कियद्वर्णयामि, भोऽनन्तवर्णगर्भित ! ।
यदि सहस्त्रजिह्वोऽपि, पारं न तर्ह्यहं कथम् ? ॥१२१॥

ઓ અનંત સ્તુતિઓથી ગર્ભિત નાથ ! હું આપનું કેટલું વર્ણન કરું ? જેની હજાર જીભ હોય તો ય તે આપના ગુણોનો પાર ન પામી શકે, તો પછી હું તો શી રીતે પાર પામી શકું ? ॥૧૨૧॥

ईदृगीदृक् चमत्कारः, दर्शितो भुवि नाथ ! मे ।
तर्हि किं ? नेत्रयुग्मं ते, कठिनमत्स्युद्घाटितुम् ॥१२२॥

સ્વામી ! આ ધરતી પર આપે આવો આવો ચમત્કાર દેખાડ્યો છે, તો પછી મારી બે આંખોને ઉઘાડવી એ શું આપના માટે કઠિન છે ? ॥૧૨૨॥

हा नाथ ! तात ! हा स्वामिन्, हा वामाकुलनन्दन ! ।
हाऽश्वसेनवंशदीप !, देहि प्रत्यक्षदर्शनम् ॥१२३॥

ઓ નાથ ! ઓ તાત ! મારા સ્વામી ! વામામાતાના કુળના નંદન ! ઓ અશ્વસેન રાજાના વંશના દીપક ! આપ મને પ્રત્યક્ષ દર્શન આપો. ॥૧૨૩॥

इष्टवस्तु यदि पुत्रं, [१]पित्रौ न ददतस्तदा ।
कोऽन्यो दास्यति हे तात !, हा ! हा ! नेत्रं देहि माम् ॥१२४॥

---

१. पितरौ.

મારા તાત ! જો માતા-પિતા દીકરાને ઈષ્ટ વસ્તુ નહીં આપે, તો બીજું કોણ આપશે ? આપ મને મારી આંખ આપી દો. ॥૧૨૪॥

इत्युद्गारं कुर्वतो मे, त्रोटयामास दृक्पटम् ।
जनजयारवैः सार्द्ध-मद्राक्षं त्रिजगत्पतिम् ॥१२५॥

હું આ રીતે ઉદ્ગાર કરતો હતો, ત્યારે પ્રભુએ મારા નેત્રોના આવરણોને તોડી નાખ્યા. લોકોએ જયજયકાર કર્યો અને તેની સાથે જ મેં ત્રણ લોકના નાથના દર્શન કર્યા. ॥૧૨૫॥

यथा घनेऽपगतेऽर्कं, पश्यन्ति प्राणिनोऽखिलाः ।
तथाऽहं चक्षुःविषया-नद्राक्षं पदार्थान् पुनः ॥१२६॥

જેમ વાદળા જાય એટલે સર્વ જીવો સૂરજને જુએ, તેમ મેં ફરીથી મારી ચક્ષુના વિષયભૂત પદાર્થોને મારી સમક્ષ જોયાં. ॥૧૨૬॥

हा नाथ ! सत्योऽसि पार्श्वो, लोहं हेमकरो भुवि ।
पार्श्वनाथस्ततः सत्यं, तात ते तात
(तात तात !) कृतोऽभिधम् ॥१२७॥

ઓ નાથ ! આપ સાચે જ પારસ છો, જે ધરતી પર લોઢાને ય સોનું કરી દે છે. ઓ તાત ! આપનું પારસનાથ એવું નામ સાચું જ પાડ્યું છે. ॥૧૨૭॥

ततश्च पारणं कृत्वाऽहं हर्षोत्फुल्ललोचनः ।
पुनः पुनरन्तरिक्षं, ददर्श दृष्टिदायकम् ॥१२८॥

પછી મેં પારણું કર્યું. મારી આંખો આનંદથી પ્રફુલ્લિત થઈ ગઈ. મને દૃષ્ટિનનું દાન કરનારા એવા અંતરિક્ષ પાર્શ્વનાથના મેં ફરી ફરી દર્શન કર્યાં. ॥૧૨૮॥

ततो रात्रौ सुषुप्ते मां, [१]एत्याचख्यौ च देवता ।
वत्स ! त्वयाऽत्र कार्यं च, लघुत्वाद् दीर्घमन्दिरम् ॥१२९॥

પછી હું રાતે સુતો હતો, ત્યારે દેવતાએ આવીને મને કહ્યું કે "વત્સ ! આ મંદિર નાનું છે, માટે તારે એને મોટું બનાવડાવવું. ॥૧૨૯॥

प्रतिबुद्धः प्रभातेऽहं, श्राद्धान् तत्रोपदिश्य च ।
एकत्रार्थं कारयित्वा-ऽऽरम्भयामास मन्दिरम् ॥१३०॥

હું સવારે ઉઠ્યો. ત્યાં શ્રાવકોને ઉપદેશ આપીને ધન ભેગું કરાવીને મંદિર બનાવવાનો પ્રારંભ કર્યો. ॥૧૩૦॥

अन्यसङ्घं विसर्ज्याहं, तत्र स्थित्वाऽल्पश्रावकैः ।
यावत् वत्सरकालेन, सस्माप नवमन्दिरम् ॥१३१॥

બીજા સંઘને રજા આપીને હું થોડા શ્રાવકો સાથે

१. स्वप्न आचख्यौ देवता. प्र.

ત્યાં રહ્યો. જ્યાં સુધી એક વર્ષના સમયમાં નવું મંદિર બની ગયું. ॥૧૩૧॥

ततः श्रीमद्विक्रमाब्दे १७१५, चैत्रसितषष्ठ्यां रवौ ।
तन्नवमन्दिरे नाथं, स्थापयामास सोत्सवम् ॥१३२॥

પછી વિ.સં. ૧૭૧૫ ચૈત્ર સુદ છટ્ઠ રવિવારે ઉત્સવ સાથે ભગવાનની સ્થાપના કરી. ॥૧૩૨॥

तत्रापि सोऽन्तरिक्षोऽर्ह-न्न [२]चस्पर्श भुवं तदा ।
स्तुत्यैकाङ्गुलमुच्चं च, निवेशितः कथञ्चन ॥१३३॥

ત્યારે ત્યાં પણ તે અંતરિક્ષ અરિહંત ભૂમિને (ગાદીને) ન સ્પર્શ્યા. સ્તુતિથી કોઈ રીતે તેમને એક અંગુલ જેટલા ઊંચા બેસાડ્યા. ॥૧૩૩॥

तत्र नाथं प्रतिष्ठाप्य, पूर्वाभिमुखमासने ।
बोधिबीजं समुत्पाद्य, कृतकृत्यस्तदाऽभवम् ॥१३४॥

ત્યાં નાથની આસનમાં પૂર્વાભિમુખ પ્રતિષ્ઠા કરીને, બોધિબીજને ઉત્પન્ન કરીને હું કૃતકૃત્ય થયો. ॥૧૩૪॥

तत्रैव मद्गुरोः पादान्, भक्त्या श्राद्धैर्निवेश्य च ।
सूरेर्विजयदेवस्य, गुरुभक्तिपरायणैः ॥१३५॥

---

२. सस्पर्श. प्र.

ત્યાં જ ગુરુભક્તિમાં પરાયણ એવા શ્રાવકોએ ભક્તિથી મારા ગુરુ શ્રી વિજયદેવસૂરિજીની ચરણપાદુકા પધરાવી. ॥૧૩૫॥

ततोऽपि कतिपयानि, स्थित्वा तत्र दिनानि च ।
भव्यैर्भावैः परिभाव्य, देवदेवं फणिध्वजम् ॥१३६॥

પછી પણ ત્યાં કેટલાક દિવસો સુધી રહીને ભવ્ય ભાવોથી સર્પના લાંછનવાળા દેવાધિદેવનું ધ્યાન કરીને...॥૧૩૬॥

पुनरागमनोत्सौक्य-स्ततो निर्गत्येतस्ततः ।
सर्वत्र सु( सू )चयामासाऽन्तरिक्षञ्जनोपकृते ॥१३७॥

ફરીથી આવવાની ઉત્કંઠા સાથે ત્યાંથી મેં વિહાર કર્યો અને આસપાસ બધે જ લોકોપકાર માટે અંતરિક્ષજીની સૂચના (તેમના મહિમાનો પ્રસાર) કરી. ॥૧૩૭॥

एवमन्योऽपि यो मर्त्य-श्चान्तरिक्षं श्रयिष्यति ।
पु( पू )रयिष्यति स तस्य, प्रभुः पूर्णमनोरथम् ॥१३८॥

આ રીતે અન્ય પણ જે મનુષ્ય અંતરિક્ષજીનું શરણ લેશે, તે પ્રભુ તેના પૂર્ણ મનોરથોને સાકાર કરશે. ॥૧૩૮॥

।।ग्रन्थकर्तुः प्रशस्तिः ।।

सप्ततीर्थताम्रपत्रं, हीरसूरिरकब्बरात् ।
लेखयित्वा जयं चक्रे, यावच्चन्द्रदिवाकरं(रौ) ।।१३९।।

ગ્રન્થકારશ્રીની પ્રશસ્તિ

શ્રી હીરસૂરિજીએ અકબર બાદશાહ પાસે સાત તીર્થોના તામ્રપત્ર લખાવ્યા, અને ચંદ્ર-સૂર્ય જ્યાં સુધી છે, ત્યાં સુધી વિજય પ્રવર્તાવ્યો. ॥૧૩૯॥

तच्छिष्यो विजयसेनो, जाङ्गिरं प्रतिबोध्य च ।
प्रतिपदि रवौ जीवे, जीवदयामपालयत् ।।१४०।।

તેમના શિષ્ય શ્રી વિજયસેનસૂરિજીએ જહાંગીરને પ્રતિબોધ કર્યો અને એકમ, રવિવાર અને ગુરુવારે જીવદયાનું પાલન કરાવ્યું. ॥૧૪૦॥

तच्छिष्यो विजयदेवो, भव्याम्भोजदिवाकरः ।
यवनादौ बहुज्ञातौ, दयाधर्मं [१]प्रवर्तितम् ।।१४१।।

તેમના શિષ્ય શ્રી વિજયદેવસૂરિજી ભવ્ય જીવોરૂપી કમળોનો વિકાસ કરવામાં સૂર્ય સમાન હતાં. તેમણે યવન વગેરે ઘણી જ્ઞાતિઓમાં દયાધર્મનું પ્રવર્તન કર્યું. ॥૧૪૧॥

---

१. प्रवर्तितवान् ।

तस्याभूद् वृद्धशिष्य, आचार्यो विजयप्रभः ।
सूरिगुणैरलश्चक्रे, पादपीठं तदीयकम् ॥१४२॥

તેમના મોટા શિષ્ય આચાર્ય શ્રી વિજયપ્રભસૂરિજીએ તેમના પાદપીઠને સૂરિગુણોથી અલંકૃત કર્યું. ॥૧૪૨॥

लघुस्तु भावविजयो, गणिपदसमन्वितः ।
सोऽहमेतद्ग्रन्थकर्ता राज्ये श्रीविजयप्रभे ॥१४३॥

તેમનો નાના શિષ્ય ગણિપદથી યુક્ત હતો. તે હું - આ ગ્રંથનો કર્તા ભાવવિજય છું. શ્રી વિજયપ્રભસૂરિના સામ્રાજ્યમાં... ॥૧૪૩॥

विक्रमाब्दे १७१५ रचितवान्, भव्योपकारकाम्यया ।
चरित्रं स्वकीयमेत-दन्तरिक्षकृपात्मकम् ॥१४४॥

વિ.સં. ૧૭૧૫ માં ભવ્યજીવો પર ઉપકાર કરવાની કામનાથી અંતરિક્ષજીની કૃપાસ્વરૂપ આ પોતાના ચરિત્રની મેં રચના કરી છે. ॥૧૪૪॥

इति जगद्गुरुश्रीविजयहीरसूरीश्वरपटधरश्रीविजयसेनसूरिपटधरश्रीविजयदेवसूरिशिष्य पं. भावविजयगणिविरचितं स्वचरित्रं सम्पूर्णम्; लिखितं पंन्यासश्री उमेदविजयगणीश्वरशिष्येण क्षान्तिविजयमुनिना वराड-

देशस्थश्रीअन्तरिक्षपार्श्वपवीत्रितश्रीपुरनगरे, प्रथमयात्रा-सवरे संवत् १९७८ फालगुन कृष्णाष्टम्याम् ॥

ઈતિ જગદ્‌ગુરુ શ્રી વિજયહીરસૂરીશ્વરજીના પટ્ટધર શ્રી વિજયસેનસૂરિજીના પટ્ટધર શ્રી વિજયદેવસૂરિજીના શિષ્ય **પં. ભાવવિજયગણિ** દ્વારા વિરચિત સ્વચરિત્ર સંપૂર્ણ થયું. જે પંન્યાસ શ્રી ઉમેદવિજયગણીશ્વરજીના શિષ્ય ક્ષાન્તિવિજયજી મુનિએ વરાડ દેશમાં રહેલા શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથથી પવિત્રિત શ્રીપુર નગરમાં પ્રથમ યાત્રાના અવસરે વિ.સં. ૧૯૭૮ ફાગણ વદ આઠમના દિવસે લખ્યું છે.

ઈતિ

પંન્યાસપ્રવર શ્રીભાવવિજય ગણિવર્ય વિરચિત
આચાર્ય વિજય કલ્યાણબોધિસૂરિ અનુવાદિત
શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ માહાત્મ્ય

# પ્રાર્થના જ્યાં જીવંત બની છે...

સવારનો સમય હતો. દેરાસરમાં પ્રભુભક્તોની ભીડ જામી હતી. પક્ષાલની ઉછામણીઓ, સ્તુતિ-સ્તવનો, ઘંટનાદોથી વાતાવરણ ગુંજાયમાન હતું. પણ આની સાથે સાથે રંગમંડપમાં એક સ્થાન એવું હતું કે જ્યાં બધાની નજર પડ્યા વિના ન રહે, ના, બલ્કે નજર સ્થિર થઈ ગયા વિના ન રહે, વિસ્ફારિત લોચને જોતા જ રહીએ એવું એક અલૌકિક દશ્ય, હૃદયના તારોને ઝણઝણાવી નાખે એવું એ વિરલ દશ્ય, પ્રભુભક્તિના ભાવોને આસમાને અંબાવી દે એવું એ પુનિત દશ્ય... એવું તો તે સ્થાને શું હતું ? ત્યાં જે હતું તેનું વર્ણન કરવા માટે એકાગ્રતા...એકતાનતા...તન્મયતા...ભક્તિમયતા... આ શબ્દો વામણા લાગે છે... એક અદ્‌ભુત વ્યક્તિત્વ ત્યાં પ્રભુપ્રીતિના અદ્વૈતાનંદમાં ઝૂમી રહ્યું હતું.

અબુઝ જીવોની દૃષ્ટિમાં એ વ્યક્તિ ગાંડી-ઘેલી લાગતી હતી... પ્રબુદ્ધ જીવોની દૃષ્ટિમાં એ વ્યક્તિ અધ્યાત્મયોગી જણાતી હતી. જ્યારે પારમાર્થિક દૃષ્ટિમાં એ વ્યક્તિ સ્વયં અરિહંત બની ચૂકી હતી.

અનુયોગદ્વાર નામનું આગમસૂત્ર કહે છે - जाणए उवउत्ते - જ્ઞાતા અને ઉપયુક્ત આત્મા સ્વયં તે જ બની જાય છે. અરિહંતપદ સાથેનું અનુસંધાન પરાકાષ્ઠાએ

પહોંચે, અંતરમાં એકમાત્ર અરિહંતપદનો અનાહત નાદ વ્યાપી જાય, ચિત્તના અધ્યવસાય પૂર્ણપણે અરિહંતમાં પરોવાઈ જાય, ત્યારે એ આત્મા સ્વયં અરિહંત બની જાય છે.

અરિહંત સાથે અદ્વૈતાનુસંધાન કરનાર એ અદ્ભુત વ્યક્તિત્વ એટલે જ પ્રાચીન શ્રુતોદ્ધારક વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા.**

## પ્રભુપ્રીતિ

મધરાતે શ્રી સીમંધરસ્વામીનું ભાવસાન્નિધ્ય... સમવસરણ ધ્યાન... કલાકો સુધી શાશ્વત-અશાશ્વત તીર્થોની ભાવયાત્રા... કરોડોની સંખ્યામાં અરિહંતપદનો અંતર્નાદ... પ્રતિદિન ભાવોલ્લાસસભર દેવવંદન... દેવચન્દ્રજી ચોવીશી જેવા તત્ત્વગંભીર માધ્યમ દ્વારા ભક્તિરસ તરબોળ થઈને કરાતી સ્તવનાઓ... લલિતવિસ્તરા જેવા પ્રભુભક્તિના ઉત્કૃષ્ટગ્રંથનું પુનઃ પુનઃ પરિશીલન...

યોગગ્રંથો કહે છે - तात्स्थ्यात्तदञ्जनत्वाच्च समापत्ति-र्विधीयते - તેમાં સ્થિરતા અને તેના રંગે રંગાઈ જવું આ બે માધ્યમો એવા છે કે જે આત્માને પરમાત્માની સમકક્ષ બનાવી દે છે. હવે કાંઈ કહેવાની જરૂર લાગે છે ખરી ?

# ગુરુભક્તિ

જીવનમાં એક પણ વાચના એવી નહીં આપી હોય કે જેમાં સૂરિપ્રેમનો ઉલ્લેખ ન થયો હોય. જેમાં દાદા ગુરુ ભુવનભાનુસૂરીશ્વરજીના આદર્શો રજુ ન કર્યા હોય. અરે, ગુરુના સ્વર્ગવાસના ૫૦-૫૦ વર્ષો પછી ય વાતે વાતે તેમની યાદ આવ્યા વિના ન રહેતી હોય. તેમના ઉપકારોને યાદ કરીને અડધી રાતે ય આંખો ભીની થઈ જતી હોય. કોઈપણ વિષય પર લેખન કરતાં કરતાં ગુરુગુણાનુવાદ લખાઈ ગયા વિના ન રહેતા હોય... આ છલકતો ગુરુબહુમાનભાવ જ નિકટમોક્ષગામિતાની સાક્ષી પૂરે છે. પંચસૂત્રમાં કહ્યું છે - आयओ गुरुबहुमाणो, अवंझकारणत्तेण - ગુરુ પરનો બહુમાનભાવ એ જ મોક્ષ છે, કારણ કે એ જ મોક્ષનું અમોઘ કારણ છે.

## વાત્સલ્યધારા

પોતાના આશ્રિત શિષ્યથી લઈને શ્રીસંઘની નાનામાં નાની વ્યક્તિ હોય, કે પછી દુનિયાના પ્રતિષ્ઠિત વ્યક્તિથી માંડીને કીડી કે કંથવા જેવા ક્ષુદ્ર જીવો હોય... પૂજ્યશ્રીની અનરાધાર વાત્સલ્યધારા સર્વત્ર અસ્ખલિતપણે વહેતી રહે છે. હૃદયમાં અરિહંત બિરાજમાન હોય, પછી વિશ્વવાત્સલ્યની સંવેદનાઓ સહજપણે વહેલા લાગે એમાં શું આશ્ચર્ય છે ?

## વૈરાગ્યદેશના

સૂરિ પ્રેમ પોતાના આશ્રિતોને સ્વાધ્યાયમાં વિશેષથી જોડતા, તેના માટે વ્યાખ્યાનશ્રવણને ગૌણ કરતાં. પણ જ્યારે પ્રવચનપીઠિકા પર પૂજ્યશ્રી પધાર્યા હોય, ત્યારે સ્વાધ્યાય કરતા મહાત્માઓને સૂરિ પ્રેમ સ્વયં પ્રેરણા કરતા... 'જાઓ. હેમચન્દ્રવિજયના વ્યાખ્યાનમાં બેસો, સ્વાધ્યાય તો પછી પણ થશે, આવું વૈરાગ્યરસસભર શ્રવણ નહીં મળે...' બિહામણા સંસારનું તાદૃશ વર્ણન હોય... સંસારની અસારતાનો પર્દાફાશ હોય... સંબંધોની પોકળતાનો ચિતાર હોય... સોહામણા શાસનનું ભવ્ય શબ્દચિત્ર હોય... એક જીવનમાં હજારો વૈરાગ્યદેશના દ્વારા લાખોના હૃદયમાં વૈરાગ્યના બીજારોપણ કર્યા... આજે ય પૂજ્યશ્રીનું માત્ર એક પ્રવચન પણ સંસારનો રાગ ઉતારી દેવા માટે સુસમર્થ છે.

## શ્રુતસમુદ્ધાર

તૂટતા ખાતાનો લાભ હંમેશા વધારે હોય છે. પૂજ્યશ્રીએ જોયું કે શ્રુતજ્ઞાનના ક્ષેત્રે અધિક આવશ્યકતા છે. આ ક્ષેત્રને નવપલ્લવિત કરવાનું તેમણે બીડું ઝડપી લીધું. ૩૦ વર્ષ પૂર્વે શુભારંભ પામેલું તેમનું આ મહાન કાર્ય આજે પણ વધુ ને વધુ વેગથી પ્રગતિમંત છે. પૂજ્યશ્રીની પુનિત પ્રેરણાથી પુનરુદ્ધાર-સંપાદન-સંશોધન-

નવસર્જન પામેલા ગ્રંથો અને પૂજ્યશ્રીના સ્વહસ્તલિખિત ગ્રંથોની કુલ સંખ્યા આજે ૫૦૦ ને આંબી ગઈ છે. 'પ્રાચીનશ્રુતોદ્ધારક' આ વિશેષણનું આનાથી વધુ સમર્થન બીજું શું હોઈ શકે ?

આજે ૮૦ વર્ષની જૈફ વયે પણ શ્રુતરક્ષા માટે, પ્રાચીન સાહિત્યના યોગ-ક્ષેમ માટે પૂજ્યશ્રી દિન-રાત પરિશ્રમ લઈ રહ્યા છે. સંખ્યાબંધ જ્ઞાનાગારોને ચિરંજીવ બનાવી રહ્યા છે. ભારતભરના અનેકાનેક શ્રીસંઘો પૂજ્યશ્રીના આ વિરાટ અભિયાનમાં સૌહાર્દભર્યો સહકાર આપીને પોતાની હાર્દિક અનુમોદના કરી રહ્યા છે.

આપણે એક જ ભાવના ભાવીએ કે આ મહાપુરુષને નીરોગી સુદીર્ઘાયુની પ્રાપ્તિ થાય અને તેમના પાવન અસ્તિત્વ દ્વારા જિનશાસનના યોગ-ક્ષેમ થતાં રહે.

મનને ઘણું રોકવા છતાં ય એ ધૃષ્ટતા છોડી શકતું નથી, અને અંતરની વાત પરાણે ય લખાઈ રહી છે... ગુરુદેવ !

તુમ જીયો હજારો સાલ, સાલ કે દિન હો પચાસ હજાર.

આસો સુ. ૫, ૨૦૬૬,
અઠવાલાઈન્સ, સુરત

**ગુરુપાદપદ્મરેણુ**
**આચાર્ય વિજયકલ્યાણબોધિસૂરિ**

# अथ प्रशस्तिः

श्रीमते वीरनाथाय, कारुण्यपुण्यपाथसे ।
चरमतीर्थनाथाय, परोपकारिणे नमः ।।१।।

गौतमस्वामिने स्वस्ति, सुधर्मस्वामिने नमः ।
तत्परम्परयाऽऽयात-यतीन्द्रेभ्यो नमो नमः ।।२।।

शुभ्राभ्रशुभ्रसन्तत्या-मेतस्यामभवत् किल ।
विजयानन्दसूरीशः, सुरीशसेव्यतां गतः ।।३।।

ततोऽपि कमलः सूरिः, संयमकमलाकरः ।
उपाध्यायस्तथा वीरो, वीर आन्तरविग्रहे ।।४।।

सर्वागमरहस्यज्ञ-स्ततो दानसूरीश्वरः ।
ततोऽपि प्रेमसूरीशः, सिद्धान्तैकमहोदधिः ।।५।।

भुवनभानुसूरीश-स्ततो न्यायविशारदः ।
पंन्यासोऽस्यानुजः पद्मः, समतारससागरः ।।६।।

विराजते विनेयोऽस्य, मादृशेषु कृपापरः ।
वैराग्यदेशनादक्षः, श्रीहेमचन्द्रसूरिपः ।।७।।

तत्पादपङ्कजालिना, सूरिकल्याणबोधिना ।
सन्दृब्धोऽयं प्रबन्धस्तु, कुर्यात् सर्वस्य मङ्गलम् ।।८।।



# સુકૃત અનુમોદના

## શ્રી જિનશાસન સુકૃત મુખ્ય આધારસ્તંભ

(૧) શ્રી નયનબાળા બાબુભાઈ જરીવાલા પરિવાર
 હ. લીનાબેન ચંદ્રકુમારભાઈ જરીવાલા - મુંબઈ.

(૨) શ્રી મૂળીબેન અંબાલાલ શાહ પરિવાર
 હ. રમાબેન પુંડરીકભાઈ શાહ, ખંભાત - મુંબઈ.

(૩) શ્રી નયનબાળા બાબુભાઈ જરીવાલા પરિવાર
 હ. શોભનાબેન મનીશભાઈ જરીવાલા - મુંબઈ

(૪) શ્રી સાયરકંવર યાદવસિંહજી કોઠારી પરિવાર
 હ. મીનાબેન વિનયચન્દ કોઠારી

(૫) હસમુખભાઈ કેસરીચંદ ચૂડગર (ઈન્ટાસ), અમદાવાદ

## શ્રી જિનશાસન સુકૃત આધારસ્તંભ

(૧) શ્રી કમળાબેન કાંતિલાલ શાહ પરિવાર
હ. બીનાબેન કીર્તિભાઈ શાહ (ઘાટકોપર-સાંઘાણી)

(૨) જાગૃતિબેન કૌશિકભાઈ બાવીશી
ડાલીની જયકુમાર મહેતા, મ્હેંક, કાંદિવલી, મુંબઈ.

## શ્રી શ્રુતોદ્ધાર મુખ્ય આધારસ્તંભ

(૧) શ્રી માટુંગા શ્વે.મૂ. જૈન સંઘ - મુંબઈ

(૨) શ્રી અઠવાલાઈન્સ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ અને
શ્રી ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.

(૩) શ્રી ગોવાલિયા ટેન્ક જૈન સંઘ - મુંબઈ

(૪) શ્રી નવજીવન શ્વે.મૂ. જૈન સંઘ - મુંબઈ

## શ્રી શ્રુતોદ્ધાર આધારસ્તંભ

(૧) શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર - પાટણ

(૨) શ્રી મનફરા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ - મનફરા
(પ્રેરક : પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપ્રભસૂરીશ્વરજી મહારાજા)

(૩) શ્રી નડિયાદ શ્વે.મૂ. જૈન સંઘ - નડિયાદ

(૪) શ્રી કે.પી. સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
શ્રી પાવાપુરી તીર્થધામ-જીવમૈત્રીધામ

(૫) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે. મૂ. તપાગચ્છ જૈન સંઘ,
શ્રી જયાલક્ષ્મી આરાધના ભવન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ

(૬) શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સાયન (શિવ), મુંબઈ
(૭) શ્રી બાબુભાઈ સી. જરીવાલા ચેરીટેબલ ટ્રસ્ટ,
હ. શ્રી આદિનાથ જૈન સંઘ, નિઝામપુરા, વડોદરા.
(૮) શ્રી રિદ્ધિ સિદ્ધિ વર્ધમાન હાઈટ્સ શ્વે. મૂ. જૈન સંઘ,
ભાયખલા, મુંબઈ. (પ્રેરક : પ.પૂ.મુ. શ્રી જિનપ્રેમવિજયજી મ.)
(૯) શ્રી આદિનાથ સોસાયટી જૈન ટેમ્પલ ટ્રસ્ટ, પૂના,
(પ્રેરક : પૂ.પં. શ્રી અપરાજિતવિજયજી ગણિવર્ય)
(૧૦) શ્રી મુલુંડ શ્વે.મૂ. તપાગચ્છ સમાજ, મુંબઈ
(પ્રેરકઃ પૂ.પં.શ્રી હિરણ્યબોધિવિ. ગણિ, પૂ.મુ. શ્રી હેમદર્શનવિ.મ.)
(૧૧) શ્રી વિક્રોલી સંભવનાથ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ, વિક્રોલી (ઈ), મુંબઈ
(પ્રેરકઃ પૂ.મુ. શ્રી યશકલ્યાણવિ. મ., મુ. શ્રી તીર્થપ્રેમવિ. મ.)
(૧૨) શ્રી વિશ્વનંદીકર જૈન સંઘ, ભગવાનનગરનો ટેકરો, અમદાવાદ.
(પ્રેરક : પૂ.આ. શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સા.)
(૧૩) શ્રી આદીશ્વરજી મહારાજ મંદિર ટ્રસ્ટ, શ્રી દશા ઓસવાળ સિરોહીયા,
સાથ ગોટીવાળા, ધડા, પૂના. (પ્રેરક : પૂ.મુ. શ્રી અભયરત્નવિ. મ.)
(૧૪) શ્રી ગોડીજી ટેમ્પલ ટ્રસ્ટ, પૂના
(પ્રેરક : પૂ.આ. શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.સા.)
(૧૫) આ. શ્રી હેમપ્રભસૂરિજીની આચાર્ય પદવી પ્રસંગે
કસ્તુરધામ પાલીતાણા. (પ્રેરક : પૂ.પં. શ્રી વજ્રસેનવિજયજી મ.સા.)

## શ્રી શાસન સુકૃત રજતસ્તંભ

(૧) શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ,
નવરંગપુરા, અમદાવાદ. (હ. શ્રી શ્રેણીકભાઈ કસ્તૂરભાઈ)

## શ્રુતસમુદ્ધારક

૧) ભાણબાઈ નાનજી ગડા, મુંબઈ. (પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજયભુવનભાનુસૂરિ મ. સા.ના ઉપદેશથી)
૨) શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ.
૩) શ્રી શાંતિનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ.
(પ. પૂ. તપસમ્રાટ આચાર્યદેવ શ્રીમદ્વિજયહિમાંશુસૂરિ મ. સા.ની પ્રેરણાથી)
૪) શ્રી શ્રીપાળનગર જૈન ઉપાશ્રય ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ.
(પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરિ મ.સા.ની દિવ્યકૃપા તથા પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય મિત્રાનંદસૂ. મ.સા.ની પ્રેરણાથી)
૫) શ્રી લાવણ્ય સોસાયટી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ. (પ. પૂ. પંન્યાસજી શ્રી કુલચંદ્રવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)
૬) નયનબાલા બાબુભાઈ સી. જરીવાલા હા. ચંદ્રકુમાર, મનીષ, કલ્પનેશ (પ. પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજયજી મ. સા.ની પ્રેરણાથી)
૭) કેશરબેન રતનચંદ કોઠારી હા. લલિતભાઈ (પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણાથી)
૮) શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છીય જૈન પૌષધશાલા ટ્રસ્ટ, દાદર, મુંબઈ.

૯) શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મુલુંડ, મુંબઈ. (પ.પૂ. આચાર્યદેવ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)

૧૦) શ્રી સાંતાક્રુઝ શ્વેતાં. મૂર્તિ તપાગચ્છ સંઘ, સાંતાક્રુઝ, મુંબઈ. (પ.પૂ. આચાર્યદેવ શ્રીહેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૧૧) શ્રીદેવકરણ મૂલજીભાઈ જૈન દેરાસર પેઢી, મલાડ (વેસ્ટ), મુંબઈ. (પ. પૂ. મુનિરાજ શ્રી સંયમબોધિવિ. મ. સા.ની પ્રેરણાથી)

૧૨) સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ, ખંભાત.
(પૂજ્ય સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી મ., પૂજ્ય સાધ્વી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી દિવ્યયશાશ્રીજી મ.ની પ્રેરણાથી મૂળીબેનની આરાધનાની અનુમોદનાર્થે)

૧૩) બાબુ અમીચંદ પન્નાલાલ આદીશ્વર જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ-૬.
(પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિવિજયજી મ.સા., પૂ. મુનિરાજશ્રી મહાબોધિવિજયજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી હિરણ્યબોધિ વિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૧૪) શ્રી શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ, મુંબઈ. (પૂ. મુનિરાજશ્રી હેમદર્શન વિ.મ. તથા પૂ. મુનિરાજશ્રી રમ્યઘોષ વિ.મ.ની પ્રેરણાથી)

૧૫) શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મંગલ પારેખનો ખાંચો, શાહપુર, અમદાવાદ. (પ. પૂ. આચાર્યદેવ શ્રીરૂચકચંદ્રસૂરિ મ.ની પ્રેરણાથી)

૧૬) શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ. (પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૧૭) શ્રી નવજીવન સોસાયટી જૈન સંઘ, બોમ્બે સેન્ટ્રલ, મુંબઈ. (પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિ. મ.ની પ્રેરણાથી)

૧૮) શ્રી કલ્યાણજી સૌભાગચંદજી જૈન પેઢી, પિંડવાડા. (સિદ્ધાંતમહોદધિ સ્વ. આ. શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મ. સા.ના સંયમની અનુમોદનાર્થે)

૧૯) શ્રી ઘાટકોપર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ. (વૈરાગ્યદેશનાદક્ષ પૂ. આ. શ્રીહેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૨૦) શ્રી આંબાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ. (પૂ. મુનિરાજ શ્રી કલ્યાણબોધિ વિજયજી મ.ની પ્રેરણાથી)

૨૧) શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, વાસણા, અમદાવાદ.
(પૂ. આચાર્યશ્રી નરરત્નસૂરિ મ.ના સંયમજીવનની અનુમોદનાર્થે પૂજ્ય તપસ્વીરત્ન આચાર્ય શ્રી હિમાંશુસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)

૨૨) શ્રી પ્રેમવર્ધક આરાધક સમિતિ, ધરણિધર દેરાસર, પાલડી, અમદાવાદ. (પૂ. ગણિવર્ય શ્રીઅક્ષયબોધિવિજયજી મ.ની પ્રેરણાથી)

૨૩) શ્રી મહાવીર જૈન શ્વેતા. મૂર્તિપૂજક સંઘ, પાલડી, અમદાવાદ. શેઠ કેશવલાલ મૂળચંદ જૈન ઉપાશ્રય. (પ. પૂ. આચાર્યશ્રી રાજેન્દ્રસૂરિ મહારાજ સા.ની પ્રેરણાથી)

૨૪) શ્રી માટુંગા જૈન શ્વેતાં. મૂર્તિપૂજક તપગચ્છ સંઘ એન્ડ ચેરિટીઝ, માટુંગા, મુંબઈ.

૨૫) શ્રી જીવિત મહાવીરસ્વામી જૈન સંઘ, નાંદિયા. (રાજસ્થાન)
(પૂ. ગણિવર્ય શ્રી અક્ષયબોધિવિ. મ.સા. તથા મુનિરાજશ્રી મહાબોધિવિ. મ.સા.ની પ્રેરણાથી)

૨૬) શ્રી વિશા ઓશવાલ તપાગચ્છ જૈન સંઘ, ખંભાત. (વૈરાગ્યદેશનાદક્ષ પ. પૂ. આચાર્યદેવશ્રી હેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૨૭) શ્રી વિમલ સોસાયટી આરાધક જૈન સંઘ, બાણગંગા, વાલકેશ્વર મુંબઇ-૪૦૦ ૦૦૭.

૨૮) શ્રી પાલિતાણા ચાતુર્માસ આરાધના સમિતિ. (પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ના સં. ૨૦૫૩ના પાલિતાણા મધ્યે ચાતુર્માસ પ્રસંગે જ્ઞાનનિધિમાંથી)

૨૯) શ્રીસીમંધરજિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (ઇ), મુંબઇ. (મુનિરાજશ્રી નેત્રાનંદવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૦) શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, જૈનનગર, અમદાવાદ. (પ.પૂ. મુનિરાજશ્રી સંયમબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૩૧) શ્રીકૃષ્ણનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સૈજપુર, અમદાવાદ. (પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ના કૃષ્ણનગર મધ્યે સંવત ૨૦૫૨ના ચાતુર્માસ નિમિત્તે પ. પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૨) શ્રી બાબુભાઇ સી. જરીવાલા ટ્રસ્ટ, નિઝામપુરા, વડોદરા-૨. (પ. પૂ. મુનિરાજ શ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૩) શ્રી ગોડી પાર્શ્વનાથજી ટેમ્પલ ટ્રસ્ટ, પુના. (પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી મહાબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૩૪) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ, ભવાની પેઠ, પુના. (પૂ. મુનિરાજ શ્રી અનંતબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૫) શ્રી રાંદેર રોડ જૈન સંઘ, સુરત. (પૂ.પં. શ્રી અક્ષયબોધિ વિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૬) શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ દાદર જૈન પૌષધશાલા ટ્રસ્ટ, આરાધના ભુવન, દાદર, મુંબઇ. (મુનિરાજશ્રી અપરાજિતવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૭) શ્રી જવાહરનગર જૈન શ્વેતા. મૂર્તિ. સંઘ, ગોરેગાવ, મુંબઇ. (પૂ. આ. શ્રી રાજેન્દ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૩૮) શ્રી કન્યાશાળા જૈન ઉપાશ્રય, ખંભાત. (પ.પૂ. સા. શ્રી રંજનશ્રીજી મ. સા., પૂ. પ્ર. સા. શ્રી ઇંદ્રશ્રીજી મ. સા.ના સંયમજીવનની અનુમોદનાર્થે પ. પૂ. સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મ. સા., પ. પૂ. સા.શ્રી વસંતપ્રભાશ્રીજી મ. સા. તથા પ.પૂ. સાધ્વીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. સા.ની પ્રેરણાથી)

૩૯) શ્રી માટુંગા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ એન્ડ ચેરીટીઝ, માટુંગા, મુંબઇ. (પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી જયસુંદરવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૪૦) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, ૬૦ ફુટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ) (પૂ. પં. શ્રી વરબોધિવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૪૧) શ્રી આદિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નવસારી.
(પ.પૂ.આ. શ્રી ગુણરત્નસૂરિ મ.ના શિષ્ય પૂ. પંન્યાસજી શ્રી પુણ્યરત્નવિજયજી ગણિવર્ય તથા પૂ.પં. યશોરત્નવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૪૨) શ્રી કોઇમ્બતુર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, કોઇમ્બતુર.

૪૩) શ્રી પંકજ સોસાયટી જૈન સંઘ ટ્રસ્ટ, પાલડી, અમદાવાદ. (પ. પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિ મ. સા.ની ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે થયેલ આચાર્ય-પંન્યાસ-ગણિ પદારોહણ, દીક્ષા વગેરે નિમિત્તે થયેલ જ્ઞાનનિધિમાંથી.)

૪૪) શ્રી મહાવીરસ્વામી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક દેરાસર, પાવાપુરી, ખેતવાડી, મુંબઇ. (પૂ. મુનિરાજશ્રી રાજપાલવિજયજી મ.સા. તથા પૂ.પં. શ્રી અક્ષયબોધિવિ. મ.સા.ની પ્રેરણાથી)

૪૫) જગદ્‌ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ ટ્રસ્ટ, મલાડ (પૂર્વ), મુંબઇ.

૪૬) શ્રી પાર્શ્વનાથ શ્વેતાં. મૂર્તિપૂજક જૈન સંઘ, સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ. (પ. પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની સંઘમાં થયેલ ગણિ પદવીની અનુમોદનાર્થે)

૪૭) શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વેતાં. મૂર્તિપૂજક સંઘ, જૈનનગર, અમદાવાદ. (પૂ. મુનિરાજશ્રી સત્યસુંદર વિ. મ.સા.ની પ્રેરણાથી)

૪૮) રતનબેન વેલજી ગાલા પરિવાર, મુલુંડ, મુંબઇ. (પ્રેરક-પૂ. મુનિરાજશ્રી રત્નબોધિવિજયજી મ. સા.)

૪૯) શ્રી મરીન ડ્રાઇવ જૈન આરાધક ટ્રસ્ટ, મુંબઇ.

૫૦) શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જૈન દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ, બાબુલનાથ, મુંબઇ (પ્રેરક-મુનિરાજ શ્રી સત્ત્વભૂષણવિજયજી મ.)

૫૧) શ્રી ગોવાલીયા ટૅંક જૈન સંઘ મુંબઇ. (પ્રેરક : પૂ. ગણિવર્યશ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.)

૫૨) શ્રી વિમલનાથ જૈન દેરાસર આરાધક સંઘ, બાણગંગા, મુંબઇ.

૫૩) શ્રી વાડિલાલ સારાભાઇ દેરાસર ટ્રસ્ટ પ્રાર્થના સમાજ, મુંબઇ (પ્રેરક : મુનિરાજશ્રી રાજપાલવિજયજી તથા પંન્યાસ શ્રીઅક્ષયબોધિવિજયજી ગણિવર.)

૫૪) શ્રી પ્રિન્સેસ સ્ટ્રીટ, લુહારચાલ જૈન સંઘ. (પ્રેરકઃ પૂ. ગણિવર્ય શ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.)

૫૫) શ્રી ધર્મશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, કાંદિવલી (ઇસ્ટ), મુંબઇ. (પ્રેરક-મુનિરાજશ્રી રાજપાલવિજયજી તથા પં.શ્રી અક્ષયબોધિવિજયજી ગણિવર)

૫૬) સા. શ્રી સૂર્યયશાશ્રીજી તથા સા. શ્રી સુશીલયશાશ્રીના પાર્લા (ઇ) કૃષ્ણકુંજમાં થયેલ ચોમાસાની આવકમાંથી.

૫૭) શ્રી પ્રેમવર્ધક દેવાસ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, દેવાસ, અમદાવાદ (પ્રેરક-પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરિજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ.)

૫૮) શ્રી પાર્શ્વનાથ જૈન સંઘ, સમારોડ, વડોદરા (પ્રેરક-પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)

૫૯) શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર ટ્રસ્ટ-કોલ્હાપુર (પ્રેરક-પૂ.મુનિરાજશ્રી પ્રેમસુંદરવિજયજી મ.)

૬૦) શ્રી ધર્મનાથ પો. હે. જૈનનગર શ્વે. મૂ. પૂ. સંઘ, અમદાવાદ (પ્રેરક - પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી પુણ્યરત્નવિજયજી ગણિ)

૬૧) શ્રી દિપક જયોતિ જૈન સંઘ, કાલાચોકી, પરેલ, મુંબઈ (પ્રેરક - પૂ.પં. શ્રી ભુવનસુંદરવિજયજી ગણિવર્ય તથા પૂ.પં. શ્રી ગુણસુંદરવિજયજી ગણિવર્ય)

૬૨) શ્રી પદ્મમણિ જૈન શ્વેતાંબર તીર્થ પેઢી - પાબલ, પુના (પ. પૂ. પંન્યાસજી શ્રી કલ્યાણબોધિવિજયજી ગણિની વર્ધમાન તપની સો ઓળીની અનુમોદનાર્થે પ. પૂ. પંન્યાસ શ્રીવિશ્વકલ્યાણવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૬૩) ૐકારસૂરીશ્વરજી આરાધના ભુવન - સુરત (પ્રેરક- આ. ગુણરત્નસૂરિ મ. ના શિષ્ય મુનિરાજશ્રી જિનેશરત્નવિજયજી મ.)

૬૪) શ્રી ગોડી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, નાયડુ કોલોની, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ.

૬૫) શ્રી આદીશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ગોરેગાવ-મુંબઇ.

૬૬) શ્રી આદીશ્વર શ્વેતાંબર ટ્રસ્ટ, સાલેમ(પ્રેરક-પ.પૂ. ગચ્છાધિપતિ આ.શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.)

૬૭) શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ, મુંબઈ.

૬૮) શ્રી વિલેપાર્લા શ્વે. મૂ.પૂ. જૈન સંઘ એન્ડ ચેરીટીઝ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ.

૬૯) શ્રી નેનસી કોલોની જૈન શ્વે. મૂ. પૂ. સંઘ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ.

૭૦) માતુશ્રી રતનબેન નરસી મોનજી સાવલા પરિવાર. (પૂ. પં. શ્રી કલ્યાણબોધિવિજયજીના શિષ્ય મુનિરાજશ્રી ભક્તિવર્ધનવિજયજી મ. સા. તથા પૂ. સાધ્વીજી શ્રી જયશીલાશ્રીજી મ. ના સંસારી સુપુત્ર રાજનની પુણ્યસ્મૃતિ નિમિત્તે હ. : સુપુત્રો નવીનભાઇ, ચુનીલાલ, દિલીપ, હિતેશ.

૭૧) શ્રી સીમંધર જિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (ઇ.) મુંબઇ (પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૭૨) શ્રી ધર્મવર્ધક શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, કાર્ટર રોડ નં. ૧, બોરીવલી (પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૭૩) શ્રી ઉમરા જૈન સંઘની શ્રાવિકાઓ (જ્ઞાનનિધિમાંથી) (પ્રેરક : પ.પૂ. મુનિરાજ શ્રી જિનેશરત્નવિજયજી મ.સા.)

૭૪) શ્રી કેશરિયા આદિનાથ જૈન સંઘ, ઝાડોલી, રાજ. (પ્રેરક : પ.પૂ. મુ. શ્રી મેરૂચંદ્ર વિ. મ. તથા પં. શ્રી હિરણ્યબોધિ વિ. ગ.)

૭૫) શ્રી ધર્મશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, કાંદીવલી, મુંબઈ (પ્રેરક : પ.પૂ. મુનિરાજ શ્રી હેમદર્શનવિ. મ.)

૭૬) શ્રી જૈન શ્વે. મૂ. સુધારાખાતા પેઢી, મહેસાણા.

૭૭) શ્રી વિક્રોલી સંભવનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, વિક્રોલી (ઈ), મુંબઈની આરાધક બહેનો તરફથી (જ્ઞાનનિધિમાંથી)

૭૮) શ્રી કે.પી. સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત, મુંબઈ. (પ્રેરક - પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભ. શ્રીમદ્વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)

૭૯) શાહ જેસિંગલાલ મોહનલાલ આસેડાવાલાના સ્મરણાર્થે હ. પ્રકાશચંદ્ર જે. શાહ (આફ્રિકાવાળા) (પ્રેરક : પં. કલ્યાણબોધિ વિ. ગણિવર)

૮૦) શેઠ કનૈયાલાલ ભેરમલજી ચેરીટેબલ ટ્રસ્ટ, ચંદનબાળા, વાલકેશ્વર, મુંબઈ.

૮૧) શ્રી નવા ડીસા શ્વે.મૂ.પૂ. જૈન સંઘ (બનાસકાંઠા)

૮૨) શ્રી પાલનપુર જૈન મિત્ર મંડળ સંઘ, બનાસકાંઠા (પ્રેરક - પૂ. પંન્યાસપ્રવર કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય.)

૮૩) શ્રી ઉંઝા જૈન મહાજન (પ્રેરક - પૂ. પંન્યાસપ્રવર શ્રી અપરાજિતવિજયજી ગણિવર્ય તથા પૂ. મુનિરાજ શ્રી હેમદર્શનવિ. મ.)

૮૪) શ્રી સીમંધર જૈન દેરાસર, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (પૂર્વ), મુંબઈ.
(પ્રેરક - પૂ.સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજીના શિષ્યા પૂ.સા. શ્રી તત્ત્વપ્રજ્ઞાશ્રીજી આદિ)

૮૫) શ્રી બાપુનગર શ્વે. મૂ. જૈન સંઘ, અમદાવાદ.

૮૬) શ્રી શેફાલી જૈન સંઘ, અમદાવાદ.

૮૭) શાન્તાબેન મણિલાલ ઘેલાભાઈ પરીખ ઉપાશ્રય, સાબરમતી, અમદાવાદ. (પ્રેરક- સા. શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ. તથા સા.શ્રી રત્નત્રયાશ્રીજી મ.)

૮૮) શ્રી આડેસર વિશા શ્રીમાળી જૈન દેરાવાસી સંઘ (પ્રેરક - આ. શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.)

૮૯) શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાલા એવં શ્રી શ્રેયસ્કર મંડલ, મહેસાણા.

૯૦) શ્રી તપાગચ્છ સાગરગચ્છ આણંદજી કલ્યાણજી પેઢી, વિરમગામ (પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.)

૯૧) શ્રી મહાવીર શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, વિજયનગર, નારણપુરા, અમદાવાદ

૯૨) શ્રી સીમંધરસ્વામિ જૈન સંઘ, અંધેરી (પૂર્વ) (પ્રેરક : સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.)

૯૩) શ્રી ચકાલા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ (પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.)

૯૪) શ્રી અઠવાલાઈન્સ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ તથા શ્રી ફૂલચન્દ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત

૯૫) શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ - સંસ્થાન, બ્યાવર (રાજસ્થાન) (પ્રેરક : આ. શ્રી પુણ્યરત્નસૂરીશ્વરજી મ.સા.)

૯૬) પાલનપુરનિવાસી મંજૂલાબેન રસિકલાલ શેઠ (હાલ મુંબઈ), (પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.)

૯૭) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે.મૂ.જૈન સંઘ, પદ્માવતી એપાર્ટમેન્ટ, નાલાસોપારા (ઈ), (પ્રેરક- પ.પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.)

૯૮) શ્રી ઋષભ પ્રકાશભાઈ ગાલા, સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વે.), (પ્રેરક : પ.પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.)

૯૯) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આરાધક ટ્રસ્ટ, પુખરાજ રાયચંદ આરાધના ભવન, સાબરમતી (પ.પૂ. વ્યાખ્યાનવાચસ્પતિ આ.દે. શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના ઉપકારોની સ્મૃતિમાં)

૧૦૦) શ્રી કુંદનપુર જૈન સંઘ, કુંદનપુર - રાજસ્થાન, હ. શ્રી શાંતિલાલજી મુથા.

**શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દીએ નવલું નજરાણું**

# *ज्ञानामृतं भोजनम्...*

પરિવેષક

પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આ. **હેમચન્દ્રસૂરીશ્વર** શિષ્ય

આ. **કલ્યાણબોધિસૂરીશ્વરજી** મ.સા.

૧. **સિદ્ધાન્તમહોદધિ મહાકાવ્યમ્** - સાનુવાદ.

૨. **ભુવનભાનવીયમ્ મહાકાવ્યમ્** - સાનુવાદ, સવાર્તિક.

૩. **સમતાસાગર મહાકાવ્યમ્** - સાનુવાદ.

૪. **પરમપ્રતિષ્ઠા કાવ્યમ્** - સાનુવાદ, કલાત્મક આલ્બમસાથે.

૫. **જીરાવલીયમ્ કાવ્યમ્** - સાનુવાદ.

૬. **પ્રેમમંદિરમ્** - કલ્યાણમંદિર પાદપૂર્તિ સ્તોત્ર-સાનુવાદ, સવાર્તિક.

૭. **છંદોલંકારનિરૂપણમ્** - કવિ બનવાનો શોર્ટકટ-પોકેટ ડાયરી.

૮. **તત્ત્વોપનિષદ્** -

૯. **વાદોપનિષદ્** -

૧૦. **વેદોપનિષદ્** -

૧૧. **શિક્ષોપનિષદ્** -

(૮-૧૧) શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિકૃત ષષ્ઠી, અષ્ટમી, નવમી, અષ્ટાદશી **દ્વાત્રિંશિકા** પર સંસ્કૃત વૃત્તિ - સાનુવાદ.

૧૨. **સ્તવોપનિષદ્** - શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ તથા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય કૃત અદ્ભુત સ્તુતિઓના રહસ્ય -સાનુવાદ.

૧૩. **સત્ત્વોપનિષદ્** - **યોગસાર** ચતુર્થપ્રકાશવૃત્તિ - સાનુવાદ. (માત્ર સંયમી ભગવંતો માટે)

૧૪. **દેવધર્મોપનિષદ્** - મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત **દેવધર્મપરીક્ષા** ગ્રંથની ગુર્જર ટીકા.

૧૫. **પરમોપનિષદ્** - મહોપાધ્યાય શ્રીયશોવિજયજી આદિ કૃત પાંચ પરમકૃતિઓ પર ગુર્જરવૃત્તિ,

| | |
|---|---|
| ૧૬. **આર્ષોપનિષદ્-૧**<br>૧૭. **આર્ષોપનિષદ્-૨** | શ્રી પ્રત્યેકબુદ્ધપ્રણીત **ઋષિભાષિત** **(ઈસિભાસિયાઈ) આગમસૂત્ર** પર સંસ્કૃત ટીકા. |
| ૧૮. **વૈરાગ્યોપનિષદ્** | શ્રી હરિહરોપાધ્યાયકૃત **ભર્તૃહરિનિર્વેદ** નાટક-ભાવાનુવાદ. |
| ૧૯. **સૂક્તોપનિષદ્**- | પરદર્શનીય અદ્ભુત સૂક્તોનો સમુચ્ચય તથા રહસ્યાનુવાદ. |
| ૨૦. **કર્મોપનિષદ્**- | સિદ્ધાન્તમહોદધિ શ્રી પ્રેમસૂરીશ્વરજી કૃત **કર્મસિદ્ધિ** ગ્રંથ પર ભાવાનુવાદ. |
| ૨૧. **વિશેષોપનિષદ્**- | શ્રી સમયસુંદર ઉપાધ્યાયજી કૃત વિશેષ-શતક ગ્રંથ પર ગુર્જર ભાવાનુવાદ. |
| ૨૨. **હિંસોપનિષદ્**- | શ્રી હરિભદ્રસૂરિકૃત સ્વોપજ્ઞ અવચૂરિ અલંકૃત **હિંસાષ્ટક** ગ્રંથ પર ગુર્જર ટીકા. |
| ૨૩. **અહિંસોપનિષદ્**- | અજ્ઞાતકર્તૃક (પ્રવાદતઃ શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કૃત) **નાનાચિત્તપ્રકરણ** પર સંસ્કૃત ટીકા-સાનુવાદ. |
| ૨૪. **ધર્મોપનિષદ્**- | વેદથી માંડીને બાઈબલ સુધીના ધર્મશાસ્ત્રોના રહસ્ય. |
| ૨૫. **શમોપનિષદ્**- | નવનિર્મિત **સપ્તક પ્રકરણ** - સાનુવાદ. |
| ૨૬. **લોકોપનિષદ્**- | શ્રી હરિભદ્રસૂરિકૃત **લોકતત્ત્વનિર્ણય** ગ્રંથ પર સંસ્કૃત વૃત્તિ (ભાગ-૧). |
| ૨૭. **આત્મોપનિષદ્**- | શ્રી ઉદયનાચાર્યકૃત **આત્મતત્ત્વવિવેક** ગ્રંથ પર ગુર્જર ટીકા (ભાગ-૧). |
| ૨૮. **સામ્યોપનિષદ્**- | મહો. શ્રી યશોવિજયજી કૃત **સમાધિ - સામ્યદ્વાત્રિંશિકા** સચિત્ર સાનુવાદ. |
| ૨૯. **આગમોપનિષદ્**- | **વિસંવાદપ્રકરણ** (આગમપ્રતિપક્ષનિરાકરણ) પર વિશદ વિવરણ. |

૩૦. **સ્તોત્રોપનિષદ્**- શ્રી વજ્રસ્વામિકૃત શ્રી **ગૌતમસ્વામીસ્તોત્ર** -સચિત્ર સાનુવાદ.

૩૧.⎫ **દર્શનોપનિષદ્**- શ્રી માધવાચાર્યકૃત **સર્વદર્શનસંગ્રહ** ગ્રંથ
૩૨.⎭ પર ગુર્જર ટીકા. ભાગ : ૧-૨

૩૩-૩૪-૩૫. **રામાયણના તેજ કિરણો** - રામાયણી માટે પર્યાપ્ત આલંબન. ભાગ-૧-૨-૩.

૩૬. **જ્ઞાનોપનિષદ્**- **અષ્ટાવક્ર ગીતા** પર સંસ્કૃત વૃત્તિ.

૩૭.⎫ **સંબોધોપનિષદ્** સટીક શ્રી રત્નશેખરસૂરિકૃત **સંબોધસપ્તતિ**
૩૮.⎭ ગ્રંથ પર ગુર્જરવૃત્તિ. ભાગ : ૧-૨

૩૯. **ઈષ્ટોપનિષદ્**- શ્રી પૂજ્યપાદસ્વામિકૃત **ઈષ્ટોપદેશ** ગ્રંથ પર સંસ્કૃત ટીકા-સાનુવાદ.

૪૦.⎫ **વિમોહોપનિષદ્**- શ્રી યશપાલમંત્રીકૃત **મોહરાજપરાજય**
૪૧.⎭ નાટક પર વિષમપદ વ્યાખ્યા અને અનુવાદ. ભાગ : ૧-૨

૪૨. **શ્રામણ્યોપનિષદ્**- દશવિધ યતિધર્મ પર નવનિર્મિત પ્રકરણ (બીજું નામ શ્રમણશતક).

૪૩. **સફળતાનું સરનામું** - સફળતાની ઈચ્છુક વ્યક્તિએ વાંચવા યોગ્ય ગુર્જર ગ્રંથ.

૪૪. **પ્રસન્નતાની પરબ** - વક્તા-શ્રોતા બન્નેને ઉપયોગી વૈરાગ્યાદિ રસઝરણા.

૪૫. **સૂત્રોપનિષદ્**- **શ્રીસૂત્રકૃતાંગસૂત્ર** દ્વિતીય શ્રુતસ્કંધની સંસ્કૃત સંગ્રહણી. શ્રી સૂત્રકૃતાંગદીપિકા ભાગ-૨ ના પુનઃસંપાદન સાથે.

૪૬. **પ્રવ્રજ્યોપનિષદ્**- અજ્ઞાતકર્તૃક **પ્રવ્રજ્યાવિધાન** પર ગુર્જર વૃત્તિ.

| | | |
|---|---|---|
| ૪૭. | **દેશનોપનિષદ્** - | વૈરાગ્યદેશનાદક્ષ પૂ. ગુરુદેવશ્રીના વાચનાઓનું સંસ્કૃત કાવ્યમય અવતરણ. |
| ૪૮. | **જીરાવલા જુહારીએ** - ગીત ગુંજન. | |
| ૪૯. | **અસ્પર્શોપનિષદ્** - | મહોપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત **અસ્પૃશદ્ગતિવાદ** પર ગુર્જર વૃત્તિ. |
| ૫૦. | **હિતોપનિષદ્** - | **અધ્યાત્મકલ્પદ્રુમ**ના યતિશિક્ષોપદેશાધિકાર તથા **યતિશિક્ષા-પંચાશિકા** પર ગુર્જર વાર્ત્તિક+સાનુવાદ સાવચૂરિ **યતિવિચાર**. |
| ૫૧. | **ઉપદેશોપનિષદ્** - | **ઉપદેશરત્નકોષ** પર સંસ્કૃતવૃત્તિ-સાનુવાદ. |
| ૫૨. | **પ્રાર્થનોપનિષદ્** - | અલંકારિક સ્તુતિઓ પર તાત્પર્યવૃત્તિ-સાનુવાદ. |
| ૫૩. | **સદ્બોધોપનિષદ્** - | **સદ્બોધચન્દ્રોદય** પંચાશિકા પર સંસ્કૃત સાનુવાદ વાર્ત્તિક. |
| ૫૪. ૫૫. | **અંગોપનિષદ્** - | અદ્યાવધિ અમુદ્રિત ગ્રંથ શ્રી **અંગચૂલિકાસૂત્ર** પર સંસ્કૃત વૃત્તિ ભાગ-૧-૨ |
| ૫૬. | **વર્ગોપનિષદ્** - | અદ્યાવધિ અમુદ્રિત ગ્રંથ શ્રી **વર્ગચૂલિકાસૂત્ર** પર સંસ્કૃત વૃત્તિ. |
| ૫૭. | **આગમની આછી ઝલક** ૪૫ આગમ સંક્ષિપ્ત પરિચય | |
| ૫૮. | **જૈનં જયતિ શાસનમ્** - | બુદ્ધિજીવીઓને અવિશ્વસનીય જૈન સિદ્ધાન્તોની આધુનિક પ્રસંગો દ્વારા સિદ્ધિ. |
| ૫૯. | **આઈ આઈ રે અંજનશલાકા** - | અંજનશલાકા-સ્ટેજ પ્રોગ્રામ માટે આલંબન. |
| ૬૦. | **પંચકોપનિષદ્** - | શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કૃત **જ્ઞાનપંચક-વિવરણ** ગ્રંથ પર નૂતન સંસ્કૃત વૃત્તિ. |

૬૧. **અવધૂતોપનિષદ્** - શ્રી દત્તાત્રેય અવધૂત પ્રણીત **અવધૂતગીતા**ની મનનીય સૂક્તિઓ પર નૂતન સંસ્કૃત વૃત્તિ.

૬૨. **દુઃષમોપનિષદ્** - **દુઃષમગંડિકા** ગ્રંથ પર વિશદ વૃત્તિ, સાનુવાદ

૬૩. **પ્રથમોપનિષદ્** - રત્નાકર પચ્ચીશી-પ્રાચીન ટીકા આદિ વિશિષ્ટ કૃતિઓનું પ્રથમ પ્રકાશન.

૬૪. **અર્હન્નામસહસ્રસમુચ્ચય** - કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યરચિત કૃતિ-સચિત્ર સંપાદન.

૬૫. ઉપાસનોપનિષદ્ - પૂ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કૃત **ધૂમાવલિ** + **સર્વજિનસાધારણસ્તવન** આ બે વિશિષ્ટ કૃતિઓ-સચિત્ર સાનુવાદ.

૬૬. **સુખોપનિષદ્** - **પરમસુખ**પ્રાપ્તિરૂપ ચિત્તશુદ્ધિફળ, સચિત્ર-સાનુવાદ.

૬૭. દયોપનિષદ્ - **જીવદયા પ્રકરણ** પર નૂતન સંસ્કૃત વૃત્તિ-સાનુવાદ

૬૮. **શંખેશ્વર સ્તોત્ર** - મહો. યશોવિજયજી મહારાજાની કૃતિ, સચિત્ર-સાનુવાદ.

૬૯. દાનાદિ પ્રકરણ - શ્રી સૂરાચાર્યકૃત પ્રકરણ, ત્રુટિતકાવ્યપૂર્તિ + અનુવાદ સહ.

૭૦. ધ્યાનોપનિષદ્ - પ.પૂ. આચાર્ય શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી લિખિત **ધ્યાન અને જીવન** પુસ્તકનો સંસ્કૃત તાત્પર્યાનુવાદ.

૭૧. **પંચસૂત્રોપનિષદ્** - પ.પૂ. આચાર્ય શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી લિખિત **ઉચ્ચ પ્રકાશના પંથે** પુસ્તકનો સંસ્કૃત તાત્પર્યાનુવાદ.

૭૨. **પૂર્ણોપનિષદ્** - મહો. યશોવિજયજી મહારાજા કૃત **જ્ઞાનસાર** અંતર્ગત પૂર્ણાષ્ટક સચિત્ર - સાનુવાદ.

| | |
|---|---|
| ૭૩. **મગ્નોપનિષદ્-** | મહો. યશોવિજયજી મહારાજા કૃત **જ્ઞાનસાર** અંતર્ગત મગ્નાષ્ટક સચિત્ર - સાનુવાદ. |
| ૭૪. **ગૌતમાષ્ટક-** | પૂર્વાચાર્યકૃત મહાપ્રભાવક કૃતિ સચિત્ર - સાનુવાદ. |
| ૭૫. **વીરોપનિષદ્-** | શ્રીભદ્રબાહુસ્વામીકૃત **કલ્પસૂત્ર** અંતર્ગત પ્રભુ વીરનું સ્વરૂપ સચિત્ર - સાનુવાદ. |
| ૭૬. **આચારોપનિષદ્-** | દશ સામાચારી વિષયક નવનિર્મિત સંસ્કૃત પ્રકરણ - સાનુવાદ. |
| **૭૭ થી ૧૨૫- આનંદઘનની આત્માનુભૂતિ** | અલગારી અવધૂત શ્રી આનંદઘનજી મહારાજ પ્રણીત આધ્યાત્મિક પદ આધારિત પરિશીલન શૃંખલા (સચિત્ર). |

## सचित्र हिन्दी प्रकाशन

- **स्टोरी स्टोरी -** **मोहक एवं बोधक कहानीओ का अनोखा संग्रह ।**
- **डायमंड डायरी -** **जिस के प्रत्येक पेज पर है अद्भुत हीरे।**
- **लाइफ स्टायल -** **जीवन जीने की... जीतने की कला की प्रस्तुति ।**
- **एन्जोय जैनीझम -** **जैन... प्रसन्नता का पथ ।**